દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 122 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 May 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨૪ મે ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતના પ્રથમ અને દેશના સૌથી લાંબા એડવેન્ચર ફેસ્ટની શરૂઆત

## મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે ૪૫ દિવસ ચાલનારા ધરોઈ એડવેન્ચર ફેસ્ટનું ઉદ્‌ઘાટન કર્યું




(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના વડાલી નજીક આવેલા પ્રસિદ્ધ ધરોઈ ડેમમાં શુક્રવારે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌપ્રથમ તથા દેશના સૌથી લાંબા ધરોઈ એડવેન્ચર ફેસ્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમણે એડવેન્ચર સ્થળની મુલાકાત લીધી હતી અને બોટ રાઈડનો આનંદ માણ્યો હતો.

આ ફેસ્ટમાં સાહસિક પ્રવૃત્તિઓના શોખીનો માટે વિવિધ એડવેન્ચર પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ એડવેન્ચર ફેસ્ટ ૪૫ દિવસ સુધી ચાલશે. એડવેન્ચર ફેસ્ટમાં જમીન,પાણી તેમજ આકાશમાં રોમાંચક અનુભવો સાથે ૧૦થી વધુ પ્રવૃત્તિઓ જોવા મળશે. કુદરતી સૌંદર્ય વચ્ચે પર્યટકો આહલાદક વાતાવરણનો અનુભવ મેળવી શકશે. ધરોઇમાં એડવેન્ચર ફેસ્ટનું આયોજન કરવામાં આવતા આસપાસના લોકોને રોજગારીની તક વધશે. શુદ્ધ પાણી, ગ્રેનાઇટની ટેકરીઓ અને સુંદર ટાપુઓના સમૂહથી સમૃદ્ધ ધરોઈ ડેમને ગુજરાત જ નહીં પરંતુ, સમગ્ર ભારતમાં વૈશ્વિક કક્ષાના સાહસિક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા ગુજરાત ટુરિઝમ અને એડવેન્ચર ટૂર ઓપરેટર્સ એસોસિયેશન ઓફ ઇન્ડિયા દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે.

'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ' વિશે વિગતો આપતાં પ્રવાસન પ્રધાન મુળુ બેરાએ જણાવ્યું હતું કે, આ ફેસ્ટમાં પાણીમાં પાવર બોટ અને પેરાસેઇલિંગ જેવી પ્રવૃત્તિઓ જોવા મળશે. તેમજ હવાઈ પ્રવૃત્તિમાં પેરામોટરિંગ તેમજ જમીન પર રોપ ક્લાઈમ્બિંગ અને બોલ્ડરિંગ, ટ્રેકિંગ અને હાઈકિંગ ટ્રેલ્સ, માઉન્ટેન બાઈકિંગ, સાઈક્લિંગ, કેમ્પિંગ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રવાસીઓના ઉત્તમ રહેઠાણ માટે અતિઆધુનિક એસી ટેન્ટ સિટી બનાવવામાં આવ્યા છે. તેમજ અલગ-અલગ પ્રકાર અને બજેટ પ્રમાણે ટેન્ટ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં દરબારી ટેન્ટ, પ્રીમિયમ ટેન્ટ, ડિલક્સ ટેન્ટ સહિતના કુલ ૨૧ ટેન્ટ અને અંદાજિત ૧૦૦થી વધુ બેડની એસી ડોર્મિટરી તૈયાર કરવામાં આવી છે. જમવા માટે આધુનિક ડાઈનિંગ હોલની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ એડવેન્ચર ફેસ્ટમાં તાત્કાલિક આરોગ્ય સુવિધાઓ, સર્ટિફાઇડ રાઈડ, આગ સામે સુરક્ષાનાં પગલાં વગેરે વિવિધ સુરક્ષા સંબંધિત બાબતોને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગુજરાત સરકારે

(જુઓ પાનું ૨) ▶▶




# ઈશાન ભારત બન્યું અસાધારણ વિકાસનું સાક્ષીઃ પીએમ મોદી

નવી દિલ્હીઃ ઈશાન ભારત અસાધારણ વિકાસ અને પ્રગતિનું સાક્ષી બન્યું છે એમ જણાવતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે સરકાર વિકાસને વધુ ગતિશીલ બનાવવા દૃઢનિશ્ચયી છે.

અહીં યોજાયેલી 'રાઈઝિંગ નોર્થ ઈસ્ટ ઈન્વેસ્ટર્સ સમિટ'ને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે વિવિધતા એ ઈશાન ભારતની સૌથી મોટી તાકાત છે અને આ પ્રદેશ વિકાસના અગ્રણી તરીકે ઊભરી રહ્યો છે. બે દિવસના કાર્યક્રમના ઉદ્‌ઘાટનમાં આ વિસ્તારના રાજ્યના મુખ્ય પ્રધાનો, કેન્દ્રીય પ્રધાનો, વહીવટી અમલદારો અને રાજદ્વારીઓએ હાજરી આપી હતી. ભારતના

(જુઓ પાનું ૨) ▶▶




**સંબોધનઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે દિલ્હીમાં યોજાયેલી 'રાઈઝિંગ નોર્થઈસ્ટ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૨૫'ને સંબોધન કર્યું હતું. (એજન્સી)

# આરબીઆઇ સરકારને ₹ ૨.૬૯ લાખ કરોડનું વિક્રમી ડિવિડન્ડ આપશે

મુંબઇઃ રિઝર્વ બૅન્કે શુક્રવારે આ વર્ષે માર્ચમાં પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે સરકારને રૂ. ૨.૬૯ લાખ કરોડના વિક્રમી ડિવિડન્ડ ચુકવવાની જાહેરાત કરી છે, જે ૨૦૨૩-૨૪માં ચૂકવવામાં આવેલા ડિવિડન્ડની ચુકવણી સામે ૨૭.૪ ટકા વધુ છે.

આ રકમ સરકારને અમેરિકન ટૅરિફને કારણે ઊભા થયેલા પડકારો તેમ જ પાકિસ્તાન સાથે થયેલી લશ્કરી અથડામણને કારણે વધેલા ખર્ચને પહોંચી વળવામાં મદદરૂપ બનશે. રિઝર્વ બૅન્કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે સરકારને રૂ. ૨.૧ લાખ કરોડ ડિવિડન્ડ ટ્રાન્સફર કર્યું હતું, જ્યારે ૨૦૨૨-૨૩ માટે આ ચુકવણી રૂ. ૮૭,૪૧૬ કરોડની હતી.

નવનિયુક્ત ગવર્નર સંજય મલ્હોત્રાના અધ્યક્ષપદ હેઠળ ભારતીય રિઝર્વ બૅન્કના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૬૧૬મી બેઠકમાં ડિવિડન્ડ ચુકવણી અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બોર્ડે ઉક્ત બેઠકમાં વૈશ્વિક અને સ્થાનિક આર્થિક પરિદૃશ્યની સમીક્ષા કરી

(જુઓ પાનું ૨) ▶▶

# પાકને ફરીથી 'ગ્રે લિસ્ટ' માં મૂકવા માટે ભારત એફએટીએફ સમક્ષ મજબૂત કેસ રજૂ કરશે

નવી દિલ્હીઃ મની લોન્ડરિંગ અને આતંકવાદી ભંડોળ વિરોધી નિયમોનું પાલન કરવામાં નિષ્ફળતા બદલ પાકિસ્તાનને 'ગ્રે લિસ્ટ' માં પાછું લાવવા માટે ભારત એફએટીએફ સમક્ષ મજબૂત કેસ રજૂ કરશે, એમ એક સરકારી સૂત્રએ જણાવ્યું હતું.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ભારત પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં મૂકવા માટે ફાઇનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (એફએટીએફ) સમક્ષ કેસ રજૂ કરશે ત્યારે તેમણે જણાવ્યું હતું કે 'અમે આ મુદ્દો (એફએટીએફ સમક્ષ) ઉઠાવીશું,' .

૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે.

ભારતનાં મતે પાકિસ્તાન તેના પ્રદેશમાંથી ફેલાતા આતંકવાદ પર કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગયું છે અને બહુપક્ષીય એજન્સીઓ પાસેથી ભંડોળ હથિયારો અને દારૂગોળો ખરીદવા માટે વાપરી રહ્યું છે.

જે દેશો મની લોન્ડરિંગ, આતંકવાદી ધિરાણ અને પ્રસાર ધિરાણનો સામનો કરવા માટે તેમના શાસનમાં વ્યૂહાત્મક ખામીઓને દૂર કરવામાં નિષ્ફળ જાય છે અને વધુ દેખરેખ હેઠળ છે, તેમને એફએટીએફનાં ગ્રે લિસ્ટમાં મૂકવામાં આવે છે.

જ્યારે એફએટીએફ વધુ દેખરેખ હેઠળ

(જુઓ પાનું ૨) ▶▶



એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સત્યપાલ મલિક સામે કાર્યવાહીમાં આટલો વિલંબ કેમ ?

**એક** સમયે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સામે સનસનાટીભર્યા આક્ષેપો કરનારા જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિક ભ્રષ્ટાચારના કેસમાં ફસાયા છે. સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ જમ્મુ અને કાશ્મીરના કિરુ હાઇડ્રોપાવર પ્રોજેક્ટમાં ૨,૨૦૦ કરોડ રૂપિયાના ભ્રષ્ટાચાર બદલ સત્યપાલ મલિક સહિત છ લોકો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. મલિક ઓગસ્ટ ૨૦૧૮થી ઓક્ટોબર ૨૦૧૯ સુધી જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ હતા. એ વખતે તેમનો ભારે દબદબો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના માનીતા સત્યપાલ મલિકનો પડ્યો બોલ ઝિલાતો ને હવે એ જ મલિક ભ્રષ્ટાચારના કેસમાં કેન્દ્રીય એજન્સીની ઝપટે ચડી ગયા છે.

કિરુ હાઇડ્રોપાવર પ્રોજેક્ટ લગભગ ૪,૭૦૦ કરોડ રૂપિયાનો હતો ને તેમાં લગભગ ૨,૨૦૦ કરોડ રૂપિયાનો ગોટાળો થયો હોવાનો સીબીઆઈનો આરોપ છે. સીબીઆઈના આરોપનામા પ્રમાણે, સિવિલ વર્ક્સ કોન્ટ્રાક્ટ્સ આપવામાં મોટા પાયે ભ્રષ્ટાચાર કરાયેલો. એ વખતે જમ્મુ અને કાશ્મીરમાં રાષ્ટ્રપતિશાસન હતું ને રાજ્યપાલ તરીકે સત્યપાલ મલિક સર્વેસર્વા હતા. તેનો લાભ લઈને મલિકે બેફામ ભ્રષ્ટાચાર કર્યો હોવાનો સીબીઆઈનો દાવો છે.

રસપ્રદ વાત એ છે કે, આ પ્રોજેક્ટમાં મોટા પાયે ભ્રષ્ટાચાર કરાયો હોવાનો આક્ષેપ સૌથી પહેલાં સત્યપાલ મલિકે જ કર્યો હતો અને પોતે ભ્રષ્ટાચાર થયો હોવાના કારણે બે પ્રોજેક્ટ રદ કર્યા હતા. સત્યપાલ મલિકે ૧૭ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ રાજસ્થાનના ઝુનઝુનુમાં એક કાર્યક્રમમાં ધડાકો કરેલો કે પોતે જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ હતા ત્યારે કિરુ હાઇડ્રોપાવર પ્રોજેક્ટમાં ઘાલમેલ બદલ તેમને ૩૦૦ કરોડ રૂપિયાની લાંચની ઓફર કરવામાં આવી હતી પણ તેમણે લાંચ લેવાનો ઇનકાર કરી દીધો હતો.

મલિકના દાવા પ્રમાણે, જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ હોવાથી મંજૂરી માટે તેમની પાસે બે ફાઇલો આવી હતી. આ પૈકી એક ફાઈલ મોટા ઉદ્યોગપતિની અને બીજી ફાઈલ મહેબૂબા મુફ્તી અને ભાજપની મોરચા સરકારના મંત્રીની હતી. એક ફાઈલના ૧૫૦ કરોડ રૂપિયા લેખે બંને ફાઇલો માટે કુલ ૩૦૦ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી હતી. મલિકે દાવો કરેલો કે, તેમના સેક્રેટરીએ તેમને કૌભાંડ થયું હોવાની માહિતી આપી પછી તેમણે બંને સોદા રદ કર્યા હતા.

મલિકના દાવાના પગલે જમ્મુ અને કાશ્મીર સરકારે સીબીઆઈને તપાસ સોંપી હતી. સીબીઆઈએ એપ્રિલ ૨૦૨૨માં બે એફઆઈઆર નોંધી હતી. પહેલી એફઆઈઆર ૨૦૧૭-૧૮માં જમ્મુ અને કાશ્મીર કર્મચારી આરોગ્ય સંભાળ વીમા યોજનાનો કોન્ટ્રાક્ટ આપવા માટે એક વીમા કંપની પાસેથી ૬૦ કરોડ રૂપિયા લાંચ લેવા એંગે હતી. મલિક રાજ્યપાલ બન્યા એ પહેલાં જમ્મુ અને કાશ્મીર કર્મચારી આરોગ્ય સંભાળ વીમા યોજનાનો કોન્ટ્રાક્ટ અપાયેલો પણ મલિકનું નામ તેમાં આવેલું.

બીજી એફઆઈઆર ૨૦૧૯માં એક ખાનગી કંપનીને કિરુ હાઇડ્રોપાવર પ્રોજેક્ટના સિવિલ વર્ક માટે ૨,૨૦૦ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપવામાં ભ્રષ્ટાચારને લગતી હતી. સીબીઆઈ આ બંને કેસોની તપાસ કરી રહી હતી ને આ કેસના સંદર્ભમાં સીબીઆઈએ ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સત્યપાલ મલિકના દિલ્હી તથા અન્ય ૨૯ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા. સીબીઆઈના દરોડા પછી, મલિકે હુંકાર કરેલો કે સીબીઆઈએ મારા ઘરે દરોડા પાડ્યા પણ જે લોકો સામે મેં ભ્રષ્ટાચારની ફરિયાદ કરી હતી તેમની સામે તપાસ કરવામાં આવી નથી.

આ દરોડા પછી સીબીઆઈએ હવે ચાર્જશીટ દાખલ કરી છે તેથી સત્યપાલ મલિકને ગમે ત્યારે ઉઠાવીને જેલમાં નાખી શકાય. અલબત્ત ચાર્જશીટ દાખલ થયા પછી, સત્યપાલ મલિકે સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને દાવો કર્યો કે, પોતાની બંને કિડની કામ કરતી નથી તેથી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોતે કોઈની સાથે વાત કરવાની સ્થિતિમાં પણ નથી. મલિકના કહેવા પ્રમાણે, તેમને શુભેચ્છકોના ફોન આવી રહ્યા છે પણ પોતે તેમનો જવાબ આપી શકતા નથી.

મલિકે પોતે હૉસ્પિટલના બિછાને પડ્યા હોય એનો ફોટો પણ મૂક્યો છે. મલિકની બીમારી જેન્યુઈન છે કે રાજકીય છે એ કહેવું મુશ્કેલ છે. રાજકારણીઓ જેલમાં જવાનું આવે ત્યારે બીમાર પડી જતા હોય છે ને હૉસ્પિટલમાં દાખલ થવાનો દાવ ખેલી નાખે છે કે જેથી કોર્ટમાંથી રાહત મેળવી શકાય. મલિક રીઢા રાજકારણી છે તેથી તેમણે પણ આ જૂનો દાવ ખેલ્યો હોય એ શક્યતા નકારી ના શકાય. અલબત્ત તેમની બીમારી જેન્યુઈન હોય, તેમની બંને કિડની કામ કરતી ના હોય એ વાત સાચી પણ હોઈ શકે.

સીબીઆઈ તેની તપાસ કરીને આગળ પગલાં ભરશે જ તેથી એ વાતની ચર્ચા કરવાનો મતલબ નથી પણ મલિક સામેના ચાર્જશીટે રાજકીય ચર્ચા ચોક્કસ જગાવી છે. સાથે સાથે સવાલ પણ ઊભો કર્યો છે કે, સીબીઆઈ ખરેખર ભ્રષ્ટાચારને નાબૂદ કરવા કામ કરે છે ખરી? કદાચ નથી કરતી કેમ કે મલિક સામે ચાર્જશીટ જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ તરીકે કરાયેલા ભ્રષ્ટાચાર માટે દાખલ થઈ છે પણ એ પછી મલિક બે રાજ્યોના રાજ્યપાલ રહ્યા. ભ્રષ્ટાચાર કર્યો હોવા છતાં ત્રણ વર્ષ સુધી રાજ્યપાલપદ ભોગવ્યું.

મલિક જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ તરીકે તો સવા વરસથી પણ ઓછા સમય માટે જ હતા. મલિક ૨૩ ઓગસ્ટ ૨૦૧૮થી ૩૦ ઓક્ટોબર ૨૦૧૯ દરમિયાન એટલે કે લગભગ ૧૪ મહિના માટે કાશ્મીરના રાજ્યપાલ હતા. એ દરમિયાન મહેબૂબા મુફતી સરકારને ઘરભેગી કરીને જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ભંગ કરવાનો નિર્ણય તેમણે લીધો હતો. કલમ ૩૭૦ નાબૂદ કરાઈ ત્યારે પણ મલિક જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ હતા.

મલિકને ૨૦૧૯ના ઓક્ટોબરમાં કાશ્મીરથી ગોવા મોકલાયા કેમ કે જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ બની જતાં રાજ્યપાલનો હોદ્દો નાબૂદ કરીને લેફ્ટનન્ટ ગવર્નરની નિમણૂક કરાઈ હતી. મલિક ત્રીજી નવેમ્બર ૨૦૧૯થી ૧૮ ઓગસ્ટ ૨૦૨૦ સુધી ગોવાના રાજ્યપાલ હતા અને ૧૮ ઓગસ્ટ ૨૦૨૦થી ત્રીજી ઓક્ટોબર ૨૦૨૨ સુધી મેઘાલયના રાજ્યપાલ હતા. ૨૦૨૨માં ખેડૂત આંદોલન મુદ્દે તેમણે મોદી સરકાર વિરોધી નિવેદનો ફટકારવા માંડ્યા તેમાં તેમનું રાજકીય પતન થયું, બાકી આ કહેવાતા ભ્રષ્ટાચારના ત્રણ વર્ષ પછી પણ સત્તામાં હતા જ. મલિકની વિદાય પછી લેફ્ટનન્ટ ગવર્નર તરીકે આવેલા ગિરિશચંદ્ર મૂર્મુ અને પછી આવેલા મનોજ સિંહાને મલિકના કહેવાતા ભ્રષ્ટાચારની ખબર ના પડી હોય એ શક્ય નથી.

આ કહેવાતા ભ્રષ્ટાચારની એફઆઈઆર પણ મલિકે કાશ્મીરના રાજ્યપાલપદેથી વિદાયના ૩ વર્ષ પછી મોદીવિરોધી નિવેદનો આપ્યાં પછી નોંધાઈ. ચાર્જશીટ પણ હવે છેક છ વર્ષ પછી દાખલ કરાઈ છે એ જોતાં મલિક ૨,૨૦૦ કરોડ રૂપિયાના જંગી કૌભાંડમાં સામેલ હોય તો પણ તેમને કશું થાય એવી શક્યતા ઓછી છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ,
શનિવાર, તા. ૨૪–૫–૨૦૨૫,
શનિ પ્રદોષ, વટસાવિત્રી વ્રતારંભ.

- ભારતીય દિનાંક ૩, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, વૈશાખ વદ –૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ વદ–૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૭મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર રેવતી બપોરે ક. ૧૩–૪૭ સુધી, પછી અશ્વિની
- ચંદ્ર મીનમાં બપોરે ક. ૧૩–૪૭ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૬, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ą
- ભરતીઃ સવારે ક. ૦૯–૪૭, રાત્રે ક. ૨૧–૨૮
- ઓટઃ બપોરે ક. ૧૫–૩૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૫૩ (તા. ૨૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, • ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – દ્વાદશી. શનિ પ્રદોષ, વટસાવિત્રી વ્રતારંભ, પંચક સમાપ્તિ બપોરે ક. ૧૩–૪૭. શુભાશુભ દ્નિશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત મુહૂર્ત, વાસ્તુકળશ, પુષાદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, ક્ષેત્રપાલ દેવતાનું પૂજન, શનિ–બુધ ગ્રહદેવતાનું પૂજન, જાપ, હવન, પ્રદોષ વ્રત ઉપવાસ, રાત્રિ જાગરણ, શિવ રુદ્રાભિષેક પૂજા, શિવભક્તિ, નામ, સંકીર્તન, ભજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પરદેશગમનનું પસ્તાનું, વિદ્યારંભ, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, પ્રથમ વાહન, વાસણ, નિત્ય થતાં દુકાન–વેપાર, સ્થાવર લેવડદેવડના કામકાજ, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, પશુ લે–વેંચ. • આચમનઃ બુધ–હર્ષલ યુતિ સમજશક્તિવાળા • ખગોળ જ્યોતિષઃ બુધ–હર્ષલ યુતિ (તા. ૨૫). • ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ, મંગળ–કર્ક, બુધ– વૃષભ, ગુરુ–મિથુન, શુક્ર–મીન, શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ એનાયત કર્યા છ કીર્તિચક્ર અને ૩૩ શૌર્યચક્ર

નવી દિલ્હીઃ ફરજ દરમિયાન દાખવેલા અસાધારણ શૌર્ય અને હિંમત બદલ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સેનાના તેમ જ જમ્મુ-કાશ્મીર પોલીસના અધિકારીઓને શુક્રવારે મરણોત્તર સહિત છ કીર્તિચક્ર અને ૩૩ શૌર્યચક્રથી નવાજ્યા હતા.

કીર્તિચક્ર શાંતિ સમય માટેનો ભારતનો બીજા ક્રમાંકનો સૌથી મોટો શૌર્ય ખિતાબ છે.

શીખ લાઈટ ઈન્ફન્ટ્રીના કર્નલ મનપ્રિતસિંહ, રાષ્ટ્રીય રાઈફલ્સના અન્ય બે અધિકારી અને જમ્મુ-કાશ્મીર પોલીસ અધિકારીને મરણોત્તર કીર્તિચક્ર એનાયત કરવામાં આવ્યા હોવાનું સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી એવૉર્ડની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

સંરક્ષણ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન મુજબ સેનાના સુપ્રીમ કમાન્ડર લેખાતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ૩૩ શૌર્યચક્ર પણ એનાયત કર્યા હતા. શૌર્યચક્ર જેમને એનાયત કરવામાં આવ્યા હતા તેમાં સેનાના સાત અધિકારીઓને મરણોત્તર સહિત સીઆરપીએફના જવાનો અને રાજ્ય તેમ જ કેન્દ્રશાસિત પ્રદેશના પોલીસ અધિકારીનો સમાવેશ થાય છે.

મરાઠા લાઈટ ઈન્ફન્ટ્રી, ૫૬ રાષ્ટ્રીય રાઈફલ્સના મેજર માલા રામા ગોપાલા નાયડુ અને પંજાબ રેજિમેન્ટ, બાવીસ રાષ્ટ્રીય રાઈફલ્સના મેજર મનજિતે કીર્તિચક્ર મેળવ્યા હતા. જમ્મુ-કાશ્મીર લાઈટ ઈન્ફન્ટ્રી, ૬૩ રાષ્ટ્રીય રાઈફલ્સના રાઈફલમેન રવીકુમાર, શીખ લાઈટ ઈન્ફન્ટ્રી, ૧૯ રાષ્ટ્રીય રાઈફલ્સના કર્નલ મનપ્રિતસિંહ, રેજિમેન્ટ ઑફ આર્ટિલરી, ૨૮ રાષ્ટ્રીય રાઈફલ્સના નાઈક દિલાવર ખાન, જમ્મુ-કાશ્મીર પોલીસના ડીએસપી હિમાયુ મઝ્ઝામિલ ભાટને શાંતિ સમય માટેના ભારતના બીજા ક્રમાંકના સૌથી મોટા શૌર્ય ખિતાબ કીર્તિચક્રથી નવાજવામાં આવ્યા હતા.

જીવલેણ પરિસ્થિતિ વચ્ચે અંધારી રાતે ઍરક્રાફ્ટનું સુરક્ષિત રીતે ઉતરાણ કરાવી અનેક લોકોના જીવ બચાવનાર સ્કવોડ્રોન લીડર દીપકકુમાર (ફ્લાઈંગ પાઈલટ)ને રાષ્ટ્રપતિએ શૌર્યચક્રથી નવાજ્યા હતા.

મે ૨૦૨૪માં કરવામાં આવેલા આતંકવાદી હુમલા દરમિયાન ગંભીર ઈજા છતાં લોહી નીતરતી હાલતમાં અસાધારણ ધીરજ અને સાવધાની દર્શાવી ટીમના સભ્યોના જીવ બચાવવા બદલ ઈન્ડિયન ઍરફોર્સના કોર્પોરલ દાભી સંજય હિફાભાઈને શૌર્યચક્રથી નવાજવામાં આવ્યા હતા.

જ્વલનશીલ સામગ્રી લઈને જઈ રહેલા ઓઈલ ટેન્કર એમવી માર્લિન લૂઆન્ડા પર લાગેલી આગ દરમિયાન વિપરીત પરિસ્થિતિમાં પણ જરા પણ વિચલિત થયા વિના વળતી લડત આપવાના અને લોકોનાં મૂલ્યવાન જીવન બચાવી લેવા દાખવેલા અસાધારણ ધૈર્ય અને દૃઢનિશ્ચય બદલ લેફ્ટનન્ટ કેડરના કપિલ યાદવ, આસિસ્ટન્ટ એન્જિનિયર ઑફિસર, આઈએનએસ વિશાખપટનમ, કમાન્ડિંગ ઑફિસર આઈએનએસ કોલકાતા કોમેડોરે શરદ સિનસૂનવાલને પણ શૌર્યચક્રથી નવાજવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ ભવને ત્યાર બાદ આ સમારોહની તસવીરો સોશ્યલ મીડિયા પરની તેમની સાઈટ પર પણ મૂકી હતી. (એજન્સી) ■

# યુપીમાં પાક માટે જાસૂસીના આરોપસર બેની ધરપકડ

લખનઊ : ઉત્તર પ્રદેશમાં આતંકવાદ વિરોધી ટુકડી (એટીએસ) એ ગેરકાયદેસર વિઝા સુવિધા, સંવેદનશીલ રાષ્ટ્રીય સુરક્ષા માહિતી શેર કરવા અને પાકિસ્તાન સાથે શંકાસ્પદ સંબંધો ધરાવતા ઉગ્રવાદી વિચારધારાઓને પ્રોત્સાહન આપવાના આરોપસર બે વ્યક્તિની ધરપકડ કરી છે, એમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે પ્રથમ કેસમાં એટીએસે ગુરુવારે નોઈડાથી દિલ્હીના સીલમપુરના ભંગારના વેપારી મોહમ્મદ હારૂન (૪૫) ની ધરપકડ કરી હતી.

હારૂન દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનમાં કર્મચારી મુઝમ્મલ હુસૈન સાથે મળીને પૈસાના બદલામાં ગેરકાયદેસર રીતે પાકિસ્તાની વિઝા મેળવવાનો પ્રયાસ કરતો હોવાનું કહેવાય છે, જ્યારે ભારતના રાષ્ટ્રીય હિત માટે હાનિકારક ગણાતી સંવેદનશીલ માહિતી પણ પ્રસારિત કરતો હોવાનું કહેવાય છે.

હારૂન મુઝમ્મલ હુસૈન સાથે નિયમિત સંપર્કમાં હોવાનું કહેવાય છે. તપાસ સૂચવે છે કે પાકિસ્તાનમાં હારૂનના કૌટુંબિક સંબંધોએ છે. હારૂને પાકિસ્તાની વિઝા આપવાના બહાને અનેક વ્યક્તિઓ પાસેથી પૈસા એકઠા કરવા માટે હુસૈન સાથે કામ કર્યું હોવાનો આરોપ છે. આ ભંડોળ પછી વિવિધ બેંક ખાતાઓમાં જમા કરવામાં આવતું હતું, એમ નિવેદનમાં જણાવાયું છે.

બદલામાં, હારૂને કમિશન મેળવ્યું હોવાનું કહેવાય છે અને હુસૈન વતી ચોક્કસ વ્યક્તિઓ અથવા સ્થળોએ રોકડ પહોંચાડી હતી.

વારાણસીના આદમપુર ખાતે સમાંતર કાર્યવાહીમાં એટીએસે ગુરુવારે જૈતપુરાના રહેવાસી મક્સૂદ આલમના પુત્ર તુફૈલ તરીકે ઓળખાતા અન્ય એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી હતી.

એટીએસ અનુસાર તુફૈલ પર ‘‘રાષ્ટ્રવિરોધી’’ વોટ્સએપ જૂથોમાં જોડાઈને અને પાકિસ્તાની સંસ્થાઓ દ્વારા સમર્થિત વિધ્વંસક સંગઠન બનાવીને ભારતની સાર્વભૌમત્વ અને એકતાને નબળી પાડવાનો પ્રયાસ કરવાની શંકા છે.

તેના પર પાકિસ્તાની સંપર્કો સાથે સંવેદનશીલ માહિતી શેર કરવાનો પણ આરોપ છે. ‘‘તુફૈલ અનેક પાકિસ્તાની વ્યક્તિઓના સંપર્કમાં હોવાનું કહેવાય છે અને પ્રતિબંધિત પાકિસ્તાની આતંકવાદી જૂથ તહરીક-એ-લબ્બૈકના નેતા મૌલાના શાદ રિઝવીના વીડિયો સક્રિય રીતે શેર કરી રહ્યો હતો,’’ નિવેદનમાં જણાવાયું છે.

‘‘તેણે ‘ગઝવા-એ-હિંદ’ને પ્રોત્સાહન આપતી સામગ્રીનો પણ પ્રસાર કર્યો હતો, બાબરી મસ્જિદ ઘટનાનો બદલો લેવાની હાકલ કરી હતી અને ભારતમાં શરિયા કાયદો લાદવાની હિમાયત કરી હતી,’’ તેમાં ઉમેર્યું હતું.

એટીએસે જણાવ્યું હતું કે તુફૈલે કથિત રીતે રાજઘાટ, નમોઘાટ, જ્ઞાનવાપી મસ્જિદ, વારાણસી રેલવે સ્ટેશન, જામા મસ્જિદ, લાલ કિલ્લો અને નિઝામુદ્દીન સહિતના સ્થળોના ફોટોગ્રાફ્સ અને વિગતો પાકિસ્તાની ફોન નંબરો સાથે શેર કરી હતી.

એટીએસના સૂત્રો અનુસાર, તુફૈલ ૬૦૦થી વધુ પાકિસ્તાની નંબરો સાથે સંપર્કમાં હતો, જેમાં ફૈસલાબાદની નફીસા નામની એક મહિલાનો પણ સમાવેશ થાય છે, જેનો પતિ પાકિસ્તાની આર્મી ઓફિસર હોવાનું કહેવાય છે.

લખનઊના એટીએસ પોલીસ સ્ટેશનમાં બંને આરોપીઓ સામે અલગ અલગ એફઆઈઆર નોંધવામાં આવી છે. ■

# ટ્રમ્પની નવી ધમકી : ઈયુ પર ૫૦ ટકા અને એપલ પર ૨૫ ટકા ટૅરિફ નાખીશ

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે શુક્રવારે ધમકી આપી હતી કે તે યુરોપિયન યુનિયનની બધી આયાત પર ૫૦ ટકા વેરો અને એપલ અમેરિકામાં આઈફોન નહીં બનાવે તો એપલના પ્રોડક્ટ પર ૨૫ ટકા ટૅરિફ લગાડશે. સોશિયલ મીડિયા પર આપેલી આ ધમકી વૈશ્વિક અર્થતંત્રને ખોરવી નાખવાની ટ્રમ્પની ક્ષમતા તેમ જ મતદાતાને આપેલા વચન પ્રમાણે અમેરિકામાં ઉત્પાદન ચાલુ કરવાની એક પણ ટ્રેડ ડીલ ન કરવાની વાસ્તવિકતાનું પ્રતિબિંબ પાડે છે.

ટ્રમ્પે કહ્યું હતું કે હું અમારા ભૌગોલિક-રાજકીય શત્રુ ચીન કરતાં પણ વધારે ટૅરિફ અમેરિકન સાથીદાર ઈયુ પર લાદીશ. વૉશિંગ્ટન અને બીજિંગ વાતચીત કરી શકે એ માટે અમેરિકાએ ચીન પરના ટૅરિફ ઘટાડીને ૩૦ ટકા કર્યા હતા.

ઈયુ સાથેની મંત્રણામાં કોઈ પ્રગતિ ન થતાં ટ્રમ્પ ક્રોધે ભરાયા છે. ઈયુએ દરખાસ્ત મૂકી છે કે અમેરિકા અને ઈયુ શૂન્ય ટૅરિફ રાખે, પરંતુ અમેરિકા મોટા ભાગની આયાત પર ૧૦ ટકાનો બેઝલાઈન ટૅરિફ લગાડવા મક્કમ છે. (એજન્સી) ■

# વિશ્વ બૅંક પાકિસ્તાનને ભંડોળ આપે એનો ભારત વિરોધ કરશે

નવી દિલ્હી : પાકિસ્તાન ભંડોળનો ઉપયોગ હથિયાર અને દારૂગોળો ખરીદવા કરે છે એવી દલીલ કરીને ભારત આવતા મહિને પાકિસ્તાનને વિશ્વ બૅન્ક ફંડ આપે એવા પ્રસ્તાવનો વિરોધ કરશે, એવી માહિતી સરકારી સૂત્રોએ આપી હતી. ભારતે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) પાકિસ્તાનને ફંડ આપે એનો વિરોધ કર્યો હતો.

સૂત્રોએ કહ્યું હતું કે બહુદેશીય એજન્સી વિકાસશીલ દેશોને ફંડ ગરીબીનિર્મુલન અને વિકાસ કરવા આપે છે, પરંતુ પાકિસ્તાનનો જૂનો રેકોર્ડ એ છે કે આ દેશ ભંડોળનો લશ્કરી ઉપયોગ માટે દુરુપયોગ કર્યો છે.

વિશ્વ બૅંક જાન્યુઆરીમાં નક્કી કરેલા દેશના ભાગીદારીના માળખા હેઠળ પાકિસ્તાનને ૨૦ અબજ અમેરિકન ડૉલરની લોન આપવી કે નહીં એની આવતા મહિને સમીક્ષા કરશે.

નાણાભીડ અનુભવી રહેલા પાકિસ્તાનને ૨૦૨૬થી શરૂ થતી દસ વર્ષની મુદત માટે સ્વચ્છ ઊર્જા અને જલવાયુ અનુકૂલનના હેતુસર ફંડ આપવાનો પ્રસ્તાવ છે. સૂત્રોએ કહ્યું હતું કે ભારત વિશ્વ બૅંકની સહાયનો વિરોધ કરશે. ભારતે આઈએમએફનાં વડાં ક્રિસ્ટાલિના જીઓરગીવ અને આઈએમએફના બોર્ડ મેમ્બરના મિનિસ્ટર આગળ પાકિસ્તાનને ૨.૩ અબજ ડૉલરની સહાય ન કરવાનું લોબિંગ કર્યું હતું. આતંકવાદી ઘોષિત લોકોની અંતિમવિધિમાં પાકિસ્તાનના લશ્કરી અધિકારીઓ હાજર રહે છે એવા પુરાવા અને છેલ્લા બે દાયકામાં ઈસ્લામાબાદે ભંડોળનો હથિયારો ખરીદવામાં દુરુપયોગ કર્યો હતો એનો ડેટા નવી દિલ્હીએ રજૂ કર્યો હતો. સૂત્રોએ કહ્યું હતું કે નાણાપ્રધાન નિર્મલા સીતારમણે આઈએમએફનાં વડાં અને બોર્ડ મેમ્બરના પ્રધાનો સાથે વાત કરી હતી. ભારતના રાજદૂતાલયના અધિકારીઓએ અમેરિકા જેવા શક્તિશાળી દેશો સમક્ષ પોતાનો કેસ રજૂ કર્યો હતો. જોકે એજન્ડા સભ્યોને આપવામાં આવ્યો હોવાથી આ ફંડ રોકી શકાયું નહોતું અને સભ્યદેશના મતદાન પર તેનો મદાર આવ્યો હતો. જોકે ભારતના પ્રયાસોને લીધે આઈએમએફએ પાકિસ્તાન પર ૧૧ કડક શરતો લાદી હતી. નકારાત્મક મતદાનનો વિકલ્પ ન હોવાથી ભારતે મતદાનમાં ભાગ લીધો નહોતો.

સૂત્રોએ કહ્યું હતું કે ભારત કોઈ વિકાસશીલ દેશને ફંડ મળે એનો વિરોધ કરતું નથી. જોકે ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદે તંગદિલી છે અને યુદ્ધ જેવી સ્થિતિ ઊભી થઈ છે ત્યારે ભંડોળ આપવાનું ઉચિત નહોતું.

પાકિસ્તાન તેના બજેટના ૧૮ ટકા ભાગ સંરક્ષણ બાબત અને સેવા પાછળ ખર્ચે છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતના પ્રથમ

૨૦૨૩ના બજેટમાં ધરોઈમાં ટેન્ટ સિટી બનાવવાની જાહેરાત કરી હતી. કચ્છના રણમાં ધોરડો અને ધોળાવીરાના ટેન્ટ સિટી તથા સ્ટેચ્યૂ ઓફ યુનિટી પાસેના ટેન્ટ સીટીને સારો પ્રતિસાદ મળ્યો છે. ધરોઈ ડેમને પ્રવાસી આકર્ષણ તરીકે લોકપ્રિય બનાવવા માટે આ એડવેન્ચર ફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ડેમ મહેસાણા જિલ્લાના ધરોઈ નજીક સાબરમતી નદી પર બાંધવામાં આવ્યો છે. ડેમનું બાંધકામ ૧૯૭૧ માં શરૂ થયું હતું અને ૧૯૭૮ માં તેનું ઉદ્‌ઘાટન થયું હતું. તેની કુલ જળ સંગ્રહ ક્ષમતા ૯૦૭.૮૮ મિલિયન ક્યુબિક મીટર છે. ગુજરાત સરકાર ધરોઈ ડેમ અને તેની આસપાસના વિસ્તારને વિશ્વ કક્ષાના પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે કામ કરે છે. ધરોઈ ડેમ ઉત્તર ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વેગ આપવા માટે પણ એક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બનશે. ■

### પાકને ફરીથી

અધિકારક્ષેત્ર મૂકે છે, ત્યારે તેનો અર્થ એ થાય કે દેશે સંમત સમયમર્યાદામાં ઓળખાયેલી વ્યૂહાત્મક ખામીઓને ઝડપથી ઉકેલવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે અને વધુ દેખરેખને પાત્ર છે.

નિર્ણય લેતી સંસ્થા, એફએટીએફ પૂર્ણાંક, વર્ષમાં ત્રણ વખત મળે છે - ફેબ્રુઆરી, જૂન અને ઓક્ટોબરમાં.

૨૦૧૮ માં, પાકિસ્તાનને એફએટીએફનાં ગ્રે લિસ્ટમાં મૂકવામાં આવ્યું હતું અને તેણે મની લોન્ડરિંગ અને આતંકવાદી ધિરાણને રોકવા માટે દેશ માટે એક કાર્ય યોજના આપી હતી. ત્યારબાદ, ૨૦૨૨ માં, એફએટીએફ એ પાકિસ્તાનને યાદીમાંથી દૂર કર્યું હતું.

ભારતે આ મહિનાની શરૂઆતમાં પાકિસ્તાનને આઇએમએફના બેલઆઉટ પેકેજનો હપ્તો આપવાનો વિરોધ કર્યો હતો. ■

### આરબીઆઈ

હતી, જેમાં ભવિષ્ય માટે જોખમોનો પણ સમાવેશ થાય છે, એમ આરબીઆઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

બોર્ડે એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ દરમિયાન રિઝર્વ બૅન્કની કાર્યપદ્ધતિની પણ ચર્ચા કરી હતી અને વર્ષ ૨૦૨૪-૨૫ માટે રિઝર્વ બૅન્કના વાર્ષિક અહેવાલ અને ફાઇનાન્શિયલ સ્ટેટમેન્ટને મંજૂરી આપી હતી.

આરબીઆઈએ જણાવ્યું હતું કે, વર્ષ (૨૦૨૪-૨૫) માટે ટ્રાન્સફરેબલ સરપ્લસ ૧૫ મે, ૨૦૨૫ના રોજ યોજાયેલી તેની બેઠકમાં સેન્ટ્રલ બોર્ડ દ્વારા મંજૂર કરાયેલા સુધારિત ઇકોનોમિક કેપિટલ ફ્રેમવર્ક (ઇસીએફ)ના આધારે નક્કી કરવામાં આવ્યું છે.

બોર્ડે હિસાબી વર્ષ ૨૦૨૪-૨૫ માટે કેન્દ્ર સરકારને સરપ્લસ તરીકે રૂ. ૨,૬૮,૫૯૦.૦૭ કરોડ ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી હોવાનું આરબીઆઇએ જણાવ્યું હતું.

સુધારિત માળખામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે કન્ટિજન્ટ રિસ્ક બફર (સીઆરબી) હેઠળ જોખમ જોગવાઈ (રિસ્ક પ્રોવિઝનીંગ) આરબીઆઇની બેલેન્સ શીટના ૭.૫૦ ટકાથી ૪.૫૦ ટકાની રેન્જમાં જાળવી રાખવામાં આવશે.

આરબીઆઈએ જણાવ્યું હતું કે, સુધારિત ઇસીએફને આધારે અને મેક્રોઇકોનોમિક મૂલ્યાંકનને ધ્યાનમાં લેતા, સેન્ટ્રલ બોર્ડે ઇસીએફને વધુ વધારીને ૭.૫૦ ટકા કરવાનો નિર્ણય લીધો હતો. ■

### ઈશાન ભારત

ટોચના ઉદ્યોગપતિ મૂકેશ અંબાણી, ગૌતમ અદાણી, અનિલ અગ્રવાલ વગેરે પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

મોદીએ ઈસ્ટની વ્યાખ્યા આ રીતે કરી હતી. ઈસ્ટ એટલે એમ્પાવરમેન્ટ, ઍક્ટ, સ્ટ્રેન્થ અને ટ્રાન્સફોર્મ.

એક સમય હતો જ્યારો નોર્થઈસ્ટને ફ્રન્ટિયર તરીકે ઓળખવામાં આવતું હતું, પરંતુ હવે તે ફ્રન્ટરનર તરીકે ઓળખાય છે, એમ મોદીએ કહ્યું હતું.

પહેલા બૉમ્બ, ગન, રોકેટ એ જ નોર્થઈસ્ટની ઓળખ હતી અને આ બાબતે સ્થાનિક યુવાનો પાસેથી અનેક તક ઝૂંટવી લીધી હતી, પરંતુ હવે છેલ્લા એક દાયકામાં ૧૦,૦૦૦ કરતાં પણ વધુ યુવાનોએ હિંસા છોડી દીધી છે.

આતંકવાદ હોય કે નક્સલવાદ અમારી સરકાર ઝીરો ટોલરન્સ નીતિનું અનુસરણ કરે છે, એમ મોદીએ કહ્યું હતું.

ઈશાન ભારતને લૅન્ડ ઑફ ઓપર્ચ્યુનિટી તરીકે હાઈલાઈટ કરવા, વૈશ્વિક તેમ જ સ્થાનિક રોકાણકારોને આકર્ષવા અને સ્ટેકહોલ્ડર, ઈન્વેસ્ટર તેમ જ પોલિસીમેકરોને એક પ્લેટફોર્મ પર લાવવા આ સમિટનું આયોજન કરવામાં આવ્યું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

આ સમિટમાં મિનિસ્ટ્રિયલ સેશન, બિઝનેસ-ટૂ-ગવર્નમેન્ટ સેશન, બિઝનેસ ટૂ બિઝનેસ મીટિંગ, ઈન્વેસ્ટમેન્ટને પ્રોત્સાહન આપવા રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા સંબંધિત પગલાં અને સ્ટાર્ટઅપ્સ ઍન્ડ એક્ઝિબિશન ઑફ પોલિસીનો સમાવેશ થતો હોવાનું તેમણે કહ્યું હતું.

આ સમિટમાં ઈન્વેસ્ટ માટે પ્રોત્સાહન આપવા જે મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું તેમાં ટૂરિઝમ ઍન્ડ હૉસ્પિટાલિટી, એગ્રો ફૂડ પ્રોસેસિંગ-તેને સંબંધિત ક્ષેત્ર, ટેક્સટાઈલ, હેન્ડલૂમ, હેન્ડીક્રાફ્ટ, હેલ્થકેર, એજ્યૂકેશન, સ્કીલ ડેવલપમેન્ટ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને તે સંબંધિત સેવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઍન્ડ લોજિસ્ટીક્સ, એનર્જી, એન્ટરટેઈનમેન્ટ અને સ્પોર્ટ્સનો સમાવેશ થતો હતો. (એજન્સી) ■



Deepak Somaiya



Deepak Somaiya

# તુર્કી પાસેથી વિમાન લીઝ પર લેવાનો શિવસેનાનો વિરોધ

## ૧૦ દિવસમાં સોદો રદ કરવાની ચેતવણી આપી

મુંબઈ: એકનાથ શિંદેની શિવસેનાએ શુક્રવારે છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર તુર્કી વિરુદ્ધ જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઇન્ડિગો એરલાઇન્સ દ્વારા તુર્કી પાસેથી લીઝ પર લેવામાં આવેલા બે વિમાન અને સાથે તુર્કીના કર્મચારીઓના મુદ્દે આ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શિંદે જૂથના કાર્યકરોએ ભારતમાં તુર્કીના કર્મચારીઓની હાજરીને દેશની સુરક્ષા માટે જોખમી ગણાવી છે. શિવસેના (શિંદે) પાર્ટીના પ્રતિનિધિમંડળે ઇન્ડિગો એરલાઇન્સના અધિકારીઓને મળીને એક આવેદનપત્ર સુપરત કર્યું હતું. પાર્ટીએ ઇન્ડિગો એરલાઇન્સને ચેતવણી પણ આપી હતી કે જો ૧૦ દિવસની અંદર આ સોદો રદ કરવામાં નહીં આવે તો રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરવામાં આવશે. કોઈપણ સ્તરે લડવા માટે પક્ષ તૈયાર છે કારણ કે આ મુદ્દો રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંબંધિત છે એવી રજુઆત પણ કરવામાં આવી હતી.

તુર્કીએ ભારત-પાકિસ્તાન અણબનાવમાં પાકિસ્તાનને જાહેરમાં ટેકો આપ્યો હતો. પાકિસ્તાન તરફથી તુર્કી દ્વારા બનાવવામાં આવેલા ડ્રોન દ્વારા ભારત પર હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે ભારતીયોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને લોકો તુર્કીના માલનો બહિષ્કાર કરી રહ્યા છે. પહલગામમાં આતંકવાદીઓએ પ્રવાસીઓ પર હુમલો કર્યા બાદ આ પરિસ્થિતિ નિર્માણ થઈ હતી.

દેશભરમાં તુર્કીના સામાન સામે નારાજગી જોવા મળી રહી છે અને એનો બહિષ્કાર થઈ રહ્યો છે. ટ્રાવેલ એજન્સીઓ તુર્કી માટે અગાઉથી બુક કરાવેલ તમામ એડવાન્સ બુકિંગ પણ રદ કરી રહી છે. ભારતીય પ્રવાસીઓ તુર્કીને બદલે અન્ય દેશની પસંદગી કરી રહ્યા છે. ઇન્ડિગો ઇસ્તંબુલની સીધી ફ્લાઇટ્સનું સંચાલન કરી રહી છે, જેમાં તુર્કીશ એરલાઇન્સ પાસેથી બે બોઇંગ ૭૭૭ એરક્રાફ્ટ લીઝ પર લેવામાં આવ્યા છે. આ મામલે ઈન્ડિગો એરલાઈન્સ તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા નથી આપવામાં આવી. ■






Deepak Somaiya

# સાંગલીમાં એમબીબીએસ સ્ટૂડન્ટ પર સામૂહિક બળાત્કાર: બે ક્લાસમેટ સહિત ત્રણ પકડાયા

મુંબઈ: સાંગલી જિલ્લામાં એમબીબીએસની ત્રીજા વર્ષની સ્ટૂડન્ટને ઘેનયુક્ત પીણું પીવડાવ્યા બાદ બે ક્લાસમેટ સહિત ત્રણ જણે તેના પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો.

પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને ત્રણેય જણની ધરપકડ કરી હતી, જેઓ પુણે, સોલાપુર અને સાંગલીના વતની છે. ત્રણેય જણને કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેમને ૨૭ મે સુધી પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

૨૨ વર્ષની મેડિકલ સ્ટૂડન્ટ અને આરોપીઓએ ૧૮ મેની રાતે થિયેટરમાં ફિલ્મ જોવા જવાનું નક્કી કર્યું હતું. જોકે એ અગાઉ આરોપીઓ તેને થોડા સમય માટે એક ફ્લેટમાં લઇ ગયા હતા.

આરોપીઓએ ત્યાં દારૂ પીધો હતો અને પીડિતાને ઘેનયુક્ત પીણું આપ્યું હતું, જે પીધા બાદ તેને ચક્કર આવવા લાગ્યા હતા. ૨૦થી ૨૨ વર્ષની વયના ત્રણેય આરોપીઓએ બાદમાં પીડિતા સાથે દુષ્કર્મ આચર્યું હતું અને આ ઘટનાની કોઇને જાણ કરતાં ગંભીર પરિણામ ભોગવવાની તેને ધમકી આપી હતી. મૂળ કર્ણાટકના બેલગાવીની વતની પીડિતાએ બાદમાં પરિવારજનોને તમામ હકીકત જણાવી હતી. (પીટીઆઇ)■



Deepak Somaiya

# માનખુર્દમાં અનધિકૃત દુકાનો અને હોટલો પર બુલડોઝર ફરી વળ્યું

મુંબઈ: છેલ્લા કેટલાક વર્ષોમાં સાયન-પનવેલ હાઇવે પર માનખુર્દ વિસ્તારમાં મોટી સંખ્યામાં દુકાનો, હોટલો અને ગોદામો ગેરકાયદેસર રીતે બનાવવામાં છે. શુક્રવારે જાહેર બાંધકામ વિભાગે એક કાર્યવાહી દરમિયાન અહીંના અનેક અનધિકૃત બાંધકામો તોડી પાડ્યા હતા.

છેલ્લા કેટલાક વર્ષોમાં જમીન માફિયાઓએ માનખુર્દમાં ચિલ્ડ્રન્સ એઇડ સોસાયટી અને જાહેર બાંધકામ વિભાગની ૨૫ એકરથી વધુ જમીન પર કબજો કર્યો છે. હાલમાં આ સાઇટ પર અનધિકૃત દુકાનો, બાર, લગ્ન હોલ અને ગેરેજ કાર્યરત છે. અનેક ફરિયાદો છતાં સરકાર દ્વારા આ સંદર્ભે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. બાદમાં જાહેર બાંધકામ વિભાગે તેની નોંધ લઇ કાર્યવાહી શરૂ કરી હતી. શુક્રવારે સવારે નવ વાગ્યાની આસપાસ માનખુર્દ રેલવે સ્ટેશન વિસ્તારમાં ૫૦થી વધુ અનધિકૃત દુકાનો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ■

# કલામંદિર જ્વેલર્સ બોરીવલીએ નોંધપાત્ર સફળતાના એક વર્ષની ઉજવણી કરી

મુંબઈ: કલામંદિર જ્વેલર્સે તેના બોરીવલીના શોરૂમની પ્રથમ વર્ષગાંઠ ઉજવી હતી. આ વર્ષ ભવ્યતા, શ્રેષ્ઠતા અને તેના ગ્રાહકોના અતૂટ વિશ્વાસ દ્વારા વ્યાખ્યાયિત થાય છે. ૨૩મે, ૨૦૨૪ના રોજ ખૂલ્યા પછી આ શોરૂમ મુંબઈના જીવંત લેન્ડ સ્કેપમાં સ્થાન પામ્યો અને સમાજને સેવા આપી રહ્યો છે.



માત્ર ૧૨ મહિનામાં બોરીવલી સ્ટોર એક આશાસ્પદ નવા સ્થળમાંથી ઘરે ઘરે પહોંચી ગયેલું નામ બન્યો છે, ઉત્કૃષ્ટ સંગ્રહ, સુવિધાઓ, વ્યક્તિગત સેવા અને અસાધારણ કારીગરીથી ગ્રાહકોના હૃદય જીતવામાં સફળ રહ્યો છે. કલામંદિર જ્વેલર્સના ડિરેક્ટર મિલન શાહે કહ્યું હતું કે, અમારા માટે આ સીમાચિહ્ન અત્યંત વિશેષ છે. બોરીવલીના લોકોએ ખુલ્લા હૃદયે અમારું સ્વાગત કર્યું છે અને આ ઉજવણી હૃદયના ઊંડાણથી કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને અજોડ મૂલ્ય દ્વારા પાછા આપવાની અમારી રીત છે.

### યાદ રાખવા જેવી ઉજવણી

આ આનંદદાયક પ્રસંગને યાદ રાખવા માટે કલામંદિર બોરીવલી દ્વારા ૨૩મેથી લઈને ૧જૂન, ૨૦૨૫ સુધી ૧૦ દિવસ સુધી વર્ષગાંઠની ઉજવણી ચાલશે જેમાં ખરીદદારોને તેમના તમામ શ્રેષ્ઠ સંગ્રહો જેમ કે સોનું, હીરા, દુલ્હન માસ્ટરપીસ અને પોલકી જ્વેલરી પર મેકિંગ ચાર્જમાં ૧૦૦ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ અપાશે.

ઉજવણીમાં ઉમેરો કરીને સ્ટોર દ્વારા નેઈલ આર્ટ, ગ્લીટર ટેટૂ, મહેંદી, લાઈવ પરફ્યૂમબાર અને સ્વાદિષ્ટ વાનગી જેવા વિવિધ અનુભવો ઓફર કરશે, જે સ્ટોરની મુલાકાતને યાદગાર બનાવશે. આ વર્ષગાંઠ ઉજવણી કરતાં કશું વિશેષ છે - તે વહેંચાયેલા સપના, વધતા સંબંધો અને આગળ રહેલા ઉજ્જવલ ભાવિનું વચન છે.

# અંધેરીથી દહીંસર સુધીનો મેટ્રો પ્રવાસ થશે મોંઘો

મુંબઈ: એમએમઆરડીએ એ મેટ્રો લાઇન-ટૂએ અને મેટ્રો-૭ માટે ભાડા નિર્ધારણ સમિતિ (એફએફસી) ની રચનાનો પ્રસ્તાવ મૂક્યો આ દરખાસ્તને મેટ્રો રેલ્વે (ઓપરેશન્સ અને મેન્ટેનન્સ) એક્ટ ૨૦૦૨ની કલમ ૩૩ અને ૩૪ હેઠળ વૈધાનિક પાલન માપદંડ તરીકે મંજૂરી આપવામાં આવી છે, જે કેન્દ્ર સરકાર દ્વારા મેટ્રો રેલ સેવાઓ માટે ભાડા માળખાની ભલામણ કરવા માટે આવી સમિતિની રચનાને ફરજિયાત બનાવે છે.

ભાડા નિર્ધારણ સમિતિ મેટ્રો કામગીરી માટે ભાડા માળખાની ભલામણ કરવા અને ભાડા શાસનમાં પારદર્શિતા અને કાનૂની દેખરેખને મજબૂત બનાવવા માટે જવાબદાર રહેશે. ભાડા નિર્ધારણ સમિતિની રચના એક જરૂરી શાસન પદ્ધતિ છે અને તે આપમેળે કોઈપણ ભાડા સુધારણા અથવા ગોઠવણને સૂચિત કરતી નથી, એમ પ્રકાશનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

મેટ્રો લાઇન-ટૂએ અને મેટ્રો-૭, જે બીજી એપ્રિલ, ૨૦૨૨ના રોજ કાર્યરત થઈ હતી અને શરૂઆતમાં ભાડા મેટ્રો રેલ્વે વહીવટીતંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યા હતા. હાલ મહા મેટ્રો દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે. મેટ્રો લાઇન-ટૂએ અને મેટ્રો-૭ હાલમાં દર અઠવાડિયે સરેરાશ ૨.૬૫ લાખ મુસાફરોનું વહન કરે છે. ■

# વરલીમાં શોરૂમમાં આગ: ફાયરબ્રિગેડનો જવાન જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મધ્ય મુંબઈના વરલીમાં શુક્રવારે વહેલી સવારે એક શોરૂમમાં આગ ફાટી નીકળી હતી. આગ બુઝાવવાની કામગીરી દરમ્યાન ફાયરબ્રિગેડનો જવાન જખમી થયો હતો અને તે સારવાર માટે નાયર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. વરલીમાં ડૉ.ઈ. મોસેસ રોડ પર ગાંધી નગરમાં ભારત બજારમાં માર્શલ શોરૂમ આવેલો છે. શુક્રવારે વહેલી સવારના ૪.૪૬ વાગે ગ્રાઉન્ડ પ્લસ એક માળના બાંધકામમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં ૯૦૦ સ્કવેર ફૂટના વિસ્તારમાં ફેલાયેલા શોરૂમમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ■



## સંસ્થા સમાચાર

### ગુરુમા સ્વાધ્યાયનો અમૃતકુંભ અને વિસામાના વડલા સમાન હતાંઃ ધીરગુરુદેવ

શ્રી સ્થાનકવાસી જૈન મોટા સંઘના ઉપક્રમે મહાવીર ભવન હોલ ખાતે ગોંડલ સંપ્રદાયના શાસનરત્ના આજીવન સંથારા ધારક વિદુષી પૂ. નર્મદાબાઈ મહાસતીજીની છઠ્ઠી પુણ્યતિથિએ સ્મૃતિ વંદના ગુણાંજલિ સભા પૂ. શ્રી ધીરગુરુદેવના આજ્ઞાનુવર્તી પ્રવર્તિની પૂ. વનિતાબાઈ મ. સ. આદિ સતી વૃંદની નિશ્રામાં યોજાયેલ. ખીલોસમાં જન્મેલા અને કાલાવડમાં દીક્ષિત ૯૫ વર્ષની વય અને ૬૮ વર્ષના દીક્ષાપર્યાયધારી રોજની હજારો ગાથાશ્લોકનો સ્વાધ્યાય કરનાર, કદી દીવાલનો ટેકો ન લેનારા પૂ. ગુરુમા સ્વાધ્યાયનો અમૃતકુંભ અને વિસામાના વડલા સમાન હતા. તેમ ધીરગુરુદેવે સંદેશામાં જણાવેલ. પૂ. વનિતાબાઇ મ. સ., પૂ. વીણાજી મ. સ., પૂ. સુનંદાજી મ. સ., પૂ. મુક્તિશીલાજી મ. સ. વગેરે એ ગુરુમાની ગુણગરિમાની ઝલક આપી હતી. જયશ્રી શાહે સ્મૃતિ વંદના અર્પણ કરેલ. પૂ. વનિતાબાઇ મ. સ. આદિ, પૂ. ઉષાવીણાજી મ. સ. આદિ, પૂ. કિરણબાઈ મ. સ., પૂ. પુનિતાજી મ. સ., પૂ. પ્રવિણાજી મ. સ. આદિ ઠાણા ના દર્શનાદિનો લાભ મળેલ.

# મુંબઈની ચોપાટી પર તુર્કીના રોબોટિક વોટર રેસ્ક્યુ મશીન બેસાડવા સામે વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની છ ચોપાટી પર તુર્કીની કંપનીના રોબોટિક વોટર રેસ્ક્યુ મશીન બેસાડવાનો મુંબઈ મહાનગરપાલિકાએ નિર્ણય લીધો છે, તેની સામે ચોતરફથી વિરોધ થઈ રહ્યો છે. ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ નિર્માણ થઈ હતી ત્યારે તુર્કીએ પાકિસ્તાનને મદદ કરી હોવાથી સમગ્ર ભારતમાં તે દેશ સામે બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે ત્યારે પાલિકાના આ નિર્ણયથી આશ્ચર્ય વ્યક્ત થઈ રહ્યું છે. જો પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ચોપાટી પર લાઈફગાર્ડ રોબોટિક વોટર રેસ્ક્યુ મશીન વેચાતા લેવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. ટેન્ડર પ્રક્રિયામાં તુર્કીની એક કંપની નિયમ મુજબ પાત્રતા ધરાવતી હોવાથી તેને કૉન્ટ્રેક્ટર આપવામાં આવ્યો હતો. જોકે ભાજપે આ નિર્ણય સામે વિરોધ દર્શાવ્યો છે અને પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને પત્ર લખીને આ નિર્ણય રદ કરવાની વિનંતી કરવામાં આવી છે. ભાજપે કમિશનરને લખેલા પત્રમાં લખ્યું છે કે તુર્કીસ્તાન સાથેના વેપાર પર દેશભરમાંથી બહિષ્કાર કરવામાં આવ્યો છે ત્યારે પાલિકાએ તુર્કીની કંપની પાસેથી આ મશીન લેવા યોગ્ય ગણાશે નહીં. પાલિકા કમિશનરે આ ટેન્ડર પ્રક્રિયા તેમ જ તે કંપનીને આપેલા વર્ક ઓર્ડર તાત્કાલિક રદ કરીને તુર્કીસ્તાન સાથે કોઈ પણ વ્યાપારના સંબંધ રાખવા નહીં. મુંબઈની ગિરગામ ચોપાટી, દાદર-શિવાજી પાર્ક, જૂહૂ, વર્સોવા, આક્સા અને ગોરાઈ ચોપાટીઓ આવેલી છે. આ છ ચોપાટી પર હાલ ૧૧૧ લાઈફગાર્ડ તહેનાત કરવામાં આવ્યા છે. ચોપાટી પર મોટી સંખ્યામાં પર્યટકો આવતા હોય છે. ભરતી દરમ્યાન અને ચોમાસામાં તથા ગણેશોત્સવમાં વિસર્જન સમયે દરિયામાં તણાઈ જવાના પ્રકારમાં વધારો નોંધાયો હતો.

છેલ્લા પાનાનું ચાલુ

## ફડણવીસ સરકારમાં

પ્રધાનમંડળથી દૂર રાખવામાં આવ્યા હતા અને આ અંગે તેમણે નારાજી પણ વ્યક્ત કરી હતી.

છગન ભુજબળ પર વિશ્વાસ વ્યક્ત કરતા મહાયુતિ સરકારે તેમને અન્ન અને નાગરી પુરવઠા વિભાગની જવાબદારી સોંપી છે. પહેલા આ વિભાગ ધનંજય મુંડે પાસે હતો. તેમના સ્થાને ભુજબળને મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. બીડમાં સરપંચની હત્યાના કેસમાં મુંડેના વિશ્વાસુની ધરપકડ બાદ તેમને રાજીનામું આપવું પડ્યું હતું.

છગન ભુજબળે શુક્રવારે અન્ન અને નાગરી પુરવઠા ખાતાની જવાબદારી મળ્યા બાદ કહ્યું હતું કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પહેલા વિસ્તરણ વખતે જ કેબિનેટમાં લેવા માગતા હતા. આ વખતે પણ તેમને પ્રધાનપદું મળ્યું તેમાં ફડણવીસનું મોટું યોગદાન હતું.

તેમણે કહ્યું હતું કે, 'મેં ૧૯૯૧ થી ઘણી વખત મંત્રી તરીકે શપથ લીધા છે અને ઘણા વિભાગો પણ સંભાળ્યા છે.' મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનો દ્વારા આપવામાં આવેલી કોઈપણ જવાબદારી હું નિભાવવા તૈયાર છું.

મહારાષ્ટ્ર કેબિનેટમાં અગ્રણી અન્ય પછાત વર્ગ (ઓબીસી) નેતા ભુજબળનો સમાવેશ કરવાનો નિર્ણય મહત્વપૂર્ણ છે કારણ કે કેન્દ્ર સરકારે આગામી રાષ્ટ્રીય વસ્તી ગણતરીમાં જાતિ ગણતરીનો સમાવેશ કરવાનો નિર્ણય લીધાના થોડા અઠવાડિયા પછી જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ વર્ષના અંતમાં મહારાષ્ટ્રમાં ૬૮૭ શહેરી અને ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી માટે સુપ્રીમ કોર્ટે માર્ગ મોકળો કર્યાના થોડા દિવસો બાદ આ નિર્ણય આવ્યો છે.

### પક્ષનું નેતૃત્વ ભુજબળથી નારાજ હતું

ગયા વર્ષે ડિસેમ્બરમાં રાજ્ય કેબિનેટમાંથી ભુજબળની હકાલપટ્ટીએ ઘણા લોકોનું ધ્યાન ખેંચ્યું હતું કારણ કે તેમણે જૂન ૨૦૨૩માં એનસીપીમાં અજિત પવારના બળવાને ટેકો આપ્યો હતો, જેના કારણે તેમના રાજકીય માર્ગદર્શક શરદ પવાર દ્વારા સ્થાપિત પક્ષમાં વિભાજન થયું હતું.

અજિતનું એનસીપી જૂથ ભાજપ-શિવસેના સરકારમાં જોડાયા પછી ભુજબળને પ્રધાન બનાવવામાં આવ્યા હતા. જોકે, ૨૦૨૪માં મહાયુતિ સત્તામાં આવ્યા પછી ભુજબળને એનસીપીના પ્રધાનોની યાદીમાં સામેલ કરવામાં આવ્યા ન હતા કારણ કે પક્ષનું નેતૃત્વ ઘણા કારણોસર તેમનાથી નારાજ હતું, જેમાં ગયા ઓક્ટોબરમાં તેમના પુત્ર પંકજને વિધાન પરિષદમાં નોમિનેટ કરવાનું દબાણ પણ સામેલ હતું.

## સલમાનના ઘરમાં

બિલ્ડિંગમાં અવરજવર કરનારાઓ પર નિયંત્રણ રાખવાની યોજના પોલીસ બનાવી રહી છે.

સલમાન ખાનને લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગ દ્વારા જાનથી મારવાની ધમકીઓ અનેક વાર મળી ચૂકી છે. ગયા વર્ષના એપ્રિલમાં તો બિશ્નોઈ ગૅન્ગના સભ્યોએ સલમાનના નિવાસસ્થાન બહાર ગોળીબાર પણ કર્યો હતો. પોલીસે પકડી પાડેલા ગૅન્ગસ્ટરોએ સલમાનની ફિલ્મનાં શૂટિંગનાં સ્થળો અને ફાર્મ હાઉસની રૅકી કર્યાની કબૂલાત કરી હતી. જાનના જોખમને ધ્યાનમાં રાખી અભિનેતાને પોલીસ દ્વારા વાય-પ્લસ સિક્યોરિટી પૂરી પાડવામાં આવી છે.

કડક સિક્યોરિટી છતાં સલમાનના ઘરમાં ઘૂસવાની બે ઘટના તાજેતરમાં બની હતી. મંગળવારની સવારે છત્તીસગઢના જિતેન્દ્રકુમાર સિંહ (૨૩) બિલ્ડિંગ નજીક આંટા મારતો હતો ત્યારે પોલીસે તેને સમજાવીને પાછો મોકલી આપ્યો હતો. જોકે સાંજે તે એક કારની આડશે બિલ્ડિંગમાં પ્રવેશતો ઝડપાઈ ગયો હતો. ત્યાર બાદ બુધવારની મધરાત બાદ ખારમાં રહેતી મૉડેલ ઈશા છાબરિયા બિલ્ડિંગમાં પ્રવેશી હતી. જુનિયર આર્ટિસ્ટ ઈશાએ સલમાન ખાને મળવા બોલાવી હોવાનો દાવો કર્યો હતો.

જોકે તે સમયે સલમાન ફ્લૅટમાં નહોતો. બાદમાં પોલીસે પૂછપરછ શરૂ કરતાં યુવતીએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે તેને તાબામાં લીધી હતી. આ યુવતી સલમાનના ઘર સુધી પહોંચી ગઈ હોવાની ઘટનાને પોલીસે ગંભીરતાથી લીધી હતી. પોલીસ બિલ્ડિંગમાં આવનારા અને બિલ્ડિંગ બહાર જનારા લોકોના નિયંત્રણની યોજના બનાવી રહી છે. બિલ્ડિંગની સુરક્ષાવ્યવસ્થામાં સુધારો લાવવાનું પોલીસ વિચારી રહી છે. પોલીસનું કહેવું છે કે એ ખાનગી બિલ્ડિંગ છે. પરિણામે બિલ્ડિંગમાં અવરજવર કરનારા દરેકની તપાસ કરવી પડકારજનક છે. સૂત્રોના જણાવ્યા મુજબ બિલ્ડિંગમાં આવનારી નવી વ્યક્તિની ઓળખની ખાતરી કર્યા પછી જ તેને બિલ્ડિંગમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. એ સિવાય સુરક્ષાને ધ્યાનમાં રાખી બીજા કયા ફેરફાર શક્ય છે તેની પણ સમીક્ષા કરવામાં આવશે.

## વૈષ્ણવી આત્મહત્યા કેસ

શહેર છોડીને ભાગી છૂટવાની તૈયારીમાં હતા, એમ પિંપરી-ચિંચવડના ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૨) વિશાલ ગાયકવાડે જણાવ્યું હતું.

રાજેન્દ્ર અને સુશિલને પકડવા માટે પોલીસની આઠ ટીમ તૈયાર કરવામાં આવી હતી. બંનેને પકડી પાડવામાં આવ્યા બાદ તેમને કોર્ટમાં હાજર કરાયા હતા.

રાજેન્દ્ર હગવણેની પુત્રવધૂ વૈષ્ણવી (૨૬)એ દહેજ માટે અપાતા ત્રાસથી કંટાળીને ૧૬ મેના રોજ પિંપરી-ચિંચવડ ખાતેના બાવધન વિસ્તારમાં આવેલા ઘરે ગળાફાંસો ખાધો હતો.

વૈષ્ણવીનાં માતા-પિતાએ આક્ષેપ કર્યો હતો કે તેમણે પુત્રીના લગ્ન સમયે હગવણે પરિવારને ૫૧ તોલા સોનું, ચાંદી અને એસયુવી આપી હતી, પરંતુ હગવણે પરિવાર વૈષ્ણવીની સતામણી ચાલુ રાખી હતી અને જમીન ખરીદવા વધુ બે કરોડ રૂપિયાની માગણી કરી હતી.

પોલીસે આ પ્રકરણે વૈષ્ણવીના પતિ શશાંક હગવણે, સાસુ લતા, સસરા રાજેન્દ્ર, દેરાણી કરિશ્મા અને દિયર સુશિલ સામે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા અને ઘરેલું હિંસા સંબંધી ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

પોલીસે વૈષ્ણવીના પતિ, સાસુ અને દેરાણીની ધરપકડ કરી હતી, જ્યારે સસરો રાજેન્દ્ર અને દિયર સુશિલ ફરાર હતા, જેમની શુક્રવારે ધરપકડ કરાઇ હતી. રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ગુરુવારે જણાવ્યું હતું કે આ કિસ્સો બહાર આવ્યા બાદ રાજેન્દ્ર અને તેના પુત્રને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે અને કસૂરવાર ગમે તે હોય તેની સામે કઠોર કાર્યવાહી થઇને જ રહેશે.

## રસ્તાના કામ પૂરા કરવા

નિર્દેશ પણ આપવામાં આવ્યો છે. મુંબઈના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશન પ્રોજેક્ટના ફેઝ-વન કુલ ૩૨૪ કિલોમીટર (૬૯૮) રસ્તાનું કૉંક્રીટાઈઝેશન કરવામાં આવ્યું છે, જ્યારે ફેઝ-ટુમાં ૩૭૭ કિ.મી (૧૪૧૦) રસ્તાનું કૉંક્રીટાઈઝેશન કરવામાં આવ્યું છે. એટલે કે ૭૦૧ કિલોમીટરના રસ્તાઓનું કામ પતી ગયું છે.

પાલિકાનો લક્ષ્યાંક ૩૧ મે,૨૦૨૫ સુધીમાં ફેઝ-વન ૭૫ ટકા અને ફેઝ-ટુમાં ૫૦ ટકા કામ પૂરું કરવાનો છે. અત્યાર સુધીમાં ફેઝ-વનમાં ૨૮૯ રસ્તાઓનું કામ પૂરું થઈ ગયું છેત્યારે ૨૮૫ રસ્તાઓના કામ ચાલી રહ્યા છે. ફેઝ-ટુમાં ૧૦૧ રસ્તાઓના કામ પૂરા થઈ ગયા છે અને બાકીના ૭૦૪ રસ્તાઓના કામ ચાલી રહ્યા છે. તો ફેઝ-વનમાં ૧૧૪ અને ફેઝ-ટુમાં ૬૧૪ રસ્તાના કામ હજી ચાલુ થયા નથી.

પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે જણાવ્યું હતું કે રસ્તાનું ફિનિશિંગનું કામ ચાલી રહ્યું છ અને એન્જિનિયરોને ગુણવત્તા સાથે સમાધાન નહીં કરવાની ચેતવણી આપવામાં આવી છે. રસ્તાઓને ટ્રાફિક માટે ખુલ્લા મુકવા પહેલા ઝાડ પાસેના ખાડાની સફાઈ, કાટમાળનો નિકાલ, રસ્તા ધોવા સહિત ફૂટપાથ અને કૅરેજ વેના કામ સમયસર પૂરા કરવા માટે વધારાની ટીમની મદદ લેવાનું કહેવામાં આવ્યું છે.

નોંધનીય છે કે તાજેતરમાં અભિજિત બાંગરે પાલિકા મુખ્યાલયમાં એન્જિનિયરો સાથે સમીક્ષા બેઠક કરી હતી, જેમાં કૉન્ટ્રેક્ટરો ૨૫ મે સુધીમાં ડામરનું કામ શરૂ કરવામાં અને રસ્તાઓને સુરક્ષિત રીતે ખુલ્લો મૂકવામાં નિષ્ફળ જાય તો મૂળ કૉન્ટ્રેક્રના જોખમે અને ખર્ચે બીજા કૉન્ટ્રેક્ટર પાસેથી ૩૧ મે પહેલા કામ પૂરું કરાવી લેવાની સૂચના આપી હતી. તેમ જ જે ખર્ચો થયો હોય તેનાથી બમણી દંડની રકમ મૂળ કૉન્ટ્રેક્ટર પાસેથી વસૂલ કરવાની સૂચના પણ આપી હતી.

## જેલમાંથી કોર્ટમાં

કમિશનર (ડીસીપી) દ્વારા પ્રાથમિક તપાસ કરવામાં આવી રહી છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. મળતી માહિતી અનુસાર ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૪ના અધિકારીઓએ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ આરોપી ઈમરાન ખાનની ૪૦ કિલો ગાંજા સાથે ધરપકડ કરી હતી. બાદમાં કોર્ટે તેને અદાલતી કસ્ટડી ફટકારી હતી. ત્યારથી ખાનને આર્થર રોડ જેલમાં રાખવામાં આવ્યો હતો.

કોર્ટની તારીખ વખતે તેને સેશન્સ કોર્ટમાં હાજર કરવામાં આવતો હતો. ફરિયાદ અનુસાર ૧૬ મે, ૨૦૨૫ની બપોરે દોઢ વાગ્યાની આસપાસ સુનાવણી દરમિયાન ઈમરાન ખાનને કોર્ટમાં હાજર કરાયો હતો. તેની સુરક્ષા માટે શસ્ત્રો સાથે પોલીસ તહેનાત કરાયા હતા.

સુનાવણી બાદ કોર્ટમાંથી ફરી જેલમાં લઈ જવાની જવાબદારી કોન્સ્ટેબલોની હતી. જોકે કોર્ટમાંથી બહાર નીકળી ખાન એક મિત્ર સાથે બાઈક પર આગ્રીપાડામાં આવેલી રાજકીય પક્ષના પદાધિકારીની ઑફિસે પહોંચ્યો હતો.

પદાધિકારીને કથિત ધમકી આપી તે ત્યાંથી રવાના થઈ ગયો હતો. આ પ્રકરણે પદાધિકારીએ આગ્રીપાડા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ કરી તે દિવસના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ રજૂ કર્યાં હતાં.

આ પ્રકરણે પોલીસે ફરિયાદને આધારે બિનદખલપાત્ર ગુનો (એનસી) નોંધ્યો હતો. જોકે પોલીસ સુક્ષા વચ્ચે કોર્ટમાં લવાયેલા આરોપીને છૂટો કઈ રીતે મુકાયો તેની તપાસ કરવામાં આવી રહી છે.

## અંધેરીથી બાન્દ્રા

ચશ્માં હૉટેલમાં જ ભૂલી ગયો હતો. અંધેરીથી બાન્દ્રા રિક્ષામાં પહોંચ્યા પછી ડ્રાઈવરે દોઢ હજાર રૂપિયાની માગણી કરી હતી. મીટર પ્રમાણે ભાડું ચૂકવવાની તૈયારી યુવાને દાખવી હતી, પરંતુ ડ્રાઈવરે દાદાગીની ભાષા વાપરવા માંડી હતી. યુવાને ૫૦૦ રૂપિયા આપતાં ડ્રાઈવરે તે લેવાની ચોખ્ખી ના પાડી દીધી.

યુવાન મુંબઈમાં હાલમાં જ રહેવા આવ્યો હોવાથી ડરના માર્યા તેણે વધુ રકઝક કરવાનું માંડી વાળ્યું હતું. ચશ્માં વિના મોબાઈલમાં આંકડા જોવામાં તકલીફ થતી હોવાથી યુવાને ગૂગલ-પેથી રૂપિયા ટ્રાન્સફર કરવા માટે વિશ્વાસે તેનો મોબાઈલ ડ્રાઈવરને આપી પાસવર્ડ પણ આપ્યો હતો. આ તકનો લાભ ઉઠાવી ડ્રાઈવરે ૯૦,૫૧૮ રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા.

ઘરે જઈને સૂઈ ગયેલા યુવાનને આ બાબતે તાત્કાલિક જાણ થઈ નહોતી. બીજી સવારે ખાતામાંથી નાણાં ટ્રાન્સફરનો મેસેજ મોબાઈલમાં જોયા પછી તપાસ કરી હતી. બૅન્કમાં તપાસ કરતાં પોલીસ ફરિયાદ કરવાનું અધિકારીએ સૂચવ્યું હતું. જોકે કામ નિમિત્તે ચંડીગઢ જવાનું જરૂરી હોવાથી ત્યાંથી પાછા ફર્યા પછી યુવાને પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## વધારાની ચાર મીટરની

સંચાલિત ફાયરબ્રિગેડે ૬૮ મીટર ઊંચાઈની ચાર સીડી ખરીદી માટે કૉન્ટ્રેક્ટ પ્રક્રિયા અમલમાં મૂકી છે.

ભાજપે પાલિકા કમિશનરને લખેલા પત્ર મુજબ ૬૮ મીટર ઊંચાઈની સીડી બનાવવામાં વિશ્વભરમાં મૅગ્રિયસ જીએમબીએચ એકમાત્ર કંપની છે. તેથી આ કંપનીની દુનિયાભરમાં દાદાગીરી ચાલે છે. તેથી સીડી ખરીદીમાં સ્પર્ધા થઈ જ નથી. ૬૮ મીટરથી વધુ ઊંચાઈના ટર્ન ટેબલ લૅડર માટે ૨૦૧૭-૧૮માં ત્રણ વખત ટેન્ડર કાઢવામાં આવ્યા હતા.

દરેક વખતે મૅગ્રિયસ કંપનીએ જ બોલી લગાવી હતી. તેથી પાલિકાએ ૬૪ મીટર ઊંચી સીડી બનાવતી કંપનીને ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવા માટે તક આપી હતી. આ દરમ્યાન થયેલી સ્પર્ધાત્મક પ્રક્રિયામાં ૧૦ કરોડ રૂપિયામાં ૬૪ મીટર ઊંચી સીડીની ખરીદી કરવામાં આવી હતી.

ભાજપે કરેલા આક્ષેપ મુજબ ફાયરબ્રિગેડે નવેસરથી બહાર પાડેલી ટ્રેન્ડર પ્રક્રિયામાં ૬૮ મીટર ઊંચાઈની સીડી માટે અન્ય કોઈ પણ કંપનીએ ભાગ લીધો નહોતો. તેથી ૬૮ મીટરની સીડી બનાવનારી કંપનીની દાદાગીરી વધી હતી. તેથી તેણે સીડીની કિંમત સીધી ૨૦ કરોડ રૂપિયા કરી નાખી હતી.

ફકત ચાર મીટરથી સીડીની ઊંચાઈ વધતી હોવાથી પાલિકા ૬૪ મીટર સિડી કરતા બમણા પૈસા ખર્ચવાની છે. જે ટેન્ડર પ્રક્રિયાના ગાઈડલાઈનનુ ઉલ્લંઘન છે. તો બીજી તરફ કરદાતાના ૪૦ કરોડ રૂપિયાને વેડફવામાં આવી રહ્યા છે એવો આક્ષેપ કરીને ભાજપે પૂરા પ્રક્રિયાની તપાસ કરાવવાની માગણી પણ કમિશનર સમક્ષ કરી છે.

## પાલઘરમાં હવે

સવારે ૯.૩૪ વાગ્યે પાલઘર સ્ટેશન પર પહોંચશે અને ૯.૩૬ વાગ્યે રવાના થશે. દાદરથી શરૂ થતી ટ્રેન નંબર ૧૨૪૯૦ દાદર - બિકાનેર એક્સપ્રેસને પાલઘર સ્ટેશન પર સાંજે ૪.૧૪ વાગ્યે પહોંચશે અને ૪.૧૬ વાગ્યે રવાના થશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૧૨૪૮૯ બિકાનેર - દાદર એક્સપ્રેસ, જે બિકાનેરથી શરૂ થાય છે, તે પાલઘર સ્ટેશન પર સવારે ૧૧.૧૨ વાગ્યે પહોંચશે અને ૧૧.૧૪ વાગ્યે રવાના થશે.

આ બંને ટ્રેનો સિવાય દાદર-ભુસાવળ સ્પેશિયલ ટ્રેન (ટ્રેન નંબર ૦૯૦૫૧/૦૯૦૫૨) માર્ચ ૨૦૨૫ થી પાલઘર ખાતે ઊભી રાખવામાં આવી રહી છે.

## ગઢચિરોલીમાં

હતો. પોલીસ ટીમે પણ વળતા જવાબમાં નક્સલવાદીઓ પર ગોળીબાર કર્યો હતો. બે કલાક સુધી વચ્ચે વચ્ચે ગોળીબાર ચાલી રહ્યો હતો.

બાદમાં પોલીસ ટીમ દ્વારા વિસ્તારમાં શોધ ચલાવવામાં આવતાં ચાર નક્સલવાદીના મૃતદેહ મળી આવ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી ઑટોમેટિક સેલ્ફ-લોડિંગ રાઇફલ, બે પોઇન્ટ ૩૦૩ રાઇફલ, એક ભરમાર ગન, વોકી ટોકી જપ્ત કર્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે ગઢચિરોલી જિલ્લાના ભામરાગડ પાસે બિનાગુંડા ગામ અને જંગલ પરિસરમાં સોમવારે કોમ્બિંગ ઑપરેશન હાથ ધરી ત્રણ મહિલા સહિત પાંચ નક્સલવાદીને પકડી પાડ્યાં હતાં.

પોલીસે ઘટનાસ્થળેથી ઘાતક શસ્ત્રો જપ્ત કર્યાં હતાં. પકડાયેલી ત્રણેય મહિલાની ઓળખ ઉંગી મંગરુ હોયામ, પલ્લવી કેસા મીડિયમ અને દેવે કોસા પોડિયામ તરીકે થઇ હતી.

## હવે સાતમી જૂન પહેલાં

છે. તેથી આ કાર્ય સમયસર પૂર્ણ થશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રેલવે વહીવટીતંત્ર સાથે સંકલનમાં ડ્રેઇન સફાઈ ચાલી રહી છે. આ માટે એઆઈ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રેલવે કલ્વર્ટ નીચેનો કચરો રોબોટની મદદથી સાફ કરવામાં આવી રહ્યો છે.

દરમિયાન મહાનગરપાલિકા દર વર્ષે પાણી ભરાતા વિસ્તારોને ઓળખી કાઢે છે અને ૪૨૨ સ્થળોએ પંપ સ્થાપિત કર્યા છે, જ્યારે બે સ્થળોએ અને ૧૦ સ્થળોએ હોલ્ડિંગ ટૅન્ક અને નાના પમ્પિંગ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે.

તેમણે વિક્રોલીના સૂર્યનગરના ભૂસ્ખલન-સંભવિત વિસ્તારની મુલાકાત લીધી અને મ્યુનિસિપલ કોર્પોરેશનને ત્યાં રક્ષણાત્મક જાળી લગાવવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે સંબંધિત અધિકારીઓને સ્થાનિક લોકોને સલામત સ્થળે ખસેડવા નિર્દેશ આપ્યો હતો કારણ કે અહીં દર વર્ષે અકસ્માતો થાય છે.

## હિન્દુ મરણ

સ્વ. શાંતાબેન શામજી ભંગદે કચ્છ ગામ મથલ હાલ મુલુંડના સુપુત્ર લક્ષ્મીકાંત (ઉં. વ. ૭૦) તા. ૨૩-૫-૨૫ના શુક્રવારે દેવલોક પામ્યા છે. તે દેવમણીના પતિ. અલ્પેશ અને વિધીના પિતાશ્રી. જયોતિના સસરા. તે જમનાબાઇ, ચત્રભુજ માવજી સેજપાલ ગામ વાયોરના જમાઇ. સ્વ. કલાવતી પ્રભુદાસ, અનિલા, સ્વ. હરીશભાઇ, વાસંતી અરવિંદ, નીતા સ્વ. અશ્વિન, દીપા કમલેશ, હર્ષા બિપીનના મોટાભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજ હોલ, ગુરુ ગોવિંદસિંહ માર્ગ, પાઇપલાઇન બસ સ્ટોપ, હિંદુસ્તાન ચૌક, મુલુંડ કોલોની મુલુંડ (વેસ્ટ), તા. ૨૫-૫-૨૫ના ૪.૩૦થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

હાલ ચેન્નઇ આનંદ ઉલાલના ધર્મપત્ની અ. સૌ. અંજલી આનંદ ઉલાલ (ઉં. વ. ૫૭) તે તા. ૨૧-૫-૨૫ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. તે ચેતન ઉલાલના ભાભી. સ્વ. ઇન્દિરાબેન હરજીવનદાસ સાગરના સુપુત્રી. પ્રશાંતના બેન. માધુરીના નણંદ, મિહીરના ફૂઇ. લૌકિક પ્રથા બંધ છે.

**પાંચ ગામ પાટીદાર**

ઓડ હાલ મલાડ અનિલભાઇ ભાઇલાલ ભાઇ પટેલના પત્ની સુધાબેન (ઉં. વ. ૮૩) તા.૨૦-૫-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે નિગમભાઇ, સુરભીબેનના માતુશ્રી. સૂચીતા નિગમભાઇના સાસુ. પરીન, શનાયા અને પાર્થના દાદી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૫-૫-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. શ્રીમતી પી. ડી. ખખ્ખર હોલ, (અસ્પી ઓડિટોરિયમ) માર્વે રોડ, નૂતન સ્કૂલની બાજુમાં, મલાડ (વેસ્ટ).

**દશા સોરઠીયા વણિક**

ખોરાસા નિવાસી હાલ કાંદિવલી સ્વ. ચંપાબેન ગીરધરલાલ શેઠના પુત્ર સુરેશ (ઉં. વ.૭૪) તે ચંદનના પતિ. પ્રતિકના પિતા. ભરત, સ્વ. વિજય, ગં. સ્વ. ઇન્દિરા નરેન્દ્ર માયાનીના ભાઇ. તે સ્વ. મથુરાદાસ વલ્લભદાસ શ્રીમાંકરના જમાઇ. ત્રિભુવનદાસ શ્રીમાંકરના વેવાઇ તા.૨૩-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ચલાળાવાળા હાલ ઘાટકોપરના સ્વ.કંચનબેન, ત્રિભોવનદાસ ભુવાના સુપુત્ર ધીરજલાલ ભુવા (ઉં. વ. ૯૦) મંજુલાબેનના પતિ. વર્ષા મુકેશકુમાર શેઠ, ભાવના હેમંતકુમાર શેઠ તથા હિતેશ ધીરજલાલ ભુવાના પિતાશ્રી. ફાલ્ગુનીના સસરા. ખ્યાતીના નાના. યાત્રી કુશલ અને સંધ્યાના દાદા. સિહોરવાળા ચીમનલાલ ચત્રભુજ મહેતાના જમાઇ તા. ૨૨-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૫-૨૫ના રવિવાર ૪થી ૬. ઠે. પારસધામ, ત્રીજે માળે, તિલક રોડ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઇસ્ટ).

**બ્રાહ્મણ સમાજ**

હાલ મલાડ મુળ તુણા રામપરના ગં. સ્વ. રેવાબેન આચાર્ય તે સ્વ. માધવજી ગોપાલજી આચાર્યના પત્ની. સ્વ. પોપટલાલ કુંવરજી રાસ્તે (માથક)ના દીકરી. સ્વ. ભાનુશંકર પોપટલાલના મોટા બેન. તે ગં. સ્વ. રમાબેન પ્રભુલાલ છત્રે, દૌલતરામ માધવજી આચાર્ય, કેશવજી આચાર્ય, મીનાબેન પ્રવીણભાઇ રાસ્તેના માતાજી. સ્વ. પ્રભુલાલ વિશનજી છત્રે, કાંતાબેન દૌલતરામ, સરલાબેન કેશવજી, પ્રવીણભાઇ કાંતીલાલના સાસુ. પિયુષ ડી-આચાર્ય, અર્ચના અમોલ રાસ્તે, હાર્દિક કે. આચાર્ય, ચિરાગ કે. આચાર્યના દાદી. તા. ૨૨-૫-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૫-૨૫ શનિવારના ૪થી ૫.૩૦. ઠે. મલાડ કોળી સમાજ વાડી, ભુજાલે તળાવની બાજુમાં, રાજન પાડા, મલાડ (વેસ્ટ).

**કડવા પાટીદાર**

ગં. સ્વ. મૃદુલાબેન પટેલ (ઉં. વ. ૭૮) તે સ્વ. નવીનચંદ્ર ચંદ્રકાંત પટેલના પત્ની. તે સ્વ. કાંતાબેન જેન્તીલાલ પટેલના પુત્રી. ઉદયભાઇ, શીલાબેન, કેતનભાઇના માતુશ્રી. દક્ષાબેન, રાજેન્દ્રકુમાર, વર્ષાબેનના સાસુમા, પૂજા-કૃણાલકુમાર, કવીન-આભા, ખુશીલ અને જીતાંશના દાદીમા. તા. ૨૨-૫-૨૫ના કૈલાસધામ સિધાવ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૫-૨૫, ૪થી ૫.૩૦ સુધી. ઠે. સ્વામિનારાયણ મંદિર, સરિતા પાર્ક, ઘાટકોપર, (ઇ) લૌકિક વ્યવહાર બંધ છે.

**વિરપુર દશાનીમા વણિક**

હાલ મુંબઈ રહેવાસી, સ્વ. શશીકાંત સુરા તે સ્વ.શાંતાબેન અને સ્વ.મણીલાલ ચુનીલાલ સુરાના પુત્ર. સ્વ.વીણાબેનના પતિ. સ્વ.સમીપના અને શ્રીમતી મેઘા દેસાઈના પિતા. આશિષ નવીનચંદ્ર દેસાઈના સસરા. ઝાલોદ નિવાસી સ્વ.હિરામણીબેન અને સ્વ. સાકલચંદ હરિલાલ કોઠારીના જમાઈ. તા.૧૯/૦૫/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવારે તા.૨૫/૦૫/૨૫ને ૫ થી ૭ દૈવી એટરનીટી, એમ. કે. એન. ભાટિયા હાઈસ્કૂલ સામે, સાંઈબાબાનગર, જયભીમ સંજય નગર, બોરીવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ ગુરગઢ હાલ ચિરાબજાર મુંબઇ, અ. સૌ. વિભાબેન (ઉં. વ.૬૩) તે વિક્રમભાઇના ધર્મપત્ની ગં. સ્વ. રમાબેન જમનાદાસ સચદેવનાં પુત્રવધૂ તા.૨૨.૫.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ.હસમુખભાઈ, સ્વ. દિનેશભાઇ, માધવીબેન ભદ્રેશભાઇ સોમૈયા, ચંદ્રિકાબેન પ્રવીણભાઈ પાબારીના ભાભી. સ્વ. જસવંતીબેન જેન્તીલાલ ભિમજી દત્તા બાંદ્રાવાળાનાં સુપુત્રી. સલોનીના માતુશ્રી. ચિ.મિહીર પ્રદીપભાઈ દેવાણીના સાસુ. પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૪/૦૫/૨૫ના ભારતીય વિદ્યાભવન ભવન્સ ચોપાટી સાંજના પાંચ થી સાત. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદીચ્ય સહસ્ત્ર બસીયા બ્રાહ્મણ**

કરણપુરના, જસવંતલાલ કેશવલાલ પંડ્યા (ઉં. વ. ૮૬) ૨૧મીને બુધવારે દેવલોક પામ્યા છે. તે સ્વ. મંજુલાબેનના પતિ. સ્વ. હસમુખલાલ, સ્વ. હરિપ્રસાદ, પ્રફુલભાઈ, સ્વ. ચંદનબેન, સ્વ. દુર્ગાબેન, ગં. સ્વ. ભગવતીબેન, રમીલાબેનના ભાઈ. ચંદ્રવદન, જીતેન્દ્ર, વૈજન્તી ભરત જોષી, ભાવના ભરત પુરોહિતના પિતા. સ્વ. શશીકલા, ભગવતીના સસરા. સ્વ. ભાઈશંકર જેઠાલાલ પંડ્યા (મેઢાસણ)ના જમાઈ. અર્પિતા, શિવાની, રોનકના દાદા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ૨૪મીને શનિવારે ૪ થી ૬. ઠે.: આર્ય સમાજ હોલ, ગાલા નગરની બાજુમાં, જેએન રોડ, મુલુંડ (પ.). ઉત્તરક્રિયા હિંમતનગર મુકામે રાખી છે.

## પારસી મરણ

**રાજકોટ**

બેહ રોશન ડોસાભોય, તે હોમીના પત્ની. તે મરહુમ ખુશરુના માતા. તે માણેક અને ફ્રાન્કોઝ દસ્તુરના પુત્રી. તે શિરિનબાઇ અને દોરાબશા ડોસાભોયના ડોટર ઇન લો. તે ચિરાગના મધર ઇન લો. તે કુરુશ અને ઝીબાના ગ્રાન્ડ મધર. તે માહિયાર અને રોહિન્ટનના સિસ્ટર. (ઉં. વ. ૮૨).

## જૈન મરણ

**ઝાલાવાડી વીસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ પવઇ સ્વ. ઇન્દિરાબેન ગુણવંતલાલ શાહના સુપુત્ર બિપીનભાઇ (ઉં. વ. ૬૯) તા. ૨૨-૫-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે સંધ્યાબેનના પતિ. નિસર્ગના પિતાશ્રી. જીનિશાના સસરાજી. અર્ણવ-પ્રાપ્તિના દાદાજી. તે અતુલભાઇ -પ્રતિમાબેન, અલકાબેન-દિલીપભાઇ, સ્વાતિબેન-જનકભાઇ, કેતકીબેન-શૈલેશભાઇના મોટાભાઇ. શ્વસુર પક્ષે સુરેન્દ્રનગર નિવાસી સ્વ. લીલાવંતીબેન શાંતિલાલ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪-૫-૨૫ શનિવારના સાંજે ૪.૩૦થી ૬. ઠે. ઝવેરબેન ઓડિટોરિયમ, હિંગવાલા મોટા ઉપાશ્રયની બાજુમાં, ઘાટકોપર (ઇસ્ટ).

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બાપોદરા (વઢવાણ) નિવાસી હાલ કાંદિવલી સ્વ.લીલાવતીબેન સુખલાલ મોહનલાલ દેસાઇના સુપુત્ર વિનયભાઇ (બકુભાઇ) (ઉં. વ. ૭૫) ગુરુવાર તા. ૨૨-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રિતીના પતિ. સ્વ. કિશોરભાઇ, વિપુલભાઇ, જયશ્રીબેન દિલીપભાઇ અજમેરા, કલ્પનાબેન વિનોદભાઇ ભાલાણીના ભાઇ. સ્વ. ધીરજલાલ અમૃતલાલ દોઢીવાલાના જમાઇ. તે સ્વ. ગુણવંતભાઇ, જયપ્રકાશભાઇ, મનોરમા કિશોરભાઇ ગોસલીયા, સ્વ. જયશ્રીબેન લલિતભાઇ શાહના બનેવી. રૂપલ ભદ્રેશકુમાર તુરખીયા, વિરલ, તેજસ, નેમીક, દર્શનના કાકા. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

જામનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. અભય બાબુભાઇ શાહના ધર્મપત્ની અનુરાધા (ઉં. વ. ૬૮) બુધવાર તા. ૨૧-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અક્ષયના માતા. બાબુભાઇ શાહના પુત્રવધૂ. તે સ્વ. મુંજાલ, સ્વ. પરેશ, નીલેશના ભાભી. પિયર પક્ષે સ્વ. હીરાબાઇ ભીખાભાઇ શાહના પુત્રી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઝાલાવાડી વીસા શ્રીમાળી દેરાવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ કાંદિવલી શારદાબેન શાહ (ઉં. વ. ૯૨) તે રમણીકલાલ ત્રંબકલાલ શાહના પત્ની. તે સંજય-નીતા, શૈલેષ-નીશા, હેમાંશુ-હેમાના માતુશ્રી. સ્વ. દીપચંદ પાનાચંદ બગડીયાના દીકરી. સ્વ. મુગટભાઇ, સ્વ. દલસુખભાઇ, મણીકાંતભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ, સ્વ. ધીમંતભાઇ, સ્વ. શશીકાંતભાઇ, સ્વ. શીરીષભાઇ, સ્વ. સુશીલાબેન જમનાદાસ, સ્વ. હંસાબેન મહેન્દ્રભાઇ, મૃદુલાબેન મધુકરભાઇ, સ્વ. રાધાબેન ભૂપેન્દ્રભાઇના ભાભી. તે સ્વ.હસમુખભાઇ, જયસુખભાઇ, પ્રવીણભાઇ, દિલીપભાઇ, સ્વ. પદમાબેન અને સરોજબેનના બેન. તે ડોલી-અમીત, રોહન-નુપુર, દર્શીલ-વીરતી, વત્સલ, વીરાજ અને કશીશના દાદી. તા. ૨૨-૫-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના સ્વ. લક્ષ્મીબેન શાંતીલાલ રામજી ડાઘા (ઉં. વ. ૬૫) બુધવાર તા.૨૧.૦૫.૨૫ના દેશમાં અવસાન પામેલ છે. ગં.સ્વ. ભચીબેન રામજીના પુત્રવધૂ. શાંતિલાલના ધર્મપત્ની. મયુર, સ્વ. કરીશ્માના માતુશ્રી. સ્વ. ભાનુ, જવેર, નીમુ, સ્વ.ધનવંતી, કાનજી, સ્વ. નવિન, સ્વ. ઉર્મિલા, સ્વ. ઉમેશના ભાભી. કમળાના જેઠાણી. સ્વ. આસઈબેન લખધીર ભચુ ગાલા(કાચ્છી)ની દીકરી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ભચીબેન મેળીવારો વાસ, લાકડીયા.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના સ્વ.નાંગલબેન મેઘજીભાઈ રીટા (ઉં. વ. ૮૨) બુધવાર તા. ૨૧.૦૫.૨૫ના દેશ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. ખેતઈબેન દેવશીના પુત્રવધૂ. સ્વ. મેઘજીભાઈના ધર્મપત્ની, કેશવજી, વાલજી, ખીમજી, વિસનજી, ગોમતીના માતુશ્રી. ભાનુ, રતન, મંજુલા, જ્યોતી, સ્વ. વેલજીના સાસુ. નિલેશ, શિતલ, નિશા, નિકીતા, હિરલ, દિપીકા, ધીરેન, ખુશાલી, રિયાના દાદી. સ્વ. મેરઈબેન ભચુ ભારાના દીકરી. પ્રાર્થના સભા શનિવાર તા. ૨૪.૫.૨૫ સમય બપોરે ૪થી ૫.૩૦ સ્થળ. કરશન લધુ હોલ, દાદર. ઠે. એ-૬૦૧, સુખવીલા, વિવેક કોલેજ રોડ, સિધ્ધાર્થ નગર, ગોરેગાવ-વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના રમેશચંદ્ર પુનશી હરિયા (ઉં. વ. ૬૯) તા. ૨૧-૫-૨૫ના અવસાન પામ્યા છે. રાણબાઈ પુનશી શિવજીના પુત્ર. ગુણવંતીબેન (લક્ષ્મીબેન)ના પતિ. અંકિત, ખુશ્બુ, કાજલના પિતા. સ્વ. હરખચંદ, સ્વ. ભરત, સ્વ. વાસંતીબેનના ભાઈ. નરેડીના હીરબાઈ જાદવજી તલકશી નાગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ગુણવંતી હરિયા, બી-૫૦૩, સાંઈ આશિષ, વિલેજ રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૭૮.

લઠેડીના પાનબાઇ ગડા (ઉં. વ. ૯૧) તા. ૨૨-૫ના અવસાન પામેલ છે. મેઘબાઇ શામજી કુંવરજીના પુત્રવધૂ. વિસનજીના ધર્મપત્ની. ડુમરા ભાગબાઇ ડુંગરશી કરમશીના સુપુત્રી. કુસુમ, નિર્મળા, ભારતી, મીના, જયશ્રીના માતુશ્રી. ડુમરા તેજબાઇ હીરજી, મણીબાઇ પ્રેમજી, મંજુલા ધનજી, માપર લક્ષ્મીબેન ઠાકરશી, કોટડી માલબાઇ કોરશી, ડુમરા કલ્યાણબાઇ પદમશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિશનજી ગડા, એ-૧, કૈલાસ મહલ, ૬૦ ફુટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ). ૭૭.

**વેરાવળ વિશા ઔસવાળ જૈન**

વેરાવળ નિવાસી હાલ બોરીવલી, સ્વ. રતિલાલ કાળીદાસ શાહના ધર્મપત્ની તારાબેન શાહ (ઉં. વ. ૮૫) તા.૨૨/૦૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રભાસ પાટણ નિવાસી જવલબેન મોતીચંદ વસનજીના પુત્રી. રીટાબેન, ફાલ્ગુની, નમ્રતાના માતુશ્રી. સ્વ. હિતેષભાઇ, નિમેષભાઈ, હાર્દિકભાઈના સાસુ. હેમાલી, દર્શિત, દર્શન, હર્ષના નાની. સ્વ. કળાવંતીબેન લક્ષ્મીદાસ શાહના દેરાણી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઓવર ટુ ... ટેસ્ટ ક્રિકેટ

## આઈપીએલની પૂર્ણાહુતિ બહુ દૂર નથી. જૂનમાં ભારતના ટેસ્ટ-જંગનો આરંભ થશે અને વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની નવી સીઝનની શરૂઆત પણ થઈ રહી છે

સ્પોર્ટ્સ મૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૧૮મી સીઝનમાં ચરમસીમાનો તબક્કો નજીક આવી ગયો છે. પ્લે-ઑફના વાજાં થોડા જ દિવસમાં વાગશે અને પછી અમદાવાદમાં ૧,૦૦,૦૦૦થી પણ વધુ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટવાળા ક્રિકેટ જગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમના મેદાન પર ફાઇનલ જંગ ખેલાશે. અમદાવાદમાં ત્રીજી જૂનની રાત્રે એ સાથે જ ટી-૨૦ ક્રિકેટની જલસા પાર્ટી પૂરી થશે અને ત્યાર બાદ થોડા દિવસમાં ટેસ્ટ ક્રિકેટનો શંખ ફૂંકાશે. ક્રિકેટના સૌથી ટૂંકા ફૉર્મેટમાંથી સૌથી લાંબા ફૉર્મેટમાં જવામાં આપણને થોડી માનસિક કસરત તો થશે, પણ ખૂબ જ અગત્યના શ્રેણીબદ્ધ ટેસ્ટ-જંગ આવી રહ્યા છે એટલે મજા તો પડવાની જ.

ઇંગ્લૅન્ડ સામે ૨૦મી જૂને શરૂ થઈ રહેલા જંગથી ભારત વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની નવી સીઝનમાં જોડાશે. શુભમન ગિલનું નામ ભારતના નવા ટેસ્ટ-સુકાની તરીકે સૌથી વધુ ચર્ચામાં છે.

૨૦૨૫ની આઇપીએલની શરૂઆત થોડી ઠંડી હતી, મુંબઈ ઇન્ડિયન્સની ટીમ શરૂઆતમાં પાંચમાંથી ચાર મૅચ હારી ગઈ એટલે શહેરભરના ક્રિકેટપ્રેમીઓમાં નિરાશા ફેલાઈ હતી, પરંતુ પછીથી ઉપરાઉપરી છ મૅચ જીતીને મુંબઈએ ચમત્કાર કર્યો, બાજી પલટી નાખી અને ૨૧મી મેએ વાનખેડેમાં દિલ્હી કૅપિટલ્સ પર નિર્ણાયક ઘા કરીને પ્લે-ઑફમાં સ્થાન પાકું કરી લીધું. કરોડો લોકોની પ્રિય ટીમ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) આ વખતે હરણફાળ ભરીને પહેલાં પૉઇન્ટ્સ-ટેબલમાં નંબર-વન થઈ અને પછી પ્લે-ઑફમાં પહોંચી ગઈ એટલે આઇપીએલને ચાર ચાંદ લાગી ગયા, પણ બીજી લાડલી ટીમ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)એ છેક તળિયું જોવું પડ્યું એ આ આઇપીએલની સૌથી મોટી નિરાશા છે.

હવે ૨૦મી જૂનથી ઇંગ્લૅન્ડમાં ભારતના ટેસ્ટ મુકાબલા શરૂ થશે એ સાથે કરોડો ભારતીય ક્રિકેટપ્રેમીઓ ફરી રોમાંચિત થઈ જશે એમાં બેમત નથી. રોહિત શર્માએ ટી-૨૦ પછી ટેસ્ટમાંથી પણ નિવૃત્તિ લઈ લીધી હોવાથી ભારતની ટેસ્ટ ટીમને નવો ટેસ્ટ સુકાની મળશે, વિરાટ કોહલીએ પણ ટેસ્ટને ગુડબાય કરી હોવાથી ટીમ ઇન્ડિયાને બૅટિંગમાં ચોથા સ્થાન પર નવો બૅટ્સમૅન મળશે, રિટાયર થઈ ગયેલો રવિચન્દ્રન અશ્વિન આ વખતના ઇંગ્લૅન્ડ-પ્રવાસ માટેની ભારતીય ટીમમાં નહીં હોય એટલે વધુ એક અનુભવીની ખોટ વર્તાશે. જોકે ગયા વર્ષના અંતે ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં ૦-૩થી પરાજિત થયા બાદ ટીમ ઇન્ડિયાએ ઑસ્ટ્રેલિયાની ધરતી પર ૧-૩થી જે પછડાટ ખાવી પડી હતી એ ભુલાવી દે એવો પર્ફોર્મન્સ ભારતની ‘નવી ટેસ્ટ ટીમે’ ઇંગ્લૅન્ડમાં બતાવવો પડશે.



જસપ્રીત બુમરાહ



શુભમન ગિલ

### શુભમન ગિલનો ઘોડો સૌથી આગળ

ભારતના નવા ટેસ્ટ સુકાની બનવા માટે શુભમન ગિલને સૌથી વધુ લાયક ગણાવવામાં આવી રહ્યો છે. જસપ્રીત બુમરાહ વારંવાર ઈજા પામતો હોવાથી તેને સુકાની બનાવીને તેના પર વધારાનો બોજ નાખવાથી ટીમ ઇન્ડિયાએ ‘બોલર બુમરાહ’ને ગુમાવવાનો પણ સમય આવી શકે એવી ભીતિ જણાતા તેના માથે સુકાનનો ભાર કદાચ નહીં નાખવામાં આવે. રિષભ પંત હજી હમણાં જ આઇપીએલમાં લખનઊ સુપર જાયન્ટ્સની નિષ્ફળતાને લીધે આત્મવિશ્વાસ ગુમાવી બેઠો હશે એટલે અજિત આગરકર અને તેમની સિલેક્શન કમિટી તેને ટેસ્ટનો કૅપ્ટન બનાવવાનું પણ કદાચ પસંદ નહીં કરે. કેએલ રાહુલ, અજિંક્ય રહાણેના નામ પર પણ ચર્ચા થઈ શકે, પરંતુ બધામાં ગિલનું નામ અગ્રેસર છે જેનું સૌથી મોટું કારણ એ છે કે તેના સુકાનમાં ગુજરાત ટાઇટન્સ (જીટી)ની ટીમ આઇપીએલમાં નંબર-વન પર રહીને પ્લે-ઑફમાં પહોંચી છે અને ૨૦૨૨ પછી આ ટીમ બીજી વાર ટાઇટલ જીતવા માટે ફેવરિટ ગણાય છે.

### ૨૦મી જૂનથી ભારત-ઇંગ્લૅન્ડની ટેસ્ટમાં ટક્કર

ભારતની ટેસ્ટ ટીમ છેલ્લે ૨૦૨૨માં (ત્રણ વર્ષ પહેલાં) ઇંગ્લૅન્ડના પ્રવાસે ગઈ હતી જેમાં વિરાટ કોહલી કૅપ્ટન હતો, પરંતુ હવે તો વિરાટ ટીમમાં જ નહીં હોય. ત્યારે પાંચ મૅચની સિરીઝ ૨-૨થી ડ્રૉમાં ગઈ હતી. આ વખતની સિરીઝ પણ પાંચ ટેસ્ટની છે જેમાં પ્રથમ ટેસ્ટ ૨૦મી જૂનથી લીડ્સમાં હેડિંગ્લીના મેદાન પર રમાશે. બીજી ટેસ્ટ બર્મિંગહૅમમાં બીજી જુલાઈથી, ત્રીજી ટેસ્ટ લૉર્ડ્સમાં ૧૦મી જુલાઈથી, ચોથી ટેસ્ટ મૅન્ચેસ્ટરમાં ૨૩મી જુલાઈથી અને પાંચમી ટેસ્ટ ૩૧મી જુલાઈથી લંડનના ઓવલમાં રમાશે. માર્ચ, ૨૦૨૪માં બ્રિટિશરો ભારતમાં ૧-૪થી ટેસ્ટ-સિરીઝ હારીને ગયા હતા એટલે હવે પોતાને આંગણે એનો બદલો લેવા કોઈ કસર નહીં છોડે. જોકે રોહિત, વિરાટ, અશ્વિન જેવા અનુભવીઓની બાદબાકી બાદ હવે ભારતની નવસર્જિત ટેસ્ટ ટીમ કેટલી અસરદાર હશે એની બ્રિટિશરોને જરાય જાણ નહીં હોય એટલે ભારતને તેઓ હળવાશથી નહીં જ લે.

### ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલ નજીક આવી ગઈ

૨૦૨૧ અને ૨૦૨૩માં વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી) એટલે કે ટેસ્ટના વર્લ્ડ કપની પહેલી બન્ને સીઝનની ફાઇનલમાં ભારતીય ટીમ રમી હતી, પણ આ વખતે પહેલી વાર ફાઇનલમાં ભારતની ટીમ નહીં જોવા મળે. ઑસ્ટ્રેલિયામાં થયેલા રકાસને કારણે ભારત ડબ્લ્યૂટીસીની ફાઇનલની હૅટ-ટ્રિકથી વંચિત રહી ગયું. જોકે ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચેની આગામી ફાઇનલ જોવા જેવી તો હશે જ. ૧૦મી જુલાઈથી લૉર્ડ્સમાં ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચે જંગ જામે એ પહેલાં ૧૧મી જૂનથી ક્રિકેટના મક્કા ગણાતા આ ઐતિહાસિક સ્થળે ડબ્લ્યૂટીસીના નિર્ણાયક મુકાબલામાં પૅટ કમિન્સ અને ટેમ્બા બવુમાની ટીમ ટકરાશે. બન્ને ટીમના કેટલાક ખેલાડીઓ આઇપીએલમાં રમી ચૂક્યા છે અથવા હજી રમી રહ્યા છે એટલે તેમને ડબ્લ્યૂટીસીની ફાઇનલમાં રમતા જોવાની પણ મજા પડી જશે. આઇપીએલમાં પર્ફોર્મ કરીને ડબ્લ્યૂટીસી માટેની ટીમમાં જોડાનાર ખેલાડીઓમાં (ઑસ્ટ્રેલિયાના) ટ્રૅવિસ હેડ, પૅટ કમિન્સ, જૉશ હૅઝલવૂડ, મિચલ સ્ટાર્ક અને જૉસ ઇંગ્લિસનો તેમ જ (સાઉથ આફ્રિકાના) કૉર્બિન બૉસ્ચ, માર્કો યેનસેન, કૅગિસો રબાડા, રાયન રિકલ્ટન, એઇડન માર્કરમ, લુન્ગી ઍન્ગિડી અને ટ્રિસ્ટેન સ્ટબ્સનો સમાવેશ છે. ■

# કાપ્પાબાશી - ટોક્યોની આકર્ષક વાસણ બજાર...

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

જાપાનમાં ટોક્યો ભ્રમણ દરમ્યાન એક પછી એક દૃશ્ય કોઈ ને કોઈ રીતે કાર્ટૂન કેરેક્ટરો અથવા પારંપરિક જાપાનીઝ આર્ટથી લદાયેલું હતું. જાણે આખો દેશ જ ઇન્સ્ટાગ્રામ એસ્થેટિક્સ માટે બનેલો હોય. એ જ થીમના ભાગ રૂપે જ્યારે અમે કાપ્પાબાશી સ્ટ્રીટ પહોંચ્યાં, ત્યારે સોશિયલ મીડિયા પર મજેદાર લાગે તેવી કટલરી અને ક્રોકરીની દુકાનો શરૂ થઈ ગઈ. હવે કોઈ વાસણ બજારમાં એવું તો શું હોઈ શકે કે તેનું નામ શહેરનાં ખાસ જોવાલાયક સ્થળોમાં આવે, પણ કાપ્પાબાશી સ્ટ્રીટ વિષે એમ કહેવાય છે કે અહીં ટોક્યોની મુલાકાત દરમ્યાન એક આંટો તો મારવો જ પડે. મને તો ત્યાં એટલી મજા પડી છે કે હું ફરી ટોક્યો જઈશ તો પહેલા જ દિવસે આ કાપ્પાબાશી પહોંચી જઈશ. ભવિષ્યના મારા ઘણા પ્લાન્સમાં આ ગલીથી ખરીદેલી ચીજોનો ઉપયોગ છે. એ પ્લાન તો બની ગયા છે, પણ તેમાંની ઘણી ચીજો હજી ખરીદવાની બાકી રહી ગઈ છે.

ઉએનો પાર્કમાં પડેલી તે સવારની સાંજ કાપ્પાબાશીમાં પડી રહી હતી. અત્યાર સુધીમાં કોણ જાણે અમે કેટલા પ્રકારની વાનગીઓ નાની-નાની ક્વૉન્ટિટીમાં ગપચાવી ચૂક્યાં હતાં. છતાંય ત્યાં પ્લેટો અને ચમચીઓ જોઈને પણ ભૂખ લાગી રહી હતી. જાપાનીઝ આમ તો ત્યાનાં ચાકુ, કાચનાં વાસણો અને ચોપસ્ટિક માટે જાણીતું છે. ખરેખર તો ત્યાંનું શું શું જાણીતું છે તેનો ટ્રેક રાખવાનું પણ મુશ્કેલ બનતું જાય છે. એટલું પૂરતું ન હોય તેમ ત્યાંનો ‘કિન્તઝુગી’ કોન્સેપ્ટ પણ એટલો જ જાણીતો છે. તૂટેલી પોટ્ટરીને ગોલ્ડન પેસ્ટથી જોડવાની પરંપરા તે ચીજને વધુ મજબૂત અને મહત્ત્વની બનાવે છે એ વાત તો શાહરુખ ખાને પોતાની ફિલ્મ ‘પઠાન’માં પણ કરી દીધી છે. અહીં નવાંનક્કોર વાસણોની સાથે જો તે તૂટી જાય તો તેને આકર્ષક રીતે જોડવા માટેની કિન્તઝુગી કિટ પણ મળતી હતી.

અહીં માત્ર ચમચા, ચાકુ અને કટલરી માટે થઈને દુનિયાભરનાં શૅફ આવ્યા કરે છે. જેને પણ જમવાનું







બનાવવાનો શોખ હોય અને જાપાન જવાનો પણ પ્લાન હોય તેણે તો આ વિસ્તાર જરા પણ ન ચૂકવો જોઈએ. અહીંની એક અનોખી ખાસિયત ફૂડ રેપ્લિકા છે. આર્ટિફિશિયલ ફળો, શાકભાજી, ઇવન પ્લેટમાં સર્વ થયેલું ફૂડ પણ અહીં શો-પીસ તરીકે મળે છે. એક જમાનામાં ફેક ફૂડનો ઉપયોગ માત્ર જાહેરાતો કે મેગેઝિન્સનાં ફોટો શૂટમાં થતો હતો. આજકાલ તો દરેક ફૂડ ઇન્ફ્લુઅન્સરને તેની જરૂર પડવા લાગી છે. અમુક બૉલ્સ અને પ્લેટ્સ તેના વજનના કારણે ખરીદવાનું શક્ય ન બન્યું, તો પણ મેં ડેઝર્ટ પ્લેટ્સ, ડિપ બૉલ્સ, ગિટ બૉલ્સ તો લઈ જ લીધાં હતાં. જ્યાં નજર પડતી હતી ત્યાં બધું જ લેવાની ઇચ્છા થઈ જતી હતી. આખા જાપાનમાંથી પણ રેસ્ટોરાંનાં માલિકો અહીં ખરીદી કરવા પહોંચી જાય છે.

૧૯૧૨માં અહીં એક રેસ્ટોરાંના માલિકે સેકન્ડ હેન્ડ વાસણોનો સ્ટોલ ખોલ્યો હતો, તે આજે બસો જેટલા ભવ્ય સ્ટોર્સ વચ્ચે શું લેવું અને શું નહીં તેની ચર્ચા થઈ શકે તેમ છે. એટલું પૂરતું ન હોય તેમ અહીંના સોલિડ લોઢામાંથી બનેલાં કાસ્ટ આયર્ન કૂકવેર પણ હતાં. ક્યારેક એવું પણ લાગતું હતું કે દુનિયાની બધી સાધારણ ચીજોને જાપાન પોતાની અસાધારણ ક્રિયેટિવિટીથી અત્યંત હાઇ સ્ટાન્ડર્ડ બનાવી દે છે. બહુમાળી બિલ્ડિંગમાં નિમ્મી કિચનવેરની છત પર તો





એક મહાકાય શૅફનું સ્ટેચ્યૂ પણ બનાવેલું હતું. બીજી તરફ એક બિલ્ડિંગની બાલ્કનીઓ કોફી મગ્સના શેપમાં હતી.

કોમાત્સુયા સ્ટોરમાં અનેક પ્રકારનાં રામેન બૉલ્સ અને ટી પોટ્સ જોઇને ફરી પાછું ખરીદી માટે મન લલચાઈ રહ્યું હતું. જો બેગેજની ચિંતા હોય તો આ જગ્યાએ જવું જરા જોખમી છે. ડેનગામા સ્ટોરમાં દરેક શેપ અને સાઇઝનાં ચમચી અને ચોપસ્ટિક રાખવાનાં સ્ટેન્ડ અને સોલ્ટ-પેપર શેકર મળતાં હતાં. મેં ત્યાંથી ‘ઓચોકો’ તરીકે ઓળખાતા સાકે કપ્સ લીધા. બીજી તરફ માજીમાયામાં દરેક શેપનાં કૂકી મોલ્ડ મળતાં હતાં.



સાથે ત્યાં દરેક ચીજ માટેનું પીલર મળતું હતું. બધાંએ બટેટા અને ગાજરનું પીલર તો જોયું છે, પણ અહીં ટમેટાંથી માંડીને માછલીઓ માટેનું પીલર મળતું હતું. એટલું પૂરતું ન હોય તેમ ફુવારીમાં લાકડાનાં વાસણોની ખાસિયત હતી. યુનિયન કોફીમાં કોફી મશીન્સ, ગ્રાઇન્ડર, મગ્સનો ખજાનો હતો. આ સ્થાનિક દુકાનો ક્યાંય જાહેરાત નથી કરતાં છતાંય ત્યાં પગ મૂકવાની જગ્યા ન હતી. જાણે આખી દુનિયાને એ જ દિવસે બધી કિચન રિલેટેડ ખરીદી કરી લેવી હોય. વળી પાછળથી જાણવા મળ્યું કે ઓસાકામાં પણ આવી જ કિચન માર્કેટ છે જ.

અહીં માત્ર જમવાનું બનાવવાની ચીજો જ નહીં, જમવાનું પણ મળી જ જાય છે. જોકે તે સમયે અમે ફૂલટુ જમવાની ક્ષમતા સાથે નહોતાં આવેલાં. એવામાં કાકીગોરીએ જલસા કરાવી દીધા. ખાસ તો એટલા માટે કે આ જાપાનીઝ સ્ટાઇલનો બરફનો ગોળો કોઈ અનોખું મિષ્ટાન હોય તેવી રીતે પ્રેઝન્ટ કરવામાં આવતો હતો. ત્યાં દરેક દુકાનમાં વિગતે જવા માટે તો આખું અઠવાડિયું ઓછું પડે. અમે શક્ય એટલી જગ્યાઓ પર ગયાં એમાં જ ઠૂસ થઈ ચૂક્યાં હતાં. એવામાં આ સ્ટ્રીટના નામમાં આવતું ‘કાપ્પા’ કેરેક્ટર જ્યાં જુઓ ત્યાં નજરે પડતું હતું. આ પહેલાં કાપ્પા વિષે હેરી પોટર બુક્સમાં વાંચ્યું હતું. ત્યારે ખબર ન હતી કે કાપ્પા જાપાનીઝ દંતકથાઓનાં પાત્રો છે, તેમની પાસે જાદુઈ શક્તિઓ હોવાની વાત છે. તે સમયે ગલીઓમાં મોજૂદ કાપ્પાનાં સ્ટેચ્યૂઝ તો માત્ર ક્યુટ જ લાગતાં હતાં.

આ બજારની સૌથી ખાસ વાત એ લાગી કે અહીં લગભગ દરેક આઇટમ જાપાનમાં જ બનેલી હતી. અહીં સસ્તા ઇમ્પોર્ટેડ માલ માટે ભાગ્યે જ જગ્યા દેખાતી હતી. જોકે ખુદ જાપાનીઝ ચીજો પણ ઘણી મોડરેડ ભાવની હતી. હવે સાંજે દુકાનો બંધ થઈ રહી હતી, પણ અમારો પ્રોગ્રામ ચાલુ જ હતો. હવે અમે ઓમોઇડો યાકોચોનાં રસ્તે હતાં. ■

## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# ધૂરંધરોએ કરેલી આગાહીઓ, જે ઐતિહાસિક ઢબે ધરાર ખોટી પડી!

'પ્રિડિકશન' મજાનો શબ્દ છે. પ્રિડિકશન એટલે કોઈક બાબતનું પૂર્વાનુમાન. સંજોગો કે કોઈક પ્રકારની ગણતરીને

આધારે આવાં પૂર્વાનુમાન થતા હોય છે. સાદા શબ્દોમાં એને આગાહી કહી શકાય. શૅરબજારને બાદ કરીએ ભારતમાં

મુખ્યત્વે બે પ્રકારની આગાહીમાં પ્રજાને ભારે રસ પડે. એક તો વરસાદની અને બીજી ચૂંટણીના પરિણામોની આગાહી.


મજાની વાત એ કે આ બંને આગાહી છાસવારે ખોટી પડ્યા કરે છે. એથી ય વધારે મજાની વાત એ કે લોકોને સાચી આગાહીઓની સાપેક્ષે ખોટી પડેલી આગાહીઓ વિષે ચર્ચા કરવામાં વધુ રસ પડે છે!

આજે એવી જ બે આગાહીની વાત કરવી છે, જે ઐતિહાસિક દ્રષ્ટિએ ખોટી સાબિત થઇ.

IBM કંપની ટેકનોલોજી ક્ષેત્રે બિગ જાયન્ટ ગણાય. આઇબીએમ 'બિગ બ્લ્યુ'ના હુલામણા નામે જાણીતી છે. ડાઉ

જોન્સ દ્વારા જાહેર કરાયેલ ૩૦ જાયન્ટ કંપનીઝના લિસ્ટમાં બિગ બ્લ્યુનો પણ સમાવેશ થાય છે. એમ તો કંપની ઠેઠ1911માં સ્થપાયેલી. એ વખતે એનું નામ હતું 'કોમ્પ્યુટિંગ ટેબ્યુલેટિંગ રેકોર્ડિંગ કંપની CTRC'. કંપની એ વખતે રેકોર્ડ કીપિંગ સિસ્ટમ્સ બનાવતી. એ પછી બીજા કાર્યક્ષેત્રમાં પણ કામ શરૂ થયું એટલે કંપનીનું નામ બદલીને 'ઇન્ટરનેશનલ બિઝનેસ મશીન્સ કોર્પોરેશન' કરવામાં આવ્યું, જે આજે IBM તરીકે ઓળખાય છે. એ વખતે વિવિધ કોર્પોરેટ કંપનીઝના કર્મચારીઓ માટે પંચકાર્ડ સિસ્ટમ્સ બનાવવામાં IBM પોતાની પ્રતિસ્પર્ધી કંપનીઝ કરતા ખાસ્સી આગળ નીકળી ગયેલી. કંપનીની આ પ્રગતિમાં એક માણસનો ફાળો બહુ મોટો હતો. એનું નામ થોમસ જે. વોટસન. ઇસ 1914થી માંડીને છેક ૧૯૫૬ સુધી થોમસ વોટસન IBM ના ચેરમેનપદે રહ્યા. એને આધુનિક જમાના સાથે તાલ મિલાવતી કરવાનું કામ વોટસને કર્યું. IBMમાં વિકસેલું કોર્પોરેટ કલ્ચર પણ વોટસનની દૂરંદેશી અને કુનેહને આભારી હતું. એ ચેરમેન બન્યા એના ચાર જ વર્ષમાં એટલે કે 1918 સુધીમાં તો કંપનીનું ટર્ન ઓવર વધીને ડબલ થઇ ગયેલું. 1956માં થોમસ વોટસન ગુજરી ગયા ત્યારે વિશ્વના ટોચના ધનાઢ્યોની યાદીમાં એમનો સમાવેશ થતો હતો.

આટલું વોટસન પુરાણ કરવાનું તાત્પર્ય એટલું જ કે ઇન્ડસ્ટ્રીમાં વોટસનના શબ્દોનું મહત્ત્વ કેટલું હશે એ સમજાય.




થોમસ વોટસન

અત્યંત બાહોશ અને દૂરંદેશ વ્યક્તિની છાપ ધરાવતો વોટસન કોઈ પણ આગાહી કરે, તો એને ઇન્ડસ્ટ્રી માટે ભવિષ્યનું રુખ ગણી લઈ શકાય. 1943માં વોટસને એક એવી આગાહી કરી જેને લોકોએ એ સમયે બહુ ગંભીરતાથી લીધી. હકીકતે ઇન્ડસ્ટ્રીનું રુખ એવું બદલાયું કે વોટસનની એ વાત-આગાહી આજે ટેકનોલોજી જગતની સૌથી હાસ્યાસ્પદ આગાહી ગણાય છે!

એ વખતે થોમસે જાહેર કર્યું કે આખી દુનિયાને વધુમાં વધુ પાંચ જ કોમ્પ્યુટર્સની જરૂર છે! આજે કોઈ ટેકનોક્રેટ સામે થોમસદાદા આવું બોલે તો પેલાની રીતસર કમાન છટકે, પણ એ વખતે મિસ્ટર થોમસની વાતમાં દમ હતો.

IBM કંપનીએ ચાલીસના દાયકાથી કોમ્પ્યુટર્સ બનાવવાના પ્રયત્નો શરૂ કર્યા. એ વખતે કોમ્પ્યુટર્સ બહુ વિશાળ કદના આવતા. કોમ્પ્યુટર્સને ગોઠવવા માટે પણ મોટી સાઈઝના એક કરતા વધુ રૂમ્સની જરૂર પડતી. એટલું જ નહિ, એક કોમ્પ્યુટરને ઓપરેટ કરવા માટે એકથી વધુ સ્કીલ્ડ ઓપરેટર્સ કામે લગાડવા પડતા. આ બધાં કારણોસર વૈજ્ઞાનિક સંશોધનો દરમિયાન જટિલ ગણતરીઓ કરવા માટે તેમજ લશ્કરી હેતુઓ જેવા અતિવિશિષ્ટ કાર્યો માટે જ કોમ્પ્યુટર્સનો ઉપયોગ થતો. એ દિવસોમાં પોતાના ઘરે પર્સનલ કોમ્પ્યુટર વસાવવાનો વિચાર તો કોઈ ભેજાગેપ માણસને ય નહોતો આવતો...એ સંજોગોમાં IBMનો ચેરમેન માત્ર પાંચ જ કોમ્પ્યુટર્સ બનાવવાની વાત કરતો હોય, તો એમાં ખોટું શું હતું ?!

હવે થયું એવું કે આ આગાહી થઇ એનાં થોડાં જ વર્ષોમાં ટ્રાન્ઝીસ્ટર તરીકે ઓળખાતા મિનીએચર (સૂક્ષ્મ કદના) સેમીકન્ડકટરની શોધ થઇ. ટ્રાન્ઝીસ્ટર્સની શોધે કોમ્પ્યુટરની સાઈઝ ઘટાડવામાં સિંહફાળો આપ્યો. કોમ્પ્યુટર રાખવા જ્યાં અનેક ઓરડાઓની જરૂર પડતી હતી, એના બદલે એક ટેબલ પર મૂકીને વાપરી શકાય એવડાં કોમ્પ્યુટર્સ બનવા માંડ્યાં.

60નો દાયકો આવતા સુધીમાં તો ટેકનોલોજીમાં મોટા પાયે બદલાવ આવી ગયો. એન્ડ રેસ્ટ ઇઝ હિસ્ટ્રી!

આજે તો દુનિયાભરમાં કરોડોની સંખ્યામાં પર્સનલ કોમ્પ્યુટર્સ છે. હવે આ આખા ઘટનાક્રમમાં થોમસ વોટસન પોતાની રીતે સાચા જ હતા, પણ ટેકનોલોજીકલ અપગ્રેડેશનને કારણે એમની વાત બહુ ખરાબ રીતે ખોટી પડી.

IBMની પ્રગતિમાં અને એ રીતે ટેકનોલોજીના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર થોમસ વોટસનને સફળ કાર્યપદ્ધતિને કારણે જેટલી ખ્યાતિ મળી એનાથી અનેકગણી કુખ્યાતિ માત્ર એક ખોટી આગાહીને કારણે મળી ગઈ!

કોમ્પ્યુટર અને ઈન્ટરનેટ વચ્ચે આજે તો જાણે ચોલી-દામન કા સાથ હૈ. આજની તારીખે ઈન્ટરનેટ એટલું સર્વવ્યાપી છે કે એના વગરનું જીવન અકલ્પ્ય લાગે છે, પણ 80-90ના દાયકામાં જીવેલા લોકોએ એક અલગ જમાનો જોયો છે. આ જમાનો એટલે સામાન્ય લોકોના જીવનમાં ઈન્ટરનેટના પ્રવેશનો પ્રથમ તબક્કો. એ વખતે મોટા ભાગના લોકો ઈન્ટરનેટ ટેકનોલોજીથી અજાણ હતા એટલે કોઈ જરાતરા જાણકાર વ્યક્તિ જો ઈ-બુક્સ, ઈ-ન્યૂઝપેપર કે ડિજિટલ ડેટાની વાત કરે તો લોકો એને હસી નાખતા. ઈ-કોમર્સની વાતો શરૂ થયેલી ખરી, પણ ઈ-કોમર્સ એટલે ખરેખર શું એની બહુ ઓછાને ખબર હતી.

આવા સંજોગો દરમિયાન 1995માં 'નાસા'ના અવકાશયાત્રી ક્લિફોર્ડ સ્ટોલે છાતી ઠોકીને કહી દીધું કે આ ઈન્ટરનેટ-ફીન્ટરનેટ બધી ઓવરરેટેડ વસ્તુઓ છે. સામાન્ય માનવીઓ માટે એ બહુ કામ આવે એમ નથી. ઈન્ટરનેટનો જેટલો હાઈપ ઊભો કરાયો છે, એવું કશું થવાનું નથી. લોકો હાથમાં પકડીને વાંચી શકાય એવા ન્યૂઝપેપર્સ અને પુસ્તકો છોડીને કોમ્પ્યુટર્સના સ્ક્રીન સામે ડોળા ફાડતા બેસી રહેશે એમ તમે માનો છો? દુકાનમાં જાતે જોઈ તપાસીને વસ્તુઓ ખરીદવાને બદલે શું લોકો ઘરે બેઠા બેઠા અજાણ્યા લોકો પાસેથી ખરીદી કરવાનું પસંદ કરશે ખરો? નો, નેવર! એવું ક્યારેય નહિં બને!

પણ એવું બન્યું-બનીને રહ્યું. એમેઝોન, ગૂગલ જેવી જાયન્ટ્સની એન્ટ્રી સાથે ઈ-કોમર્સથી માંડીને ઈ-રીડિંગ ક્ષેત્રે ક્રાંતિ આવી ગઈ. આજે ઊલટું એવી પરિસ્થિતિ છે કે દુકાને જઈને ખરીદી કરનારા કે હાથમાં પકડેલું પુસ્તક કે ન્યૂઝપેપર વાંચનારાની સંખ્યા ઘટતી જાય છે. 1995માં 'નાસા'ના અવકાશયાત્રી ક્લિફોર્ડ સ્ટોલે કરેલી આગાહી બહુ બૂરી રીતે ખોટી સાબિત થઇ છે. આ બદલ પાછળથી ખુદ સ્ટોલે પણ પોતે સાવ ખોટા પડ્યા હોવાની વાત ખેલદિલીપૂર્વક સ્વીકારી પણ લીધેલી.

...અને સાચું પૂછો તો આજે દરેક સંવેદનશીલ માણસને ક્લિફોર્ડ સ્ટોલની આગાહી ખોટી પડવાનો રંજ હશે જ.

તમારું શું માનવું છે? ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# બબલ હોટલ - એલાઉચ - ફ્રાંસ

માનવી કુદરત સાથે સંપર્ક સાધવાનો પ્રયત્ન કરતો જ રહે છે. તેને કુદરત સાથે સંવાદ સ્થાપવો, કુદરતના ખોળામાં રહેવું, કુદરતને જોયા કરવી, કુદરતી માહોલમાં ટહેલવું, કુદરતના સૌંદર્યને માણવું તથા કુદરતના ગૌરવને સ્વીકારવું ગમે છે. આ માટે તે નિતનવા પ્રયત્ન કરતો રહે છે. ફ્રેન્ચ ડિઝાઈનર પિયર સ્ટેફ દ્વારા નિર્ધારિત કરાયેલ આશરે ૧૫૦૦૦ ચોરસ મીટર ક્ષેત્રમાં ફેલાયેલ પાઇનના ઝાડના જંગલમાં ઊભી કરાયેલ અસામાન્ય વ્યવસ્થા છે, જેને લોકોએ ઉમળકાથી વધાવી લીધી છે.

મજાની વાત એ છે કે માનવીને કુદરત ગમે પણ છે અને નથી પણ ગમતી. માનવીને જંગલ વચ્ચે જઈને રહેવું ગમે પણ જીવજંતુને તે સ્વીકારી ન શકે. તેને સમુદ્ર કિનારે રહેવું ગમે પણ ત્યાંનો ખારો ભેજ તેને માન્ય ન હોય. સરોવર કે નદી વચ્ચે તરાપામાં દિવસો પસાર કરવાનું તે પસંદ કરે પણ સાથે સાથે બાકીની દુનિયા સાથેનો સંપર્ક પણ તેણે જાળવી રાખવો હોય. પર્વતના શિખર પર ખુરશી મૂકીને તેને બેસવું હોય પણ ત્યાં પણ તેને હોટેલ જેવી સગવડતા જોઈએ. માનવીને આપણે જોઈએ અને તે પણ જોઈએ. આ એક વાસ્તવિકતા છે. આ વાસ્તવિકતા સ્વીકારીને જ ફ્રાન્સના એલાઉચના જંગલ જેવા વિસ્તારમાં પ્લાસ્ટિકના બબલ - પરપોટા જેવી હોટલ બનાવવામાં આવી છે.

તેમનું માર્કેટિંગ સૂત્ર રાત્રી માટે આબોહવા નિયંત્રિત પ્લાસ્ટિકના બબલમાં સૂઈ જાઓ છે. આ સૂત્ર જ ઘણી બધી બાબતો સ્પષ્ટ કરી દે છે. મહદઅંશે આનો ઉપયોગ રાત્રિના સમયે થશે, જ્યારે અન્ય કોઈ પ્રવૃત્તિમાં લગાવ ન હોય, જ્યારે મનને પ્રવૃત્ત રાખવા અન્ય કોઈ ઉપકરણની જરૂર ન હોય. બસ, માત્ર આરામની સ્થિતિ માટે આ બબલ છે. અહીંની આબોહવા નિયંત્રિત હશે. ગરમીમાં અહીં ઠંડક મળી રહેશે અને ઠંડી ઋતુમાં ગરમી મળી રહે તે રીતની ગોઠવણ હશે. આ બબલની અંદરની આબોહવા તે બબલના ગ્રાહક દ્વારા નક્કી થશે. આ બબલ પ્લાસ્ટિકનું હશે, થોડુંક પારદર્શક તો થોડુંક અપારદર્શક. તેથી જરૂરી ગોપનીતા મળી રહે અને બહારની પરિસ્થિતિ સાથે દૃશ્ય સંપર્ક પણ જળવાઈ રહે. આ હોટલની આ ખાસિયત છે. સ્થાનિક કાયદા અનુસાર આ સમગ્ર રચનામાં અપંગ લોકોને સગવડતા રહે તેનું પણ ધ્યાન રખાયું છે.

રાત્રિના વિરામ માટેના બબલ ઉપરાંત અહીં







સ્વાભાવિક રીતે સ્વિમિંગ પૂલ, રેસ્ટોરાં, નાનો રમત માટેનો વિસ્તાર, સામાન્ય પણ રસપ્રદ આવન-જાવન માટે પગદંડી જેવી અન્ય સામાન્ય સવલતો પણ હોય. અહીં ગ્રાહકની જરૂરિયાત મુજબ વિવિધ પ્રકારના બબલ નિર્ધારિત કરાયાં છે - જેમકે ચાઈનીઝ સિદ્ધાંત પ્રમાણેના ઝેન બબલ, કુદરત સાથે વધુ જોડાયેલા રહેતાં નેચર બબલ, ફ્રાન્સની પોતાની પરંપરા પ્રમાણેના લા બુલે કે લા બુલે ચિક બબલ અને આજુબાજુના જંગલ સાથે વધારે દ્રશ્ય સંપર્કમાં રહે તેવાં જંગલ બબલ. આ દરેક બબલની રચના એક ચોક્કસ થીમ આધારિત હોય તે સ્વાભાવિક છે. આ થીમ પ્રમાણે જે તે બબલની ગોઠવણ, તેનું માપ, તેની દિશા, તેની સપાટીઓમાં પારદર્શિતાનું પ્રમાણ તથા ત્યાં પ્રયોજવામાં આવેલ રાચરચીલાનો પ્રકાર નક્કી થયેલ છે. આ દરેક બબલનું પોતાનું બાથરૂમ હોય તે સ્વાભાવિક છે. આ બધા સાથે બહાર બેસવા માટે નાનકડી ટેરેસ પણ બનાવવામાં આવી છે. કુદરત સાથે સારી રીતે જોડાવા માટે તે જરૂરી પણ છે.

અહીંના દરેક બબલનો વ્યાસ ૪.૦૦ મીટરની આસપાસ છે અને દરેકમાં એક તારાઓને નિરખવા માટે ટેલિસ્કોપ રાખવામાં આવ્યું છે. આ એક સારી વાત છે. દિવસે જંગલ માણવાનું અને રાતે આકાશ તેના તારા સાથે. આ બધા બબલની રચના તેમજ ગોઠવણ એ રીતના કરાઈ છે કે જરૂરી ન્યુનતમ ગોપનીયતા જળવાઈ રહે. આ માટે પારદર્શક સપાટી પર ચોક્કસ પ્રકારનું રંગ રોગાન પણ કરાવ્યું છે. આનાથી ત્યાં રહેનાર વ્યક્તિને 'રોમેન્ટિક' માહોલ હોવાની અનુભૂતિ થઈ શકે છે. ક્યારેક તો એમ જણાય છે કે અહીં રહેનાર વ્યક્તિ આજુબાજુના ૩૬૦ અંશના રોમાંચક દૃશ્ય માટે તેમની અંગત ગોપનીયતાનું થોડું ઘણું બલિદાન આપવા તૈયાર હોય છે.

આમ તો બબલમાં રહેવું એટલે જે તે નકારાત્મક કારણથી સમાજથી દૂર રહેવાની વાત હોય છે. કોરોના-કાળમાં બબલ વ્યવસ્થા હકારાત્મક છાપ નહતી છોડતી. આ રચનાથી એ છાપમાં ક્યાંક બદલાવ આવ્યો હશે એમ લાગે છે. બબલ એક સર્જનાત્મક વ્યવસ્થા હોઈ શકે તે આ રચના પરથી સ્થાપિત થાય છે.

એક રીતે જોતા એમ કહેવાય કે શહેરીકરણની પ્રક્રિયા એ કુદરતી વિમુખ થવાની વાત છે. લોકોએ નગર એટલા માટે જ વિકસાવ્યા કે કુદરતની વિપરીત પરિસ્થિતિથી કંઈક મુક્તિ મળે. માનવી પહેલાં જે જંગલમાં વાસ કરતો હતો તેમાં અસલામતી પણ હતી, તકલીફો પણ હતી અને પરસ્પરના સહકારનો પણ અભાવ હતો. આ બધાંથી મુક્ત થવા માનવીએ એક સાથે રહેવાનું સ્વીકાર્યું અને ધીમે ધીમે નગર અસ્તિત્વમાં આવ્યું. અહીં તેની મોટાભાગની જરૂરિયાતો સંતોષાતી થઈ. પરંતુ તેનો કુદરતી માહોલ માટેનો લગાવ ઓછો ન થયો. આજે પણ જંગલ તરફ કે અન્ય કુદરતી માહોલ તરફ જવાની તક તે છોડતો નથી. તેને કુદરતી માહોલને પોતાની રીતે માણવાની ઈચ્છા થઈ આવે છે. આ સારી નિશાની છે. સ્થાપત્યમાં આ પ્રકારના પ્રયત્નો ચાલુ રહે તો એક સમયે માનવી કુદરતના સાચા મહત્ત્વને સમજી શકશે.

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ટ્રમ્પકાકા, યુદ્ધ નહીં અમારા ન્યૂઝ એંકરોને રોકો!



ભારત પી. ઓ. કે. પર અડધી રાત્રે ૨૭ મિસાઈલ સાથે ખાબક્યું અને આતંકવાદીઓના ઠેકાણાં, સરનામાં ફેરવી મુકામ પોસ્ટ નર્ક કરી નાખ્યા, જે ઓફિશિયલ ગવર્મેન્ટ ન્યૂઝ તરીકે સેનાના વડાએ અને વડા પ્રધાનશ્રી એ છાતી ઠોકીને કાયદેસર જણાવ્યું, પરંતુ વિશ્વ આખું ભારતભરની અમુક ન્યૂઝ ચેનલોના હાકલા પડકારા અને વિગતો જોઈ ગોટાળે ચડ્યું હતું.

અચાનક જ અમુક ન્યૂઝ ચેનલોમાં ઝીરો વોલ્યુમ રાખીએ તો પણ યુદ્ધમાં ફાટેલ બૉમ્બ જેવા અવાજે મેલ- ફિમેલ એન્કર બૉમ્બ ધડાકાની જેમ માહિતીઓ ઠાલવી રહ્યા હતા.

આગલી રાત્રે થયેલા યુદ્ધને 'બ્રેકિંગ ન્યૂઝ' તરીકે લોકોના મગજ ઉપર હુમલો કરી ચિપકાવી રહ્યા હતા.

ભારતની પ્રજા મંદબુદ્ધિની હોય અને એક વારમાં એ નહીં સમજે તેવું માની એકને એક વાત દસ વાર રજૂ કરતા હતા.

ભારતને આધી રાત કો કિયા હમલા...આધી રાત કો ભારતને કિયા હમલા...હમલા કીયા આધી રાત કો ભારતને...

અબ તક કી બડી ખબર...ભારતને હમલા કિયા આધી રાત કો..!

અરે ભાઈ, એકવાર બોલીશ તો પણ ખબર પડશે જ.

બીજી પણ એક જગ્યા છે તેની વાત કરું. અહીં પણ ત્રાસામ ત્રાસ જ હતો. એ હતી વોટસઅપ યુનિવર્સિટી ... પાનના ગલ્લે કે ચાની કીટલી પર જઈએ ત્યારે ખબર પડે. અહીં અર્થશાસ્ત્રીઓ, યુદ્ધ શાસ્ત્રીઓ, પરમાણુ વૈજ્ઞાનિક,...જેવી અધરી નોટો, જેને ઘરે કોઈ સાચવતું ન હોય. ઘરે રીંગણાનું શાક બનાવજો કહીને નીકળ્યો હોય અને બટેટાનું પધરાવે તો પણ દાંત કાઢીને ખાઈ લે તેવા લોકોનો મેળાવડો થતો અને આ ન્યૂઝ ચેનલવાળાઓ સાથે જ તીખા અવાજે ચર્ચાઓ કરતા હતા.

હું આ બધા (ક)મંડળમાં ક્યાંથી ભરાયો તે જાણવા નાનકડી વાત કહી દઉં.

બે દિવસથી મારા ઘરે કોઈ ન હોવાથી આનંદમાં ને આનંદમાં મોડો સૂવ છું. સ્વાભાવિક છે કે જાગવામાં પણ મોડું થાય, પરંતુ સવારે પહેલી રામાયણ એ થાય કે ચા કોણ બનાવીને પીવડાવશે? પરંતુ ચુનિયાએ આ જવાબદારી સ્વીકારી સવારના પહોરમાં એક આખી ચાનું પાર્સલ લઈ અને જગાડવા પહોંચી જાય છે. બીજું કોઈ કામ ન હોવાને કારણે ફ્રેશ થઈ અને ચુનિયા સાથે હું પણ ચાની કીટલી પર પહોંચી જાઉં છું. અહીં તમને ભારતે ન વાપર્યા હોય એવા હથિયારો પણ કયારે, ક્યાં, કોની પર વાપર્યા તે જાણવા મળે. આજે રાત્રે શું કરવાનું છે? તે વડા પ્રધાનને ખબર ન હોય, પરંતુ અમારી ચાની કીટલીએ આ ખુફિયા માહિતી પહોંચી જાય.

મેં તો ચુનિયાને પૂછ્યું પણ ખરું કે 'તું યુદ્ધમાં જવાનો છે?' તો મને કહે 'મારી ઘરવાળીને પૂછવું પડે'. મેં કહ્યું 'આ બધાં જ લોકોની યુદ્ધ લડવામાં કુનેહ અદ્ભુત છે તેમ માની દેશને જોઈતા હોય તો આપી દેવા જોઈએ....'

ચર્ચામાં ઉગ્રતાથી ભાગ લઈ રહેલ એક ભડવીરને મેં કહ્યું : 'તમે યુદ્ધ વિશે ઘણું જાણો છો તો બોર્ડર પર જાવ.'

મને કહે : 'ઉનાળામાં આપણને ન ફાવે. મને પરસેવો ખૂબ વળે છે. વળી મિલિટરીની વર્દી ખૂબ જાડી આવે એટલે ઝીણી ઝીણી ફોડલીને કારણે હું થોડું અનકમ્ફર્ટેબલ ફીલ કરું, શિયાળામાં હોત તો સ્વેટર પહેરીનેય પહોંચી જાત.'

આ સાંભળીને મને એકવાર તો એનાં મોઢા પર ઢીકો મારી લેવાનું મન થયું.

આ બધી વાતમાં ચા બે બે વાર પીવાઇ ગઇ હતી. ચાની કીટલી વાળો આ 'ચર્ચા કરતા યુદ્ધ પ્રવીણો' પાસે પૈસા લેવા માટે આવ્યો ત્યારે ખબર પડી કે આમાંના અડધા ચેનલ પર હાકલા પડકારા કરવાવાળા અને અડધા કોઈને કોઈ પક્ષના કાર્યકરો છે. બધાના ખાતા ચડી ગયા છે. ચા વાળાએ બધાને જે રીતે ખખડાવ્યા અને રૂપિયા માગ્યા તે જોઈ અને મને હિન્દુસ્તાન ભરના દર્શકો તરફથી લીધેલો બદલો લાગ્યો. ચાવાળાને અંતરથી આશીર્વાદ પણ આપ્યા.

સૌથી વધારે મજા આવતી હોય તો આપણી ન્યૂઝ ચેનલોની એ કે અમુક તો એવા એવા મિસાઈલ અને રોકેટ તથા વિમાનોના નામ બોલ્યા છે કે બંને દેશના કાયદેસરના સત્તાધીશો ગોટાળે ચડી ગયા કે આવું આપણા શસ્ત્રાગારમાં કાંઈ હતું કે નહીં?

વિપક્ષોએ તો આક્ષેપો પણ કર્યા કે 'છાનીમાની શસ્ત્રોની ખરીદી કરી નક્કી ભ્રષ્ટાચાર કર્યો છે'.

'પલ પલ કી ખબર, આજ કી એક બડી ખબર, સીધા યુદ્ધભૂમિ સે હમારે સંવાદદાતા મુળજીને કી એક સૈનિક સે બાત... યે વહી સૈનિક હે જિસને રાત કો મિસાઈલ હમલેમેં એકાદ મિસાઈલ છોડીથી...'

એક મિસાઈલ પેલા મુળજી અને સ્ટુડિયો પર દાગવાનું મન થાય. મૂળજી ને પૂરું ગુજરાતી આવડતું નથી તો હિન્દીમાં કે અંગ્રેજીમાં તો ક્યાંથી ઇન્ટરવ્યૂ લે? કોઈ પણને વરદી પહેરાવી એના ઇન્ટરવ્યૂ લે તે કેમ ચાલે?

આવા બધા માહોલમાં એવી અદમ્ય ઈચ્છા થાય કે અમુક ન્યૂઝ એંકરોને તો મિસાઈલ સાથે બાંધી અને ગમે ત્યાં મોકલી દેવા જોઈએ.

બાય ધ વે, યુદ્ધના સમયમાં તમામ ન્યૂઝ ચેનલો બંધ કરી દેવાના હુકમ ન થઈ શકે? અથવા તો બ્લેકઆઉટ ના સમયે માત્ર ન્યુઝ ચેનલની લાઇટ ચાલુ રખાવવી. શું કયો છો? ■

### વિચારવાયુઃ

બ્રિગેડિયરઃ હરણભાઈ, તમે જો થોડોક ટાઈમ ન્યૂઝમાં સીઝફાયર કરો તો બોર્ડર ઉપર અમે ફાયર કરીએ...


*હાલી નીકળેલી ન્યૂઝ ચેનલોને સમર્પિત

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

### ડોનલ્ડ ટ્રમ્પ 'ટેરિફ પર ટેરિફ...' પછી અજમાવે છે

# જગતની સૌથી ખતરનાક જેલ 'અલ્કાટ્રઝ' ફરી ખોલવાનો જોખમી ખેલ!

**અમેરિકાની ૧૦ સૌથી કાળમીંઢ કારાવાસમાં જેની ગણના થાય છે એવી હાઈ સિક્યોરિટીવાળી 'ન્યુ ઓર્લિયન્સ પ્રિઝન'માંથી ૧૦ રીઢા અપરાધી તાજેતરમાં જે રીતે છટકી ગયા પછી પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકામાં વધતી જતી ગુનાખોરીને ડામવા વધુ સચેત થઈ રહ્યા છે...**



અમેરિકાની સૌથી બદનામ 'અલ્કાટ્રઝ જેલ'



૧૦ કેદી હમણાં નાસી ગયા એ 'ન્યુ ઓર્લિયન્સ પ્રિઝન'



ડોનલ્ડ ટ્રમ્પ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ એમના તોરીલા મિજાજ અને તરંગી દિમાગ માટે બડા બદનામ છે. જોકે, કેટલાક નિષ્ણાત મનોચિકિત્સકોના નિદાન મુજબ એમનું આ કહેવાતા 'ગાંડપણ'માંય અંગ્રેજીમાં કહીએ તો એ 'Method in Madness' (એક પૂર્વયોજિત પદ્ધતિ) છે. આવા આ તોફાની ટ્રમ્પે હમણાં લોકો ચોંકી જાય એવો અજબગજબનો નિર્ણય લીધો છે.

વિદેશોમાં કેટલાંક એવાં કાળમીંઢ કારાગૃહ છે કે એને અંદરથી ભેદીને કોઈ બહાર ન આવી શકે કે પછી બહારથી ખાતર પાડીને અંદર ન પ્રવેશી શકે. આવાં પોલાદી પ્રિઝનમાં બહુ જાણીતી છતાં બડી બદનામ છે અમેરિકાની 'અલ્કાટ્રઝ પ્રિઝન'... એના ઉલ્લેખ માત્રથી ભલભલા રીઢા અપરાધીઓ ભયથી ધ્રૂજી જાય ને એનાં ગાત્રો ગળી જાય.

સાન ફ્રાન્સિસકોના દરિયા કિનારેથી માંડ બે કિલોમીટરના અંતરે આવેલા એક ટાપુ પર છેક ૧૯૩૪માં શરૂ થયેલાં આ કારાગૃહની શરૂઆત લશ્કરી જેલ તરીકે થઈ હતી. બે વર્ષ બાદ લાંબી સજા પામેલા ડ્રગ્સ માફિયાના ખોફનાક કેદીઓને અહીં રાખવાના શરૂ થયા. છેલ્લે અહીં માંડ ૩૫૦ કેદીને સમાવવાની જ કોટડીઓ હતી. જો કે કેદી પર એવી સખ્ત નિગરાની રાખવામાં આવતી કે કોઈ કેદી જેલ નિયમનો નાનો અમથોય ભંગ કરે તો એને અતિ ક્રૂર કહેવાય એવી માનસિક-શારીરિક સજા ફટકારવામાં આવતી... અહીંની સિક્યુરિટી સિસ્ટમ એવી તગડી હતી કે આટલાં વર્ષોમાં જેલમાંથી ભાગીજવાના કુલ ૧૪ પ્રયાસ થયા, જેમાંથી પાંચેક કેદી જેલની હદ-સરહદ માંડ પાર કરી શક્યા. એમાંથી ૩ તો દરિયાઈ માર્ગે ભાગવાના પ્રયાસમાં ડૂબી મર્યા તો બાકીના બે જેલ સિક્યોરિટીના હાથે વીંધાઈ ગયા.. આ જાલીમ જેલની ક્રૂરતા- કડકાઈ એવી વગોવાઈ ગઈ હતી કે આ જેલનું જ લોકાલ ને માહોલ લઈને હોલિવૂડમાં કેટલીક સફળ ફિલ્મો બની છે, જેમકે 'એસ્કેપ ફ્રોમ અલ્કાટ્રઝ', 'ધ રોક', 'પોઈન્ટ બ્લેન્ક' ઈત્યાદિ.

આમાંથી ૧૯૭૯ માં રજૂ થયેલી વિખ્યાત સ્ટાર ક્લિન્ટ ઈસ્ટ ૪ વૂડની ફિલ્મ 'એસ્કેપ ફ્રોમ અલ્કાટ્રઝ' ખાસ્સી વખણાઈ હતી. એટલું જ નહી, એક સાથે ૮૧૫ સ્ક્રીન પર પ્રદર્શિત થયેલી આ ફિલ્મે




આ વગોવાયેલી જેલને જોવા હવે દુનિયભરના ટૂરિસ્ટ આવે છે

અમેરિકા-કેનેડામાં ૪૩ મિલિયન ડૉલરનો તગડો વેપાર કર્યો હતો...એ જમાનામાં!

આ તો એક જેલ પર આધારિત ફિલ્મની જવલંત આર્થિક સફળતાની વાત હતી, પરંતુ સમય વીતતા છેલ્લે છેલ્લે , કારાવાસના ઈતિહાસમાં સૌથી બદનામ આ કારાગૃહ કાર્યરત રાખવું બહુ ખર્ચાળ બની ગયું હોવાથી સરકારે જ ૧૯૬૮માં બંધ કરીને એને જેલ મ્યુઝિયમાં ફેરવી નાખ્યું હતું.

હવે ૫૭ વર્ષથી જેલમાંથી મ્યુઝિયમમાં પલટાઈ ગયેલી આવી ખતરનાક જેલને પુનઃ જીવિત કરવાનો અખતરો અમેરિકાના





ક્લિન્ટ ઈસ્ટવુડની ફિલ્મ : 'એસ્કેપ ફ્રોમ અલ્કાટ્રઝ'નું એક દૃશ્ય...

રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ કરી રહ્યા છે. થોડા દિવસ પહેલાં જ ૧૨૫૦ કેદી કસ્ટડીમાં રાખતી અમેરિકાની હાઈ સિક્યોરિટીવાળી 'ન્યુ ઓલિયન્સ પ્રિઝન'માંથી ૧૦ કુખ્યાત અપરાધી આબાદ છટકી ગયા પછી પોતાના સોશિયલ મીડિયા પ્લેટ ફોર્મ પર ટ્રમ્પએ પોતાની આ ઈચ્છાની જહેરાત કરતાં કહ્યું છે કે આજે અમેરિકામાં જે ઝડપે જલદ ગુનાખોરી વધી રહી છે એને ડામવા માટે 'અલ્કાટ્રઝ' જેવા કાળમીંઢ કારાવાસની આપણને તાત્કાલિક તાતી જરૂર છે અને એ માટે મેં આપણા ન્યાયતંત્રથી લઈને FBI સહિત લાગતી-વળગતી કાઈમ એજન્સીસને નવું

'અલ્કાટ્રઝ પ્રિઝન' ઊભું કરવાની તાકીદ આપી દીધી છે...'

જોકે, ૨૨ એકર જમીન પર પ્રસરેલા આ અલ્કાટ્રઝ કારાવાસની કાયાપલટ માટે જંગી રકમ જોશે. કેટલી જરૂર પડશે એ વિશે ટ્રમ્પે સત્તાવાર કશું જાહેર કર્યું નથી, પણ અમેરિકાના જેલ-સંચાલનના જાણીતા નિષ્ણાતો કહે છે કે આજના જમાનામાં આ જેલને કાર્યરત કરવા પાછળ શરૂઆતમાં જ ઓછામાં ઓછા ૫થી ૬ મિલિયન ડૉલરનો ખર્ચ થશે. એની સાથે આજના જમાનાને અનુરુપ એવાં અતિ આધુનિક ચુસ્ત સંરક્ષણનાં નવાં સાધનો વસાવવા પડશે. એનો ખર્ચ તો કરોડો ડોલરમાં આવી શકે. અગાઉની જેમ ૨-૩ વોચ ટાવર કે ૮૦-૧૦૦ હથિયારધારી સંત્રીઓથી આજના જેલની સુરક્ષા ન થઈ શકે.

હાલના તબક્કે અમેરિકામાં અલ્કાટ્રઝ જેલની સમકક્ષ ગણી શકાય એવી અનેક રીઢા અપરાધીઓ જ્યાં આજે છે એ અમેરિકાની સૌથી કાળમીંઢ જેલ છે કોલારાડોની 'એડીએક્સ ફ્લોરેન્સ' પ્રિઝન. આમ છતાં, ટ્રમ્પ ઈચ્છે છે તેવી ધાક જમાવતી અલકાટ્રઝ કારાવાસની કાયાપલટ કરવી અશક્ય નથી,પણ ખૂબ ખર્ચાળ જરૂર છે. આમ છતાં, 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન' અને 'મેક અમેરિકા ફર્સ્ટ' જેવાં સૂત્ર અવાર નવાર ઉચ્ચારતાં ટ્રમ્પ હવે અપરાધીઓને ડામવા માટે જેલના મામલે પણ અમેરિકાને 'ગ્રેટ' બનાવવા ઈચ્છે છે!

તમને કદાચ નવાઈ લાગશે કે એક યા બીજા કારણોસર વગોવાઈ ગયેલાં જગતભરનાં આવાં ઘણાં બધા 'જાણીતાં' જેલખાનાઓમાં આપણાં પણ એક કારાવાસની ગણના થાય છે અને એ છે મુંબઈની 'આર્થર રોડ જેલ'!

આ આમચી મુંબઈની જેલની પણ કાયાપલટ કરવાના તાજા સમાચાર આવ્યા છે...અત્યારે કેવી છે આ આર્થર રોડ જેલ અને હવે ત્યાં શું શું થશે ફેરફાર એ વિશે વાત હવે પછી ... ! ■

# વિશ્વશાંતિ માટેની દોડ... જા જા હવે....થાય તો યુદ્ધ કરી લે!

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com



ઘણીવાર એવું લાગે કે દુનિયામાં શાંતિ જાળવી રાખવાનો પ્રયાસ કરવો એ પોતાની જાત સાથે યુદ્ધ ખેલવા જેવી વાત છે. એના માટે કેટલી બધી તામઝામ ને કેટકેટલા હૈયાઉકાળા કરવા પડે ત્યારે જઈને આખરે મોંમાંથી એકાદ જલદ વાત નીકળી શકે છે અને વળી આ વાત ત્યારે પણ આખેઆખી નીકળતી નથી જ્યારે આપણે લડાઈ કરવા નથી માગતા હોતા.

હવે એ તો સમજાઇ ગયું છે કે લડાઈ કરવા માગતા બે માણસ કે બે દેશ એકબીજાનો આમનો સામનો કર્યા વગર યુદ્ધ વિના ખાલી વાતો કરીને લડી નહીં શકે. હજારો કે લાખો મરાય પણ ગમે તેમ પણ લડવું તો પડશે જ! જોકે, આ વાતમાં થાય છે એવું કે આજે વિશ્વમાં શાંતિ જાળવવા માટે હોબાળો કરનારા દેશો પણ એકબીજાનો સામનો કર્યા વગર શાંતિ નથી રાખી શકતા. લડનારાં એ બેઉ દેશની વચ્ચે શાંતિ રાખવાની વાતચીત પણ કંઈક વિચિત્ર ને હિંસક રીતે થતી હોય છે, જેમ કે....

પહેલો દેશઃ 'જુઓ સાહેબ, હું તમને સ્પષ્ટ કહેવા માગું છું અને તમે કાન ખોલીને સાંભળી લો કે હું લડાઈ કરવા નથી માગતો.'

બીજો દેશઃ 'તું આ કોને કહી રહ્યો છે? જરા ભાનમાં રહીને વાત કર. અમે પણ પહેલાં જ કહી ચૂક્યાં છીએ કે અમે પણ લડવા નથી માગતા.'

પહેલોઃ 'અરે જા જા , તું શું શાંતિ રાખશે? યુદ્ધની તૈયારીઓ તો કરી રહ્યા છો અને શાંતિની વાત કરો છો. અમને મૂર્ખ સમજો છો કે?'

બીજોઃ (ગુસ્સામાં પોતાનાં જ કપડાં ફાડીને) એ સાંભળ, 'હું ૧ વાર કહી ચૂક્યો છું અને ૧૦૦ વાર કહું છું કે હું શાંતિ ઇચ્છું છું, ઓકે? અને લડાઈ કરવા નથી માગતો. સાંભળો છો તમે કે એક દઉં ઉપાડીને?'

પહેલોઃ 'હા હા, હું સાંભળી રહ્યો છું. વધારે બૂમ-બરાડા પાડવાની જરૂર નથી. તું આજે શાંતિની વાત કરી રહ્યો છે, પણ અમે તો તારા કરતાં પહેલાં જ શાંતિ રાખી રહ્યા છીએ.'

બીજોઃ 'છોડો રહેવા દો, શું રાખ્યું છે આ બધી વાતોમાં? ધૂળ ને ઢેફાં? આ તો અમે છીએ કે હજી જે શાંત બેઠાં છીએં, નહીંતર તમે તો દુનિયાને ક્યારની અંદરોદર લડાવીને મરાવી જ નાખી હોત!'

પહેલોઃ 'એ બસ કર...જરા મોં સંભાળીને વાત કરો.'

બીજોઃ 'પહેલા તમે સભ્યતાથી વર્તો. ઓકે?'

પહેલોઃ 'તું તારી જાતને બહુ શાંતિવાદી માને છે? અરે, તારા કરતાં વધારે શાંતિ તો અમે રાખીએ છીએ. વધારે બોલાવ નહીં અમારા મોઢે!'

બીજોઃ 'જા, જા, ચાલતી પકડ. જાવ, જાવ, આવ્યા મોટા શાંતિ રાખવાવાળા!'

પહેલોઃ 'એમ? દેખાડું તને? કે વધારે શાંત કોણ છે? તું જોવા માગે છે? બે લાફાં મારીશને તો લાઇફમાં શાંતિની વાત કરવાનું ભૂલી જશે તું.'

હવે આ બે દેશને શાંત પાડવા આમાં ત્રીજો દેશ વચ્ચે પડે છે...

ત્રીજો દેશઃ 'શાંતિ...શાંતિ...શાંતિ...સાહેબો, તમે બેઉ શાંતિ રાખો. એ ના ભૂલશો કે તમે બેઉ શાંતિ પરિષદમાં આવ્યા છો!'

પહેલોઃ 'તો હું શાંત જ છુંને ? હું ક્યાં કોઈ યુદ્ધ કરી રહ્યો છું?'

બીજોઃ 'તો હું પણ શાંત જ બેઠો છું. મને ઉશ્કેર નહીં નહીંતર શાંત નહીં રહું ઓકે?'

એકઃ 'એમ? તો શું કરી લઇશ? બોલ બોલ.. એકવાર બોલીને તો દેખાડ પછી જો હું શું કરીશ...બોલ ને...બોલ...'

..અને આ રીતે બંને પક્ષ કે દેશની શાંતિ-પરિષદ ત્યાં સુધી ચાલતી જ રહે છે, જ્યાં સુધી એ બન્ને લડાઈ કરવાનાં બીજાં કારણો જમા ના કરી લે! અને જે રીતે શાંતિને નામે દુનિયામાં સદીઓથી યુદ્ધો ચાલે જ રાખે છે.

------

(એક વિશેષ ચોખવટઃ આ લેખને પેલેસ્ટાઇન-ઇઝરાયલ, રશિયા-યુક્રેન કે ભારત-પાકિસ્તાન એમ ત્રણેયના મુદ્દા સાથે કોઇ સંબંધ નથી અને છે પણ.....જો કે આ મૂળ લેખ, સદગત શરદ જોશીએ ૩૦ વરસ અગાઉ લખ્યો હતો !) ■

કેરિયર
નરેન્દ્ર કુમાર
feedback@bombaysamachar.com

# સાયબર સુરક્ષાના ક્ષેત્રમાં બનાવો સલામત કારકિર્દી...



આજના ડિજિટલ યુગમાં સાયબર સુરક્ષા એ ઝડપથી વિકસતું અને અત્યંત મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર છે. માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ તેના પ્રોફેશનલ્સની ભારે માગ છે. તેથી ચાલો જાણીએ કે આ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રમાં કારકિર્દી કેવી રીતે બનાવવી?

**જરૂરી લાયકાત**

૧૨મા પછી સાયન્સ અને ગણિતની સાથે કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરવો જરૂરી છે અથવા કોમ્પ્યુટર સાયન્સમાં બીઇ અથવા સાયબર સિક્યોરિટી કોમ્પ્યુટર એપ્લિકેશનમાં બીએસઇ અથવા બીસીએ+સાયબર સિક્યોરિટી સર્ટિફિકેશન, આ ક્ષેત્રમાં જવા માટે આ મૂળભૂત શિક્ષણ છે. જો તમે આ પ્રકારનું શિક્ષણ મેળવ્યું ન હોય તો સાયબર સુરક્ષા નિષ્ણાંત બનવાનો બીજો માર્ગ વિવિધ પ્રમાણપત્રો છે. જેમ કે-

૧) સર્ટિફાઇડ એથિકલ હેકર

૨) સર્ટિફાઇડ ઇન્ફોર્મેશન સિસ્ટમ્સ સિક્યોરિટી પ્રોફેશનલ્સ,

૩) સર્ટિફાઇડ ક્લાઉડ સિક્યોરિટી પ્રોફેશનલ

૪) ઓફેન્સિવ સિક્યોરિટી સર્ટિફાઇડ પ્રોફેશનલ જેવા સર્ટિફાઇડ કોર્સ કરીને પણ સાયબર સિક્યોરિટી નિષ્ણાંત બની શકાય છે.

**મુખ્ય અભ્યાસક્રમો અને ડિગ્રી પ્રોગ્રામ**

૧) સાયબર સિક્યોરિટીમાં બી. ટેક. આ ચાર વર્ષનો ડિગ્રી પ્રોગ્રામ છે અને આ કરવા માટે ૧૨મા ધોરણમાં ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને ગણિતમાં પાસ હોવું જરૂરી છે.

૨) બીસીએ+સાયબર સિક્યોરિટી સર્ટિફિકેશન, આ ત્રણ વર્ષનો ડિગ્રી પ્રોગ્રામ છે અને આ માટે પણ કોઇ પણ સ્ટ્રીમમાંથી ૧૨મું પાસ જરૂરી છે.

૩) ઇન્ફોર્મેશન સિક્યોરિટી/સાયબર સિક્યોરિટીમાં એમ. ટેક. આ બે વર્ષનો ડિગ્રી પ્રોગ્રામ છે, આ કરવા માટે બી.ટેક અથવા બીસીએ હોવું જરૂરી છે.

૪) સાયબર સિક્યોરિટીમાં પીજી ડિપ્લોમા, આ ડિપ્લોમા સીડીએસી અથવા એનઆઇઇએલઆઇટી વગેરેમાંથી કરી શકાય છે, જેના માટે ૬ થી ૧૨ મહિનાનો સમય લાગે છે અને આ કરવા માટે ઉમેદવાર સ્નાતક હોવો જરૂરી છે.

૫) એથિકલ હેકિંગ કોર્સ(સર્ટિફિકેટ), આ કરવા માટેનો સમય ૩ થી ૬ મહિનાનો છે અને કોઇ પણ સ્નાતક તે કરી શકે છે.

**અભ્યાસ માટેની મુખ્ય સંસ્થા**

૧) સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ(સીડ ીએસી)

૨) આઇઆઇઆઇટી હૈદરાબાદ, અહીંથી આઇટી અને સાયબર સિક્યોરિટીમાં એમ.ટેક.નો અભ્યાસ કરી શકાય છે.

૩) આઇઆઇટી કાનપુર, આઇઆઇટી મુંબઇ, અહીંથી સાયબર સિક્યોરિટીમાં એમ.ટેક.નો અભ્યાસ કરી શકાય છે.

૪) એમીટી, મણિપાલ, એસઆરએમ, જેએનયુ અને એનઆઇઇએલઆઇટી, અહીંથી યુજી/પીજી/ સર્ટિફિકેશન કોર્સ કરી શકાય છે.

૫) પ્રાઇવેટ પ્લેટફોર્મ્સ- કોરસેરા, યૂડેમી, ગ્રેટ લર્નિંગ અને સિમ્પલી લર્ન જેવા પ્રાઇવેટ પ્લેટફોર્મ્સ પરથી પણ આ ક્ષેત્રનો અભ્યાસ કરી શકાય છે.

**ક્યાં નોકરી મળશે**

સીઇઆરટી-ઇન-એનટીઆરઓ-ડીઆરડીઓ, આઇએસઆરઓ, આઇવી અને પોલીસ સાયબર સેલ જેવી સરકારી સંસ્થાઓમાં વિવિધ પદો પર નોકરી મળે છે.

જો ખાનગી ક્ષેત્રની વાત કરીએ તો ટીસીએસ, ઇનફોસિસ, વિપ્રો, એચસીએલ, આઇવીએમ વગેરે જેવી વિવિધ આઇટી કંપનીઓમાં. તેમજ બેકિંગ અને ફિનટેક- સાયબર હરેટ એનાલિસ્ટ, સિક્યોટી ઓડિટર વગેરે.

વિદેશની વાત કરવામાં આવે તો યુએઇ, યુએસ, યુકે, કેનેડા વગેરે દેશોમાં એથિકલ હેકર્સ, સિક્યોરિટી એનાલિસ્ટ વગેરેની ભારે માગ છે. તેમાં જો સંભવિત હોદ્દા અને ભૂમિકાઓની વાત કરીએ તો- સાયબર સિક્યોરિટી એનાલિસ્ટ, એથિકલ હેકર, ઇનફોર્મેશન સિક્યોરિટી ઓફિસર, સિક્યોરિટી આર્કિટેક્ટ, પેનેટરેશન ટેસ્ટર, માનવેર એનાલિસ્ટ, ફોરેન્સિક એક્સપર્ટ, ક્લાઉડ સિક્યોરિટી એક્સપર્ટ વગેરેનો સમાવેશ થાય છે.

**પગાર ધોરણ**

૧) ૦ થી ૨ વર્ષનો અનુભવ ધરાવતા લોકોને ભારતમાં સરળતાથી ૪ થી ૮ લાખ રૂપિયાનો વાર્ષિક પગાર મળી શકે છે.

૨) ૩ થી ૬ વર્ષનો અનુભવ ધરાવતા લોકોને ૧૦ થી ૨૦ લાખ રૂપિયા વાર્ષિક પગાર મળી શકે છે. જ્યારે સીનિયર પ્રોફેશનલ્સને ૨૫ લાખ રૂપિયાથી વધુ વાર્ષિક પગાર આરામથી મળી રહે છે.

**જરૂરી કૌશલ્ય**

૧) નેટવર્કિંગ બેસિક

૨) ઓપરેટિવ સિસ્ટમ્સ(લાઇનેક અને વિન્ડોઝ)

૩) પ્રોગ્રામિંગ(પાઇથન, જાવા અને થ્રી++)

૪) ક્લાઉડ સિક્યોરિટી. ■

### પોલીસ ઓફિસરની કેબિનમાં પણ સીસીટીવી બેસાડો

# સ્ટેટ પોલીસ કમ્પ્લેન્ટ્સ ઓથોરિટીની રાજ્ય સરકાર પાસે માગણી

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્ટેટ પોલીસ કમ્પ્લેન્ટ્સ ઓથોરિટી (એમએસપીસીએ)એ એક આદેશમાં રાજ્યને ભલામણ કરી છે કે પોલીસ અધિકારીઓની કેબિનમાં સીસીટીવી કેમેરા બેસાડવાના નિર્દેશો જારી કરવામાં આવે. આમ કરવાથી આ કેબિનોની અંદર બનતી કોઈ પણ ઘટના યોગ્ય રીતે રેકોર્ડ થઈ શકશે..

ધુળેના એક એડવોકેટએ જાન્યુઆરી ૨૦૨૩માં ફરિયાદ કરી હતી કે તત્કાલીન જિલ્લા પોલીસ અધિક્ષક - એસપી સંજય બરકુંડેએ તેમની કેબિનની અંદર એડવોકેટ સાથે કથિત રીતે દુર્વ્યવહાર કર્યો હતો. આ ફરિયાદની સુનાવણી કરતી વખતે એમએસપીસીએના અધ્યક્ષ ન્યાયાધીશ (નિવૃત્ત) શ્રીહરિ ડાવરે, સભ્ય વિજય સતબીર સિંહ અને સભ્ય ઉમાકાંત મિટકરે તેમના આદેશમાં જણાવ્યું હતું કે રાજ્યએ અગાઉ પોલીસ સ્ટેશનોના પરિસરમાં કેમેરા લગાવવા માટેના નિર્દેશો જારી કર્યા છે અને સીસીટીવી કેમેરા અધિકારીઓની કેબિનમાં પણ બેસાડવા માટે સમાન નિર્દેશો જારી કરવામાં આવે એવી ભલામણ કરી છે. જોકે ઓથોરિટીએ યોગ્યતાના અભાવનું કારણ આપીને એસપી સામેની ફરિયાદ ફગાવી દીધી હતી.

વિશ્વ હિન્દુ પરિષદના પદાધિકારી અને એડવોકેટ વિશાલ પિંપળેએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે માતા-પિતાની સંમતિ વિના લગ્ન કરી પોલીસ સુરક્ષાની માંગણી કરતા દંપતીનો કેસ તેઓ લડી રહ્યા છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે શ્રુતિના માતા-પિતા તરફથી ધમકીની સંભાવના હોવાથી શ્રુતિ અને યુવરાજ ખૈરનાર સાથે તેમણે ૭ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ એસપીની ઓફિસની મુલાકાત લીધી હતી.

ફરિયાદીના જણાવ્યા અનુસાર એસપીએ તેમને પોતાની કેબિનમાં બોલાવ્યા હતા, પરંતુ માત્ર શ્રુતિ ખૈરનારને જ અંદર પ્રવેશવાની મંજૂરી આપી હતી અને અન્ય લોકોને બહાર રાહ જોવાની સૂચના આપી હતી. ત્યારબાદ એસપીએ ફરિયાદીને કેબિનમાં બોલાવ્યો હતો અને કથિત રીતે ધમકી આપી હતી અહીંથી જતો રહે અથવા તેની મારપીટ કરી તેની સામે ખોટા કેસ દાખલ કરશે.

જોકે, એસપીએ ફરિયાદી સાથે કોઇ ગેરવર્તન કે ખરાબ વર્તનનો ઇનકાર કર્યો હતો. એસપીએ જણાવ્યું હતું કે તેમણે દંપતીને નિઝામપુર પોલીસનો સંપર્ક સાધવાની અને લેખિત અરજી રજૂ કરવાની સલાહ આપી હતી, પરંતુ આવી કોઈ અરજી દાખલ કરવામાં આવી ન હતી. ■



**પૂર્વતૈયારી...** ચોમાસુ બેસવાની આરે છે ત્યારે રેલવે ટ્રેક પર પાણી ન ભરાય તે માટે પંપ ગોઠવવાનું કામ શરૂ થઈ ગયું છે. (અમય ખરાડે)

## હરિયાણામાં પેટ્રોલ પંપને નામે ટ્રાન્સપોર્ટર સાથે ૯૭.૫ લાખની છેતરપિંડી

થાણેઃ હરિયાણામાં પેટ્રોલ પંપ શરૂ કરવામાં મદદ કરવાને બહાને નવી મુંબઈના ટ્રાન્સપોર્ટર સાથે ૯૭.૫ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ પ્રકરણે પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

ટ્રાન્સપોર્ટનો વ્યવસાય ધરાવતા ફરિયાદી વેપારીએ કામોઠે પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણે હરિયાણાના હિસ્સારના રહેવાસી આરોપીને ડિસેમ્બર, ૨૦૨૦થી જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જોકે આરોપીએ પેટ્રોલ પંપ શરૂ કરવા માટે કોઇ મદદ કરી નહોતી અને પૈસા પણ પાછા આપ્યા નહોતા.

પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં ટ્રાન્સપોર્ટરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# દસમા અને બારમાની સપ્લિમેન્ટરી પરીક્ષાનું ટાઈમટેબલ જાહેર

મુંબઈઃ દસમા અને બારમા ધોરણમાં નાપાસ થયેલા અથવા પોતાના ગ્રેડ સુધારવા માંગતા વિદ્યાર્થીઓ માટે રાજ્ય બોર્ડ દ્વારા લેવામાં આવતી સપ્લીમેન્ટરી એક્ઝામનું સમયપત્રક ગુરુવારે જાહેર કરવામાં આવ્યું. જે અનુસાર ધોરણ ૧૦ અને ૧૨ની સપ્લીમેન્ટરી એક્ઝામ ૨૪ જૂનથી લેવામાં આવશે.

મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડના નવ ઝોનલ બોર્ડ - પુણે, નાગપુર, છત્રપતિ સંભાજીનગર, મુંબઈ, કોલ્હાપુર, અમરાવતી, નાસિક, લાતુર અને કોંકણ દ્વારા દસમા અને બારમા ધોરણની સપ્લીમેન્ટરી એક્ઝામ જૂન-જુલાઈ ૨૦૨૫માં લેવામાં આવશે. તે મુજબ, બારમા ધોરણની જનરલ, દ્વિભાષી અને વ્યાવસાયિક અભ્યાસ માટેની લેખિત પરીક્ષા ૨૪ જૂનથી ૧૬ જુલાઈ દરમિયાન લેવામાં આવશે. તેવી જ રીતે પ્રેક્ટિકલ, ગ્રેડ, મૌખિક અને ઇન્ટરનલ ઇવેલ્યૂશન તેમજ વ્યાવસાયિક અભ્યાસક્રમની પ્રેક્ટિકલ પરીક્ષાઓ ૨૪ જૂનથી ૧૧ જુલાઈ દરમિયાન લેવામાં આવશે. ઉપરાંત ધોરણ બારમાની ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અને જી.કે.ની પરીક્ષા ૧૫ અને ૧૬ જુલાઈ, ૨૦૨૫ ના રોજ ઓનલાઈન લેવામાં આવશે.

ધોરણ ૧૦ માટે લેખિત, પ્રેક્ટિકલ અને મૌખિક પરીક્ષાઓ ૨૪ જૂનથી આઠ જુલાઈ દરમિયાન લેવામાં આવશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે કાર્ય શિક્ષણ વિષયો માટેની લેખિત અને પ્રેક્ટિકલ પરીક્ષાઓ ૨૪ જૂનથી ચોથી જુલાઈ દરમિયાન લેવામાં આવશે. ધોરણ બારમા અને દસમાની સપ્લીમેન્ટરી એકઝામનું વિગતવાર સમયપત્રક મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સત્તાવાર વેબસાઇટ www.mahahsscboard.in વેબસાઇટ પર ૨૨ મે થી ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. ■

## મહિલા વક્ફની મિલકતોની રખેવાળ ન બની શકે એવી દલીલ સાથેની અરજી હાઇ કોર્ટે ફગાવી

મુંબઈઃ છત્રપતિ સંભાજી નગરમાં આવેલી સૈયદ શાહ નિઝામુદ્દીન દરગાહના મુતવલ્લી અથવા રખેવાળ તરીકે પોતાને જાહેર કરવાની માગણી કરનાર એક વ્યક્તિની અરજીને બૉમ્બે હાઇકોર્ટની ઔરંગાબાદ ખંડપીઠે ફગાવી દીધી હતી. આ વ્યક્તિએ મુતવલ્લી (રખેવાળ)ની મહિલાની પાત્રતાને પડકારી હતી. ઇસ્લામિક કાયદો મહિલાને મુતવલ્લી અથવા વકફની મિલકતોના રખેવાળ બનવાની મંજૂરી નથી આપતો એવી રજૂઆત અરજીમાં કરવામાં આવી હતી. આ વ્યક્તિ વર્ષો સુધી આ જ મુદ્દે વારંવાર અદાલતના દરવાજા ખટખટાવતો હોવાનું ધ્યાનમાં આવતા અદાલતે આ દાવાને 'કષ્ટદાયક' જાહેર કરી દાયકાઓથી ચાલતા મુકદ્દમાને ફગાવી દીધો હતો.

છત્રપતિ સંભાજી નગરના નિઝામુદ્દીન ચોક ખાતે આવેલી સૈયદ શાહ નિઝામુદ્દીન દરગાહના રખેવાળ અંગેની કાનૂની લડાઈ ૧૯૬૬થી ચાલતી આવે છે, જ્યારે ગુલામ મોઇનોદ્દીન ઉર્ફે કૈસરુદ્દીનનું ૧૯૬૫માં અવસાન થયું હતું. તેમના પરિવારમાં એક પત્ની અને પુત્રી હતા. ૧૯૯૬માં, એક સિવિલ કોર્ટે દરગાહની રખેવાળી અંગે એક ફરમાન જાહેર કરી કૈસરુદ્દીનની પુત્રી નૈય્યરજહાં બેગમ અને તેની પત્ની મોહમુદી બેગમને મુતવલ્લી તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ નિર્ણયને મહારાષ્ટ્ર વકફ બોર્ડ દ્વારા એ જ સમયે માન્યતા આપવામાં આવી હતી. ■

# ધારાવીનો પુનર્વિકાસ તાણથી પીડાતા રહેવાસીઓના જીવનમાં આરામ, મનની શાંતિ લાવશે

મુંબઈઃ વિશ્વની સૌથી ગીચ ઝૂંપડપટ્ટી તરીકે ઓળખાતી ધારાવી માત્ર ગરીબી અને જગ્યાના અભાવ સાથે જ સંઘર્ષ કરી રહી નથી, ત્યાં ધીમે-ધીમે વધી રહેલા માનસિક તાણ સામે પણ લડાઇ જારી છે. સાંકડી ગલીઓ અને ગીચ ઘરોમાં તણાવ, ચિંતા અને હતાશા ફેલાઈ રહ્યા છે, જે હજારો જીવનને અસર કરે છે.

ઘણા રહેવાસીઓ માટે, પુનર્વિકાસની આશા એ પ્રકાશનું એકમાત્ર કિરણ છે. તેઓ માને છે કે સૂર્યપ્રકાશ, શૌચાલય અને જગ્યા ધરાવતા સારા ઘરો ફક્ત આરામ જ નહીં, પણ માનસિક શાંતિ પણ લાવશે.

હવે જ્યારે મારા મકાનનો સર્વે પૂર્ણ થયો છે, ત્યારે મને લાગે છે કે મારા જેવા ગરીબોને આખરે કંઈક મળશે, ધારાવીમાં ૩૫ વર્ષથી રહેતા ૫૮ વર્ષીય કડિયાકામ કરતા વેંકટી પવાર કહે છે. ''આપણને ૨૪૩૭ પાણી અને વીજળી સાથે આધુનિક ઘરો મળશે. આ વિચાર મને શાંતિ આપે છે. અમને એક ગૌરવપૂર્ણ જીવન મળશે. કુલી કામ કરનાર મિકી સુભાષ કહે છે કે અમે એક નાના રૂમમાં ૧૦-૧૨ લોકો છીએ. સૂર્યપ્રકાશ નથી, હવા નથી. ગુંગળામણ થાય છે. જ્યારે હું તાણમાં હોઉં છું, ત્યારે હું બહાર જાઉં છું અને ક્યાંક એકલો બેઠો છું. આ રીતે મને મારા માટે થોડી જગ્યા અને માનસિક શાંતિ મળે છે. ધારાવીની અર્થવ્યવસ્થા કાગળ પર ભલે સમૃદ્ધ લાગતી હોય, પરંતુ તેને શક્તિ આપનારા લોકો ઘણીવાર નાણાકીય પતન, ભાવનાત્મક થાક અને શારીરિક અસ્વસ્થતાની ધાર પર જીવી રહ્યા છે.

બાળકો પણ તેનાથી પ્રભાવિત થાય છે. ધોરણ ૯નો વિદ્યાર્થી વિક્રમ ગોલે કહે છે હું ઘરે અભ્યાસ કરી શકતો નથી. આસપાસ ઘોંઘાટ છે અને જગ્યા નથી. હું તણાવ અનુભવું છું. કદાચ તેઓ હસશે તેમ માની હું મારા મિત્રોને તે કહેતો પણ નથી. ■

### ધૂળે ગેસ્ટહાઉસમાંથી રોકડ મળી આવી

# ફડણવીસે એસઆઇટી રચવાને બદલે ઇડીને કેસ કેમ ન સોંપ્યો: રાઉત

મુંબઈઃ ધુળે શહેરના ગેસ્ટ હાઉસના એક રૂમમાંથી પાંચ કરોડ રૂપિયા મળી આવ્યા હતા. શિવસેના (યુબીટી) ના નેતા સંજય રાઉતે શુક્રવારે મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર નિશાન સાધતા સવાલ કર્યો હતો કે આ અંગેનો કેસ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)ને કેમ ન સોંપ્યો તેમણે મહારાષ્ટ્ર સરકાર આ મામલાની તપાસ માટે રચાયેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ માટે સમયમર્યાદા નક્કી કરે તેવી માંગ કરી હતી. વિપક્ષે આરોપ લગાવ્યો છે કે અને તે લાંચ આપવા માટે હતા. આ આરોપોને કારણે મુખ્ય પ્રધાને એસઆઈટી તપાસનો આદેશ આપ્યો હતો. પત્રકારો સાથે વાત કરતા રાઉતે કહ્યું કે એસઆઈટી ની જાહેરાત કરવાને બદલે મુખ્યપ્રધાને રાજ્ય વિધાનસભામાં સેક્શન ઓફિસર કિશોર પાટિલ અને અંદાજ સમિતિના અધ્યક્ષ અર્જુન ખોતકરના પર્સનલ આસિસ્ટન્ટ સામે કેસ નોંધવાનો આદેશ આપવો જોઈતો હતો. ખોતકર નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાના વિધાનસભ્ય છે.

રાઉતે સવાલ કર્યો હતો કે, જો ખોતકરના કહ્યા પ્રમાણે આ સમગ્ર ઘટના સમિતિને બદનામ કરવા માટે નાટક હતું, તો વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદે દ્વારા પાટીલને શા માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે? આના જવાબમાં રામ શિંદેએ જણાવ્યું હતું કે, રૂમ તેમના નામે બુક કરવામાં આવ્યો હોવાથી કિશોર પાટીલને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તમામ મર્યાદાઓ ઓળંગવા બદલ સુપ્રીમ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને ફટકાર લગાવવા અંગે પૂછવામાં આવતા, રાઉતે કહ્યું કે, નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે છેલ્લા ૧૦ વર્ષોમાં રાજકીય વિરોધીઓને હેરાન કરવા માટે એજન્સીનો દુરુપયોગ કર્યો છે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| અવધાન | કબાટ |
| અવસર | ઈચ્છા |
| અલમારી | એકાગ્રતા |
| અભિજાત | મોકો |
| અભિલાષા | ખાનદાન |

### ઓળખાણ પડી?

આંખ પર કાળી પટ્ટી જેમની એક ઓળખ હતી એવા આક્રમક સ્વભાવના લશ્કરી વડા અને પછી પોતાના દેશના પ્રધાન બનેલી વ્યક્તિની ઓળખાણ પડી?



અ) અબ્દેલ નાસર બ) મેનાચેમ બેગીન ક) મોશે દયાં ડ) યાસર અરાફાત

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | ઘા | ૨ ન | ૩ ગ | રી | | ૪ કિ | ૫ લ | કા | ૬ રી |
| રા | | ૭ ખ | મા | | ૮ ધ | ર | મ | | ડિ |
| ૯ જ | બ | રા | | ૧૦ સા | ર | | ણું | | યા |
| મા | | ળી | | ૧૧ ચ | પ | ળ | | ૧૨ સ | ર |
| ૧૩ ન | ૧૪ ખ | | ૧૫ વ | | ત | | ૧૬ ક | ર | મ |
| | ૧૭ વિ | લા | સિ | તા | | ૧૮ વ | ળ | ગ | ણ |
| ૧૯ ક | સ | | ય | | ૨૦ ખ | | ૨૧ ત | મ | |
| ઠ | | ૨૨ પ | ત | ૨૩ ઝ | ડ | | ર | | ૨૪ આ |
| ણા | | થ | | ૨૫ રો | ત | ૨૬ લ | | ૨૭ ચી | સ |
| ૨૮ ઇ | સ | રા | જ | | ૨૯ લ | ક્ષ્મી | પૂ | જ | ન |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| | | ૭ | | | ૮ | | | | |
| | ૯ | | | | | | ૧૦ | ૧૦-અ | |
| ૧૧ | | | | ૧૨ | | | | | |
| | | ૧૩ | ૧૪ | | | | ૧૫ | | ૧૬ |
| ૧૭ | | | ૧૮ | | | ૧૯ | | | |
| | | ૨૦ | | | ૨૧ | | ૨૨ | | |
| | ૨૩ | | | | ૨૪ | ૨૫ | | | |
| ૨૬ | | | | ૨૭ | | | | ૨૮ | |
| ૨૯ | | | | | ૩૦ | | | | |

**આડી ચાવી**

૧. મોટાઇનાં વખાણ (૫)
૪. ખુશી (૪)
૭. બીક ભય (૨)
૯. ટેસ્ટ, સ્વાદ (૩)
૧૦. તેના જેવું દેખાતું (૩)
૧૧. સરખું (૩)
૧૨. ગાયકીનો એક પ્રકાર (૩)
૧૩. લાખોની મિલકત ધરાવનાર (૪)
૧૭. યશ, પુણ્ય, મોક્ષ, શુભ (૨)
૧૮. મગ્ન, લીન (૨)
૧૯. સ્વપ્ન (૨)
૨૨. પ્રજા, લોકો (૩)
૨૩. પાનનું --- એટલે પાનખર (૩)
૨૪. માહિતી, બાબત, સૂઝ (૩)
૨૬. કર્મ, કાર્ય (૩)
૨૭. કચરો, રજ, તણખલું (૩)
૨૮. પાંપણ (૨)
૨૯. વિચાર કરવો તે (૪)
૩૦. ધૂળનો કણ (૪)

**ઊભી ચાવી**

૧. મુખ્ય નહીં એવું (૨)
૨. પાણીમાં લાગેલી આગ (૫)
૩. જેર, મૃત્યુવશ (૩)
૫. પાસે, સાથે, નોળવેલ (૩)
૬. આબેહૂબ (૩)
૮. વધારે સારી (૪)
૯. ભરતી પછી ૧૨ મિનિટ પાણી થોભે તે (૨)
૧૦-અ.દૃષ્ટિ, નજર, આંખ (૨)
૧૧. બધા કરતાં ચડિયાતું (૪)
૧૨. વેચાણ, ઉપાડ (૩)
૧૪. દુષ્ટ, ગધેડો (૨)
૧૫. મડદાની જેમ (૪)
૧૬. એકદમ બારીક (૫)
૨૦. હમણાં વરસાદ--- વરસે (૪)
૨૧. વિગતથી, લંબાણપૂર્વક (૪)
૨૩. હવે લગનના --- વધી ગયા (૩)
૨૫. --- સરી કે વૈદ વેરી (૩)
૨૬. જયાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે --- (૨)
૨૮. પરંતુ, વળી, ઉપરાંત, સુધ્ધાં (૨)

### ગુજરાત મોરી મોરી રે

1978માં જેનું બાંધકામ પૂર્ણ થયું હતું એ ધરોઈ બંધ ગુજરાતની કઈ નદી પર બાંધવામાં આવ્યો હતો એ અહીં આપેલા વિકલ્પોમાંથી શોધી શકશો ?

અ) તાપી બ) મધુમતી ક) મહી ડ) સાબરમતી

### જાણવા જેવું

એક સમયે શહેરની તથા ઘરની નમૂનેદાર બાંધણીને કારણે 'પેરિસ ઓફ ધ ઈસ્ટ' તરીકે પંકાયેલું મોરબી નગર ૧૧ ઓગસ્ટ, ૧૯૭૯ના દિવસે ઉપરવાસમાં આવેલ મચ્છુ-૨ બંધના પાળા તૂટવાના કારણે જળપ્રલયનો ભોગ બની ભારે તારાજ થયું હતું. ત્યારબાદ ૨૬ મી જાન્યુઆરી, ૨૦૦૧ ના રોજ આવેલા ભૂકંપમાં પણ મોરબી ને જાન અને માલને ભારે નુકસાન વેઠવું પડ્યું હતું.

### સુડોકુ-૮૦૯૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૫ | ૨ | ૧ | ૭ |
| | | | ૭ | ૧ | ૯ | | ૩ | ૬ |
| | | | ૮ | | ૬ | | | |
| ૨ | | ૭ | ૫ | ૬ | | | ૮ | ૧ |
| ૮ | | | | | | | | ૫ |
| ૩ | ૫ | | | ૮ | ૭ | ૬ | | ૨ |
| | | | ૯ | | ૨ | | | |
| ૧ | ૬ | | ૪ | ૩ | ૮ | | | |
| ૯ | ૮ | ૨ | ૬ | | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૯૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૪ | ૨ | ૫ | ૯ | ૬ | ૧ | ૭ |
| ૬ | ૫ | ૨ | ૧ | ૭ | ૮ | ૪ | ૯ | ૩ |
| ૯ | ૧ | ૭ | ૬ | ૪ | ૩ | ૫ | ૨ | ૮ |
| ૭ | ૪ | ૯ | ૮ | ૬ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૨ | ૮ | ૩ | ૪ | ૧ | ૭ | ૯ | ૫ | ૬ |
| ૫ | ૬ | ૧ | ૯ | ૩ | ૨ | ૮ | ૭ | ૪ |
| ૩ | ૭ | ૮ | ૫ | ૯ | ૪ | ૨ | ૬ | ૧ |
| ૧ | ૨ | ૫ | ૭ | ૮ | ૬ | ૩ | ૪ | ૯ |
| ૪ | ૯ | ૬ | ૩ | ૨ | ૧ | ૭ | ૮ | ૫ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

દેશને બચાવવા અમેરિકા સામેની લડાઈ તરીકે ઓળખાયેલા વિયેતનામ વોર કેટલા વર્ષ ચાલ્યું હતું એ જણાવો. આ યુદ્ધ પર ફિલ્મો પણ બની છે.

અ) 9 બ) 14 ક) 21 ડ) 25

### નોંધી રાખો

જેવા છીએ તેવા રહેવામાં વધુ સાર છે એ યાદ રાખજો, કારણ કે ઓરિજિનલની કિંમત ઝેરોક્ષ એટલે કે નકલ કરતાં કાયમ વધારે જ હોય છે.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: 1, 7, 23, 49, 85, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે 85 પછી કઈ સંખ્યા આવે?

અ) 119 બ) 125 ક) 131 ડ) 140

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| રંક | ગરીબ |
| રંજ | દિલગીરી |
| રંદો | ઓજાર |
| રત | મગ્ન |
| રઢ | જીદ |

ગુજરાત મોરી મોરી રે: ગોવિંદ સાવંત

ઓળખાણ પડી: ઈજીપ્ત

માઈન્ડ ગેમ: ૨૧૩

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: હલ્દીઘાટી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) હર્ષા મહેતા (૯) નુતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) લજિતા ખોના (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૬) પુષ્પા પટેલ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેશ દોશી (૨૫) અંજુ ટોલિયા (૨૬) ભાવના કર્વે (૨૭) જગદીશ ઠક્કર (૨૮) કિશોર બી. સંઘરાજકા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) પ્રવીણ વોરા (૩૩) અરવિંદ કામદાર (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) પુષ્પા ખોના (૩૬) નિતિન જયંતીલાલ બજરિયા (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) રમેશ દલાલ (૪૦) હિના દલાલ (૪૧) અંબરીષ ઓઝા (૪૨) દિપીકા દોશી (૪૩) મહેશ સંઘવી (૪૪) અલ્કા વાણી (૪૫) જયવંત પદમશી ચિખલ (૪૬) ધીરેન ઉદ્દેશી (૪૭) ગીતા ઉદ્દેશી (૪૮) પ્રતિમા પમાણી

# ગુજરાતમાં કોરોનાના કેસોએ ફૂંફાડો માર્યો: અમદાવાદમાં એક જ દિવસમાં કોરોનાના ૨૦ કેસ નોંધાયા

અમદાવાદ: અમદાવાદમાં મે મહિનામાં કોરોનાના કેસોમાં વધારો થયો છે. એક જ દિવસમાં કોરોનાના ૨૦ કેસ નોંધાયા હતા. કોરોનાના કુલ ૩૧ એક્ટિવ કેસ છે. કોરોનાના દર્દીઓમાં સામાન્ય તાવ, કફ અને શરદીનાં લક્ષણો જોવા મળ્યાં છે. અમદાવાદ શહેરમાં કુલ ૨૯ જેટલા કેસો નોંધાયા છે જેમાં ૮ દર્દીઓને હાલ રજા આપી દેવામાં આવી છે. જ્યારે ૩૧ જેટલા એક્ટિવ કેસ નોંધાયા છે સૌથી વધારે થલતેજ, બોડકદેવ, ઘાટલોડિયા, ગોતા, ચાંદલોડિયા સહિતના વિસ્તારોમાં ૧૦ કેસો નોંધાયા છે. ગુરુવારે અમદાવાદ શહેરમાં કોરોનાના પાંચ નવા કેસ નોંધાયા હતા. જ્યારે શુક્રવારે એકાએક ૨૦ કેસો પોઝિટિવ જોવા મળ્યા હતા. શહેરના તમામ દર્દીઓ પૈકી એક ૮૪ વર્ષીય પુરુષ હોસ્પિટલમાં દાખલ છે. તેમજ એક ૨૦ વર્ષીય યુવતીને કોરોના પોઝિટિવ આવતાં સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. યુવતીને શ્વાસ લેવામાં તકલીફ પડતા સારવાર માટે ઓક્સિજન પર રાખવામાં આવી છે. અન્ય દર્દીઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે. કડીમાં પણ એક યુવક પોઝિટિવ છે અને રાજકોટમાં પણ લાંબા ગાળા બાદ કોરોનાનો કેસ નોંધાતા ૪૩ વર્ષીય પુરુષનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતાં તેને હોમ આઇસોલેટ કરવામાં આવ્યો છે.

અમદાવાદની મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એસવીપી અને શારદાબેન અને એલ.જી. હોસ્પિટલમાં આઇસોલેશન વોર્ડ ઊભા કરવામાં આવ્યા છે. મે મહિનામાં કોરોનાએ માથું ઉંચકતા લોકોમાં કોરોનાનો ડર હાવી થયો છે. અમદાવાદમાં એક જ દિવસમાં ૨૦ કેસ નોંધાતા ચિંતા વધી છે. હાલ ૩૩ કેસ એક્ટિવ છે. આ સિવાય રાજકોટમાં પણ કોરોનાનો એક કેસ પોઝિટિવ આવ્યો છે. તેમજ કડી તાલુકામાં કોરોનાના બે કેસ પોઝિટિવ જોવા મળ્યા હતા. ડોક્ટરને શંકા જતાં કોરોના ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો, જેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ અંગે સ્થાનિક આરોગ્યતંત્રને જાણ કરવામાં આવી હતી. ગુજરાતમાં વકરી રહેલા કોરોનાના કેસોને ધ્યાને લઈને આરોગ્ય વિભાગ સક્રિય થઈ ગયો છે.

# ગુજરાતમાં આગામી સાત દિવસમાં ભારેથી અતિ ભારે વરસાદ સાથે વાવાઝોડાની આગાહી: માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અરબ સાગરમાં સર્જાયેલું લો પ્રેશર ડિપ્રેશનમાં ફેરવાઈ તેવી શક્યતાના પગલે ગુજરાત પર વાવાઝોડાનો ખતરો છે. રાજ્યમાં આગામી સાત દિવસ રાજ્યમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી તેમજ જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં ૫૫ કિલોમીટર પ્રતિ કલાક પવનની ગતિ સાથે ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરી છે.

મધ્ય ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. છોટાઉદેપુર, મહીસાગર જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો તો કડાણાના ગ્રામ્ય વિસ્તારોમાં પવન સાથે વરસાદ વરસ્યો હતો. છોટાઉદેપુરના ક્વાંટ, નર્મદાના નાંદોદ, અમરેલી, રાજકોટ, ઉપલેટા, પાનેલી તાલુકામાં પણ એક થી દોઢ ઈંચ ધોધમાર વરસાદ વરસ્યો હતો. મુંબઈ-ગોવા પર બનેલી સિસ્ટમ વાવાઝોડામાં પરિવર્તિત થઈ ગુજરાત પર ખતરો મંડરાતો જોવા મળ્યો છે. આગામી તા. ૨૪થી ૨૮ મે વચ્ચે વાવાઝોડું ગુજરાત પહોંચી જશે. મહારાષ્ટ્રના ભાગોમાં ૧૫ થી ૨૦ ઈંચ વરસાદ ખાબકશે. ગુજરાતના ખેડૂતો પર કમોસમી વરસાદ પછી હવે વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે. આ સિસ્ટમ સક્રીય થતા અનરાધાર વરસાદ સાથે જ ૧૦૦ કિમી પ્રતિકલાકની ઝડપથી તોફાની પવન પણ ફૂંકાશે તેમજ દક્ષિણ ગુજરાતમાં ભયાનક પૂરની સ્થિતિ આવી શકે છે. ડાંગ, આહવા, વલસાડમાં ૧૦થી ૧૨ ઈંચ વરસાદ વરસે તેવી આશંકા છે. કચ્છ, સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરમાં ભારે વરસાદ પડશે.દક્ષિણ ગુજરાતમાં ભારે પવન સાથે વરસાદથી કેરીના પાકને ભારે નુકસાન થયું હતું. ભારે પવન કારણે આંબા પરથી અસંખ્ય કેરીઓ ખરી પણ ગઈ છે. જેને કારણે કેરીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ખેડૂતોએ આ વર્ષે સારા પાકની આશા રાખી હતી પરંતુ વાતાવરણમાં પલટો આવતા કમોસમી વરસાદથી ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું હતું. દક્ષિણ ગુજરાતમાં કેરીના પાકને લગભગ ૩૦થી ૪૦ ટકા સુધી નુકસાન થયું હોવાનો ખેડૂતોનો દાવો છે.

હવામાન વિભાગે માછીમારોને ભારે પવન ફૂંકાવાની શક્યતાના કારણે માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. જે માછીમારો દરિયામાં ગયા છે તેમને પરત ફરવાની પણ સૂચના આપવામાં આવી છે. શુક્રવાર સુધીમાં રાજ્યમાં સૌથી વધુ વરસાદ ભરૂચના અંકલેશ્વરમાં નોંધાયો હતો. અંકલેશ્વરમાં ૨.૦૯ ઈંચ, અમરેલીના સાવરકુંડલામાં ૧.૫૪ ઈંચ, સુરતના ઉમરપાડામાં ૧.૪૬ ઈંચ, ગીર સોમનાથના તાલાલામાં ૧.૨૮ ઈંચ, દાહોદમાં ૧.૨૨ ઈંચ વરસાદ નોંધાયો હતો.

# ગાંધીનગરથી 'પોષણ સંગમ કાર્યક્રમ' નો રાજયવ્યાપી શુભારંભ: ગુજરાતને સુપોષિત બનાવવાનો સંકલ્પ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં બાળકોના પોષણ સ્તરમાં સુધારો લાવવા અને રાજ્યને સુપોષિત બનાવવાના ધ્યેય સાથે ગાંધીનગર ખાતેથી 'પોષણ સંગમ કાર્યક્રમ'નો મહિલા અને બાળ વિકાસ પ્રધાન ભાનુબેન બાબરીયાએ રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે પ્રધાન ભાનુબેન બાબરીયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આંગણવાડીમાં નોંધાયેલા તમામ બાળકોને તંદુરસ્ત બનાવવાના અભિયાનમાં 'પોષણ સંગમ' કાર્યક્રમ એક માઈલસ્ટોન સાબિત થશે. તેમણે કહ્યું હતું કે, પોષણને માત્ર ખોરાક જ નહીં, પરંતુ જીવનશૈલી બનાવવાની જરૂર છે. બાળકોને સુપોષિત બનાવવામાં સામૂહિક રીતે સમુદાયમાં સંકલિત પ્રયાસો કરવા પણ એટલા જ જરૂરી છે. યોગ્ય પોષણ, જરૂરી કાળજી અને સમયે સારવાર થકી ગુજરાતને સુપોષિત બનાવી શકાશે. ભાનુબેન બાબરીયાએ 'પોષણ સંગમ' કાર્યક્રમ વિશે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સંયુક્ત પ્રયાસોથી કુપોષિત બાળકો માટે સમુદાય આધારિત વ્યવસ્થાપન (સી-મેમ) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જેને રાજ્ય સરકાર દ્વારા 'પોષણ સંગમ' નામ આપવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત રાજ્યના ૬ વર્ષ સુધીના તમામ બાળકોનું નિયમિત રીતે વજન-ઉંચાઇ માપન, ભૂખ પરીક્ષણ, તબીબી ચકાસણી અને તેના આધારે યોગ્ય સ્તરે પોષણ અને આરોગ્ય વિષયક સેવાઓ ઉપલબ્ધ કરાવી અતિ કુપોષિત બાળકોને સુપોષિત કરવા ઝૂંબેશ સ્વરૂપે કામગીરી કરવામાં આવી રહી છે.

# રાજ્યમાં પીવાના પાણીની અછતને ટાળવા ૭૪ ડેમમાં પાણીનો જથ્થો આરક્ષિત રખાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉનાળા દરમિયાન પીવાના પાણીની તંગી ઊભી ન થાય તે માટે સરકારે ખાસ વ્યવસ્થા કરી છે. રાજ્યમાં પીવાના પાણીની સંભવિત અછતવાળાં ગામોનો સર્વે તાજેતરમાં કરવામાં આવ્યો હતો. આ ગામોમાં ઉનાળામાં ૨૪૩૨ ગામોને પાણી પુરવઠા યોજના મારફતે પાણી પુરવઠો પૂરો પડાઇ રહ્યો છે, ભવિષ્યમાં આ ગામોને પીવાના પાણીની મુશ્કેલી ન પડે તે માટે ૭૪ જળાશયના પાણી આરક્ષિત રાખવામાં આવ્યા છે. આયોજનના ભાગરૂપે વર્ગ-૧ તથા વર્ગ-૨ના અધિકારીઓ દ્વારા મુશ્કેલીવાળાં ગામોને દત્તક લેવામાં આવ્યાં છે. આ અધિકારીઓ દ્વારા વિવિધ માધ્યમોથી ગામમાં પાણીની જરૂરિયાત અંગેનું સઘન મોનિટરિંગ કરવામાં આવે છે.

જૂથ યોજના મારફત ગ્રામ્ય વિસ્તારોમાં પીવાલાયક પાણી પહોંચાડવા માટે રાજ્યના કુલ ૭૪ જેટલા ડેમમાંથી પીવા માટે પાણીનો જથ્થો આરક્ષિત રાખવામાં આવ્યો છે. આ ડેમમાંથી જરૂરિયાત મુજબ પાણી ઉપાડી શુદ્ધિકરણ કરી લાભાર્થી ગામો સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે.

રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ અંતર્ગત કુલ ૩૨૫૦ કિ.મી. બલ્ક પાઇપલાઇન અને ૧.૨૦ લાખ કિ.મી.થી વધુ લંબાઇની પાણી વિતરણ પાઇપલાઇન દ્વારા રાજ્યના ૧૫,૭૨૦થી વધુ ગામો અને ૨૫૧ શહેરી વિસ્તારોને દૈનિક ૩૨૦ કરોડ લિટર પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ગુજરાતના કુલ ૧૮,૧૫૨ ગામો પૈકી ૧૫,૭૨૦ ગામોને ૩૭૨ જૂથ પાણી પુરવઠા યોજના મારફતે સરફેસ સોર્સ આધારિત બલ્ક પાઇપલાઇન તેમજ નવીન-સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાઓ હેઠળ પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. જ્યારે, બાકીનાં ૨૪૩૨ ગામોને સ્થાનિક સોર્સ આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના મારફતે પાણી પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. બાકીનાં તમામ ગામોને પણ જૂથ યોજનામાં આવરી લેવામાં આવ્યાં છે, જેનું કામ હાલ પ્રગતિ હેઠળ છે.

આ ઉપરાંત જૂથ યોજનાઓમાં કેટલીક વાર લીકેજ અને પંપિંગ મશીનરી વગેરે જેવા પ્રશ્નો ઉપસ્થિત થતા જૂથ યોજનામાં સમાવિષ્ટ ગામોમાં પાણીની ઘટ ન પડે તથા ઉનાળાની સિઝનમાં પશુઓની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે અનિવાર્ય સંજોગોમાં ટેન્કરો દ્વારા જરૂર મુજબ પાણી પહોંચાડવામાં આવે છે.

# ગુજરાતમાં ગુણોત્સવ -૨ નું પરિણામ જાહેર, રાજ્યની માત્ર ૫૨૪ શાળાને એ પ્લસ ગ્રેડ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીસીઈઆરટી) દ્વારા ગુણોત્સવ ૨.૦ સ્કૂલ એક્રેડિટેશન ૨૦૨૪-૨૫નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. ગુણોત્સવ ૨.૦માં ગુજરાતની પ્રાથમિક અને હાઈસ્કૂલ મળી કુલ ૪૦,૨૮૯ સરકારી શાળામાંથી માત્ર ૫૨૪ સ્કૂલોને જ એ પ્લસ ગ્રેડ પ્રાપ્ત થયો હતો. પરંતુ જીસીઈઆરટીના સતત મોનિટરિંગના પગલે એક વર્ષમાં એ પ્લસ અને એ ગ્રેડમાં સ્કૂલોની સંખ્યા ૨૯૭૧થી વધી ૬૩૮૮ પર પહોંચી હતી. પ્રાથમિક અને આશ્રમ શાળાઓની સંખ્યામાં ગત વર્ષની સરખામણીએ એ ગ્રેડમાં ૯૪ ટકાનો વધારો થયો હતો. ગત વર્ષે એ ગ્રેડમાં ૧૯૧૯ શાળાઓ હતી, જે આ વર્ષે વધીને ૪૪૪૨ થઈ છે. રાજ્યની સરકારી સ્કૂલોની ગુણવત્તા ચકાસવા માટે છેલ્લાં ઘણાં વર્ષોથી ગુણોત્સવનું આયોજન કરવામાં આવે છે. ગુણોત્સવ લાગુ કર્યાના ૧૦ વર્ષ પછી મૂલ્યાંકનના નવા ફેરફાર સાથે ગુણોત્સવ ૨.૦ લોન્ચ કરવામાં આવ્યો હતો. ગુણોત્સવ ૨.૦ના પ્રથમ વર્ષે ગુજરાતમાં એ ગ્રેડ ધરાવતી સ્કૂલોની સંખ્યા માત્ર ૧૪ હતી. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી વિદ્યા સમીક્ષા કેન્દ્રના મોનિટરિંગ અને નવી પદ્ધતિઓના મૂલ્યાંકનના લીધે સ્કૂલોમાં ગુણવત્તા વધી હોવાનો સરકાર દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત ચાલુ વર્ષે જાહેર થયેલા પરિણામ મુજબ, રાજ્યની ૪૦,૨૮૯ સ્કૂલોમાંથી એ પ્લસ ગ્રેડમાં માત્ર ૫૨૪ સ્કૂલો આવી છે. જે ગત વર્ષની સરખામણીએ ૧૧૧નો વધારો થયો છે. ગત વર્ષે એ પ્લસ ગ્રેડમાં ૪૧૩ સ્કૂલો હતી.

# અમદાવાદ મનપામાં ઈમ્પેક્ટ ફીની ૧૦ હજાર જેટલી અરજીઓ પેન્ડિંગ, ડેડલાઈન છ મહિના લંબાવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર મ્યુનિસિપલ કોર્પોરેશને ઈમ્પેક્ટ ફી વધુ છ મહિના લંબાવવાનો નિર્ણય કર્યો હતો. કોર્પોરેશનને ૭૫૯૭૩ અરજી મળી હતી, જેમાંથી ૨૧૬૫૧ અરજી મંજૂર થઈ હતી. તંત્રને રૂ. ૨૫૮ કરોડની આવક થઈ હતી. ઈમ્પેક્ટ ફી માટે ઉત્તર પશ્ચિમ ઝોનમાંથી ૧૧૫૮૩, દક્ષિણ પશ્ચિમ ઝોનમાંથી ૧૦૭૮૪, પશ્ચિમ ઝોનમાંથી ૧૨૯૫૮, મધ્ય ઝોનમાંથી ૪૯૭૭, ઉત્તર પશ્ચિમ ઝોનમાંથી ૯૬૫૬, પૂર્વ ઝોનમાંથી ૧૧૪૭૫ અને દક્ષિણ ઝોનમાંથી ૧૪૫૪૦ મળી કુલ ૭૫૯૭૩ અરજી આવી હતી. જૈ પૈકી અનુક્રમે ૩૨૫૮, ૨૩૦૨, ૪૬૮૮, ૫૩૫, ૧૮૧૦, ૫૯૩૭, ૩૧૩૨ મળી કુલ ૨૧૬૫૧ અરજી મંજૂર કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરવા માટે ઈમ્પેક્ટ ફી ભરવામાં આવે છે. આ ફી ભરીને, જે બાંધકામો નિયમોનું પાલન કર્યા વિના બનાવવામાં આવ્યા હોય તેમને કાયદેસરની માન્યતા મળે છે. ઇમ્પેક્ટ ફીનો મુખ્ય હેતુ જે બાંધકામો બિનઅધિકૃત રીતે બનાવવામાં આવ્યા છે, તેમને તોડી પાડવાને બદલે ચોક્કસ ફી લઈને કાયદેસર કરવામાં આવે તેવો છે. આનાથી લોકોને પોતાનું બાંધકામ ગુમાવવું પડતું નથી અને સરકારને પણ આંતરમાળખાકીય સુવિધાઓ (જેમ કે રસ્તા, પાણી, ગટર વ્યવસ્થા વગેરે) વધારવા માટે ભંડોળ મળે છે. આ ફીની રકમનો ઉપયોગ જે-તે શહેરની આંતરમાળખાકીય સવલતો ઊભી કરવામાં થાય છે.

# મનરેગા કૌભાંડમાં ભાજપ નેતાઓની સંડોવણી મામલે કોંગ્રેસની વિજિલન્સ તપાસની માગ

અમદાવાદ: ગુજરાતમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) કૌભાંડમાં દાહોદના પ્રધાન બચુ ખાબડના બે પુત્રો જેલમાં ગયા બાદ હવે રાજ્યના સૌથી નાના તાલુકા, પંચમહાલના જાંબુઘોડામાં ૪ વર્ષમાં મનરેગા યોજનામાં ૨૯૩ કરોડનો ખર્ચ કર્યો હોવાનું બહાર આવ્યું છે. જેમાં ભ્રષ્ટાચાર કરવા માટે ૬૦-૪૦નો રેશિયો તોડી ૭૮ ટકા રકમનું મટિરિયલ ખરીદી કરવામાં આવી હતી. આ મામલે ગુજરાત વિધાનાસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ આક્ષેપ કર્યો હતો કે ભાજપના નેતા અને તેમના મળતિયાઓ મનરેગામાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર કરી રહ્યા છે. મનરેગા યોજના કે જે યુપીએ કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવી હતી. ભાજપ સરકાર દ્વારા પણ આજે કરોડોનું બજેટ ફાળવવામાં આવે છે. આ બજેટમાં લોકોને રોજગારી આપવાની જગ્યાએ ભાજપના નેતાઓ ખિસ્સા ભરી રહ્યા છે. દાહોદ જિલ્લાની તપાસ થાય તો ૧૦,૦૦ કરોડનો ભ્રષ્ટાચાર બહાર આવી શકે એમ છે. અમિત ચાવડાએ મોટું કૌભાંડ ખુલ્લું પાડતા જણાવ્યું હતું કે, દાહોદ જેવો જ ભ્રષ્ટાચાર હવે પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકામાં થયો છે, તાલુકાની ૨૬ ગ્રામ પંચાયત છે અને ફક્ત ૪૨,૦૦૦ની વસ્તી છે. જેમાં ૨૦૨૧-૨૨માં ૫૪ કરોડોનો ખર્ચ, ૨૦૨૨-૨૩માં ૧૨૮.૯૯ કરોડ, ૨૦૨૩-૨૪ ૬૯.૮૮માં કરોડ, ૨૦૨૪-૨૫ વર્ષમાં ૪૦.૩૮ કરોડ ખર્ચ થયો છે. અમિત ચાવડાએ જણાવ્યું હતું કે 'મટિરિયલ સપ્લાય ચાલે છે એની માહિતી મને ભાજપનાં કાર્યકરો દ્વારા આપવામાં આવી છે. જેમાં ગિરિરાજ ટ્રેડર્સ, ગિરિરાજ ટ્રેડિંગ કંપની અને જય માતાજી સપ્લાયર્સ જેવી કંપનીઓ દ્વારા કરવામાં આવ્યું છે. દાહોદની મુલાકાતે આવતા પીએમ નરેન્દ્ર મોદીને આ માહિતી પહોંચાડવાની છે. ભાજપના શાસનમાં એમના ખાસ એવા ચોકીદારો બેઠા છે અને એ જ ચોરી કરે છે. આ ચોકીદારો પ્રધાનમંત્રીના દિલ્હીથી આવતા એક રૂપિયાનો એક પૈસો પણ લોકો સુધી પહોંચવા દેતા નથી.'

# રેવન્યુ તલાટી-૨૦૨૫ની ભરતીના નિયમો બદલાયા, ૧૨ પાસની જગ્યાએ ઉમેદવારોએ ગ્રેજ્યુએટ હોવું જરૂરી

અમદાવાદ: ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મહેસૂલ તલાટીની ૨૩૮૯ જેટલી જગ્યાઓ માટે ભરતી અંગે નોટિફિકેશન બહાર પાડ્યું હતું. જેમાં મહેસૂલ વિભાગ હસ્તકની આગામી રેવન્યુ તલાટીની વર્ષ ૨૦૨૫ માટે ભરતી પ્રક્રિયા નવા નિયમો હેઠળ લેવામાં આવશે. જેમાં ઉમેદવારોની લાયકાત, ઉંમર, પરીક્ષા સહિતની બાબતોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ભરતી અંગે રાજ્યના દરેક જિલ્લા કલેક્ટર જરૂરી ખાલી પડેલી જગ્યાની માહિતી મહેસૂલ વિભાગને કરશે અને મહેસૂલ વિભાગ આ અંગે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ માહિતી મોકલશે. જેમાં રેવન્યુ તલાટીની ખાલી પડેલી અને મહેસૂલ વિભાગની માગણીને આધારે ગૌણ સેવા પસંદગી બોર્ડ પરીક્ષાનું આયોજન કરશે. રાજ્યમાં ૨૩૮૯ રેવન્યુ તલાટીની ભરતી માટે બે સ્તરમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. જેમાં પ્રાથમિક કસોટી અને મુખ્ય પરીક્ષા રહેશે. આ પરીક્ષા માટે તમામ ઉમેદવારોએ ફી ભરવાની રહેશે, જેમાં પ્રાથમિક કસોટીમાં ૪૦ ટકા કે તેથી વધુ માર્કસ લાવનારને ફી રિફન્ડ કરવામાં આવશે. રેવન્યુ તલાટીની ભરતીના નવા નિયમો હેઠળ હવે ૧૨ પાસની જગ્યાએ ઉમેદવારોએ ગ્રેજ્યુએટ અથવા છેલ્લા વર્ષમાં પરીક્ષા આપી હોય તેવા ઉમેદવારો જ ભરતી માટે અરજી કરી શકશે. આ સાથે ઉમેદવારોની ઉંમર મર્યાદા ઓછામાં ઓછી ૧૮ વર્ષની જગ્યાએ ૨૦ વર્ષ કરવામાં આવી છે. રેવન્યુ તલાટીની ભરતીમાં પ્રિલિમરી પરીક્ષા ૨૦૦ માર્કની રહેશે, જે એમસીક્યુ આધારિત લેવાશે. જ્યારે મુખ્ય પરીક્ષામાં ૩ પેપર રહેશે. જેમાં અંગ્રેજી ભાષાનું ૧૦૦ માર્કર્સનું પેપર, ગુજરાતી ભાષાનું ૧૦૦ માર્કર્સનું પેપર અને જનરલ સ્ટડીનું ૧૫૦ માર્કર્સનું પેપર રહેશે. ગુજરાતી અને અંગ્રેજી ભાષાના પેપર ધોરણ ૧૨ કક્ષાના આવશે. જેમાં ગુજરાતી વિષયના પેપરમાં નિબંધ, ગદ્ય સમીક્ષા, સંક્ષેપ્તીકરણ, વિચાર વિસ્તાર, પત્ર લેખન, અહેવાલ લેખન, ભાષાંતર અને ગુજરાતી વ્યાકરણ રહેશે.

# ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઓનલાઇન માર્કેટિંગ કરી બનાવટી કોસ્મેટિકનો વેપલો કરતા શખસોની અટકાયત: તંત્ર દ્વારા એક કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સહિત અનેક જગ્યાએ ખાદ્ય ચીજવસ્તુ અને કોસ્મેટિક ઉત્પાદનોમાં ભેળસેળ કે ડુપ્લિકેટ અથવા ખોટા ટ્રેડ માર્ક લગાવી વસ્તુ વેચવાનું પ્રમાણ વધ્યું છે. રાજ્ય સરકાર દ્વારા આ વસ્તુઓના ઉત્પાદન તેમજ ખાદ્ય ચીજવસ્તુઓના નમૂના લઈ ચેક કરવામાં આવે છે.

સામાન્ય પ્રજાની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં ભેળસેળ કરી આરોગ્ય સાથે ચેનચાળા કરતા લોકો સામે સરકારી તંત્ર એલર્ટ થયું છે. રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સુરત, કેશોદ અને ગાંધીનગરમાં બનાવટી કોસ્મેટિક ઉત્પાદકો પર દરોડો પાડવામાં આવ્યો હતો.

સુરતમાં કોસ્મેટિક વસ્તુના કોઇ પણ લાઇસન્સવ વગર અને અન્ય ઉત્પાદક પેઢીના લાઇસન્સવનો ઉપયોગ કરી કોસ્મેટિક બનાવટ પર મનફાવે તેવા આકર્ષક, ભ્રામક અને નાગરિકોને ગેરમાર્ગે દોરતાં લેબલ લગાડી પરફોર્મન્સો ઓઇલ, સ્ટેમીના એનર્જી ઓઇલ, બુલ મસાજ ઓઇલ ફોર મેન, લીફ્ટ અપ હર્બલ મસાજ ઓઇલ જેવી પ્રોડક્ટનું વેચાણ કરાતું હોવાની ખોરાક અને ઔષધ નિયમન તંત્રને બાતમી મળી હતી. આ કંપનીની માહિતી મળતા તંત્રએ દરોડો પાડ્યો હતો. આ દરમિયાન ડુપ્લીકેટ પ્રોડક્ટના ઓનલાઇનના બોક્ષ મળ્યા હતા. બોગસ કંપની સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને વસ્તુ ખરીદવાના પ્રલોભનો આપતી હતી. આ રીતે જાહેરાત કરીને ઓનલાઇન બ્રાન્ડેડ વસ્તુઓનું માર્કેટિંગ કરી ડુપ્લિકેટ કોસ્મેટિક વેચતા હતા.

પ્રાપ્ત થતી વિગતો મુજબ તંત્રએ સુરતની વ્રીક્સીટી આયુર્વેદાના માલિક કૌશીક ધર્મેશભાઇ રાદડીયા સોશિયલ મીડિયાના માધ્યમથી ઓનલાઇન માર્કેટિંગ કરી બનાવટી કોસ્મેટિકનું વેચાણ કરતા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

તંત્ર દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં ખોટા લઇસન્સી નંબર છાપી બનાવટી કોસ્મેટિકનું વેચાણ કરતાં ઇસમોને ઝડપી પાડ્યાં હતા. આ ઇસમોને પ્રોડક્ટના લેબલ અને તૈયાર પ્રોડક્ટ વગેરે મુંબઇના ક્રાફેટ માર્કેટ અને મુસાફિરખાના જેવા માર્કેટના એજન્ટો પાસેથી લાવી પોતાના ઘરે ઉત્પાદન કરતાં હતા. જેમાં તંત્રએ કુલ પાંચ નમૂના લઈને આશરે રૂ.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ સિવાય ગાંધીનગરના પેથાપુરમાં દુલ્હન એન્ટરપ્રાઇઝના સંચાલક પ્રદિપસિંહ છત્રસિંહ સોલંકી તેઓના ઘરેથી બ્રાન્ડેડ કંપનીની ડુપ્લિકેટ કોસ્મેટિક પ્રોડક્ટ બનાવતા હોવાની ગાંધીનગર અને અમદાવાદ ગ્રામ્યની ડ્રગની ટીમને માહિતી મળતા દરોડા પાડવામાં આવ્યા હતા. તંત્રએ ૨ નમૂના લઈને રૂ.૩૦ લાખની કિંમતનો મુદ્દામાલના વેચાણનું રહસ્ય ખૂલતા રૂ.૧.૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ જૂનાગઢની ટીમે કેશોદના કુલદીપ પટોળીના મકાનમાં દરોડા પાડીને ડુપ્લિકેટ કોસ્મેટિક બનાવટોના ૧૪ નમૂનાનું પરીક્ષણ કરી રૂ.૫૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આમ તંત્રએ કુલ એક કરોડની કિંમતના બનાવટી કોસ્મેટિક માલ જપ્ત કરી વેચાણ કરનાર શખસો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

# સ્માર્ટ મીટરની પોલંપોલ, અંકલેશ્વરમાં ૬.૨૯ લાખનું બિલ આવતા મકાન માલિકના હોશ ઉડ્યા

અમદાવાદ: ગુજરાતમાં સ્માર્ટ મીટર લગાવવામાં આવી રહ્યા છે, જો કે સરકારની આ પહેલનો લોકો જબરદસ્ત વિરોધ કરી રહ્યા છે. સ્માર્ટ મીટરનું બિલ વધુ આવતુ હોવાથી લોકો તેનો વિરોધ કરી રહ્યા છે. રાજ્યમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની (ડીજીવીસીએલ) દ્વારા સ્માર્ટ મીટર લગાડવાની કામગીરી સામે વિરોધના વંટોળ વચ્ચે અંકલેશ્વરમાંથી વધુ વીજ બિલ આવ્યું હોવાનો ચોંકાવાનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો.મળતી માહિતી અનુસાર, અંકલેશ્વર શહેરના સી માસ્ટર કમ્પાઉન્ડમાં રહેતા અને સામાન્ય પરિવારના પટેલ ઝુલેખા મોહમ્મદના મકાનમાં દક્ષિણ ગુજરાત વીજ નિગમ દ્વારા સ્માર્ટ મીટર બેસાડવામાં આવ્યું હતું. જોકે, રાત્રીના સમયે ડીજીવીસીએલ દ્વારા વીજ ગ્રાહકને મોબાઈલમાં મેસેજ મારફતે જે બિલ મોકલવામાં આવ્યું હતું. તે બિલની રકમ રૂ. ૬.૨૯ લાખ જોતાં જ મકાન માલિકના હોશ ઊડી ગયા હતા. મકાન માલિકે જણાવ્યું હતું કે, આટલી મોટી રકમ જોઈને મને એકદમ જ આઘાત લાગ્યો હતો. તેમણે દક્ષિણ ગુજરાત વીજ નિગમ લિમિટેડની નવી કચેરી ખાતે પહોંચી આ મુદ્દે રજૂઆત કરી હતી. જો કે, મહિલા અધિકારીએ જણાવ્યું હતું કે, આ બિલ સિસ્ટમ દ્વારા બનાવવામાં આવ્યું છે અને અમારી કોઈ ભૂલ નથી. પરંતુ સિસ્ટમની ભૂલના કારણે આટલું મોટું બિલ સામાન્ય માણસને આવતા જ પ્રશ્નો ઊભો થાય છે કે, સિસ્ટમ કામ કરે છે કે માનવી કામ કરે છે. સમગ્ર ગુજરાતમાં સ્માર્ટ મીટરનો વિરોધ જોવા મળી રહ્યો છે, ત્યારે વધુ એકવાર આટલું મોટું બિલ આવતા સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો છે.

# ૨૬ મેથી સાબરમતી-વેરાવળ-સાબરમતી વંદે ભારત ટ્રેન શરૂ થશે, સોમનાથના દર્શનાર્થીઓને થશે લાભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં વધુ એક વંદે ભારત ટ્રેન દોડશે. આગામી તા. ૨૬મીએ સાબરમતી-વેરાવળ-સાબરમતી વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવશે. આ ટ્રેન સવારે ૫:૨૫ વાગ્યે સાબરમતી સ્ટેશનથી ઉપડી બપોરે ૧૨:૨૫ વાગ્યે વેરાવળ પહોંચશે. ગુરુવાર સિવાયના તમામ વારે આ ટ્રેન દોડશે. આથી અમદાવાદથી સોમનાથ દર્શનાર્થે આવતાં ભાવિકો સહિતના લોકોને સુવિધા મળી રહેશે.

રાજકોટથી વેરાવળ વચ્ચે ઈલેક્ટ્રિફિકેશન થઈ ગયા બાદ વધુ ટ્રેન ઉપલબ્ધ થઈ ન હતી. લાંબા અંતરની ટ્રેન આપવા અને વંદે ભારત ટ્રેન શરુ કરવા માગણી કરવામાં આવી હતી. ૨૦૨૨માં વેરાવળ સાબરમતી વચ્ચે વંદે ભારત ટ્રેન શરુ કરવા રેલવે બોર્ડમાં દરખાસ્ત થઈ હતી.

આખરે રેલવે બોર્ડ દ્વારા સાબરમતી-વેરાવળ-સાબરમતી વંદે ભારત સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનને મંજૂરી આપી છે. આગામી તા. ૨૬મીએ આ ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવશે. સાબરમતી સ્ટેશનથી આ ટ્રેન સવારે ૫:૨૫ વાગ્યે ઉપડી બપોરે ૧૨:૨૫ વાગ્યે વેરાવળ પહોંચશે અને બપોરે ૨:૪૦ વાગ્યે વેરાવળથી ઊપડી રાત્રિના ૯:૩૫ વાગ્યે સાબરમતી પહોંચશે. આમ, ૪૩૮ કિલોમીટરનું અંતર કાપતા આ ટ્રેનને સાતેક કલાક જેટલો સમય લાગશે.

# મહેસાણાના સુંદરપુરા ગામે દીવાલ ધરાશાયી: ૬ શ્રમિકો દટાયા, ત્રણનાં મોત, ચાર ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સુંદરપુર ગામમાં મોટી દુર્ઘટના બની હતી. અહીં એક દીવાલ પડતા ૬ શ્રમિકો દટાયા હતા. જેમાંથી ત્રણ શ્રમિકોનાં મોત થયાં હતાં. જ્યારે ૪ ઈજાગ્રસ્તોને વિજાપુરની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. સુંદરપુર ગામમાં રહેતા અશ્વિન પટેલ નામના વ્યક્તિ જૂનું મકાન તોડીને નવું મકાન બનાવતા હતા. આ મકાનની કામગીરી ચાલતી હતી ત્યારે બાજુની જૂની દીવાલ અચાનક ધરાશાયી થઈ હતી. મકાનની દીવાલ પડતા ૬ શ્રમિકો દટાયા હતા. તમામ છ શ્રમિકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાંથી ૩નાં મોત થયાં હતાં. જ્યારે ઘાયલ થયેલા ૪ શ્રમિકોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાના પગલે ગામ લોકો દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૯. લગ્ન સંબંધી

**પરિચય પર્યટન**

40થી ઉપરની વયની મહિલાઓ/પુરુષોનું રજિસ્ટ્રેશન 31/5 પહેલા. બસેરા-9326554121. (દહેજ નહીં.) (બી-૧૫૯૯૫)

■ મુંબઈનાં/દુબઈનાં/અમેરિકાનાં/કેનેડાનાં/લંડનનાં બાયોડેટાઓ રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૫૯૯૭)

**પરિચય સંમેલન**

શ્રી ગુજરાતી પરિવાર આયોજિતઃ જીવનસાથી પરિચય સંમેલન તારીખઃ 1-6-2025 સમસ્ત ગુજરાતી સમાજના દીકરાઓ અને દીકરીઓ સંપર્ક કરો. મુકેશ કડકિયાઃ +91 9322401847. (દહેજ નહીં.) (૧૫૯૩૦-સી)

**પરિચય સંમેલન**

01/06/2025, રવિવારે, કાંદિવલીમાં, સમસ્ત ગુજરાતી સમાજના/ દરેક જ્ઞાતિના કુંવારા દિકરા/ દિકરીઓ માટે તથા અન્ય હિન્દુ જ્ઞાતિની દિકરીઓ પણ આવી શકે છે. શ્રી હરિ ઈચ્છા ફાઉન્ડેશન 9082825482. (દહેજ નહીં). (૧૫૩૪૮-બી)

**■ 26 - B. TECH IT 5'.8" બેંગ્લુરુમાં સોફ્ટવેર એન્જિનિયર 55,00,000/- + (ANNUAL) મુંબઈ પરિવાર માટે શિક્ષિત કાર્યરત ગુજરાતી છોકરી - 9224449011. (દહેજ નહીં) (બી-૧૬૦૦૫)**

**નરેન્દ્રકાકા સંગમ લગ્ન સેવા કેન્દ્ર.**

20 વર્ષથી લગ્ન સેવામાં રત. બહેનો/દીકરીઓ માટે તદ્દન મફત સેવા. ભાઈઓ માટે મફત જેવું. કુંવારી-કુંવારા, છૂટાછેડાવાળા, વિધવા-વિધુર, અપંગ, બાળક ન થાય તેવા. લગ્નલાયક પાત્ર માટે વૈષ્ણવ, જૈન, બ્રાહ્મણ, પટેલ, પ્રજાપતિ, પંચાલ, કોળી પટેલ, ધોડી પટેલ. ભંડારી, પટેલ, મરાઠી, બોધ્ધ, જયભીમ, બધાજ સમાજના ગરીબ ઓછું ભણેલી બહેનો માટે સારા વેલસેટ પાત્રો મેળવવા ખાસ મળોઃ ડી/502, આલાપ હાઈટ્સ, ગાંધીવાડી, ઉમરગામ, વલસાડ. વોટ્સએપ 9327048671. (દહેજ નહીં). (૧૫૯૪૭-એફ)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (15882-A)**

**BOY**

1982 December, B.Com, L.L.B, CS (Divorcee, No Child) Caste no Bar. Ownership Flat. Mumbai based. Contact - 9920731677. (No Dowry) (B-16009)

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**

બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૯૨૯-એ)

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૫૯૪૫)

■ જામનગરવાળા Sutaria's નવા મસાલા-અથાણા ઓર્ડર બુકિંગ માટે 8200644970/ 9426239355. (બી-૧૫૯૮૩)

**"FREE DEMO"**

''જોવા પધારો લગ્ન ગીત, સંગીત સંધ્યા, નવરાત્રી ગરબા'' ''કમલેશ'' - 9820889938. (૧૫૯૫૧-એ)

**ગાદીવાલા ચપ્પલ**

પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટ્સ - લેડીઝ માટે બોરીવલી પશ્ચિમ 9869669633. (એસડીબી-૨૬૩૯)

## ૧૨. યાત્રા સહેલગાહ

**કાર ભાડેથી મળશે**

**નવી જ ક્રિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૨. યાત્રા સહેલગાહ

■ શ્રીનાથજીના 12 ચરણ, ચોકીના દર્શન, મથુરા, વૃન્દાવન, જતીપુરા. ચિરાગ-9833009445. (૧૫૩૪૯-બી)

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન પિકઅપડ્રોપ. સમગ્ર ભારતમાં કાર. ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પોટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પેકેજ અને યાત્રા વીમો. અરહામ હોલિડે 9769977466/ 9892534488. (બી-૧૫૯૫૨)

**ભૂતાન/સિક્કીમ**

મીનીમમ બે પ્રવાસી/ગ્રુપને અનુકૂળ તારીખે સ્વતંત્ર વાહનથી. ગ્લોબલ ટૂર્સ-9967894750. (૧૫૯૪૫-એફ)

**તન્વી ચારધામ**

**હરિદ્વાર, રિષિકેશ, ગંગોત્રી, યમનોત્રી, બદ્રીનાથ, કેદારનાથ - 12 દિવસ ઉપડશે - 9 જૂન - તન્વી હોલિડેઝ - 9867313091, 9930213091. (બી-૧૬૦૧૩)**

## ૧૪. નોકરી ખાલી છે

■ સરકારી, ધંધાદારી નિવૃત્ત ભાઈ/બહેનોને અનલિમિટેડ કમાવાની સુવર્ણ તક SSC પાસ 8169881070. (બી-૧૬૦૦૬)

**કાંદિવલીમાં**

એસ્ટેટ એજન્સી માટે ડ્રાયવિંગ + કોમ્પ્યુટર જાણકાર યુવક જોઈએ. સંપર્કઃ 9820045571. (જેપી/૪૯૯૪-સી)

**TEACHER (SCIENCE)**

**Applications are invited from B.Sc. B.Ed. Teachers to Teach Science and Maths in Higher Standards. Apply to The Head Master, Sheth M. P. Rashtriya Shala (Gujarati Medium) V. P. Road, Mulund (West) Mumbai 400080 on or before 31-05-2025 or Mail us on smprsguj09@gmail.com (B-16008)**

REQUIRED ACCOUNT Assistant for Part Time or Full Time Office Work Churchgate Whatsup: 7021831500. (B-16007)

**REQUIRED IN**

Sales Dept. Experience Marketing Female Assistant for New Residential Site at Andheri East, English Speaking, Basic Computer knowledge, for more details Call: Nimesh - 8879585176. (15945-C)

**WE REQUIRE 24x7 Lady Cook at South Mumbai well versed with cooking varieties and educated enough to Cook different recipes and Speaking English with helping House Chores and Lady has to give 3 references min required who were well known to her. Attractive Package. Call 9326797975 / 9167633306. vitragindia@gmail.com (B-16017)**

## ૧૬. પેઈંગ ગેસ્ટ

**''પેઈંગ ગેસ્ટ''**

કાંદિવલી (વેસ્ટમાં) - શંકરલેનમાં સ્ટુડન્ટસ, જોબ કરતાં યુવકો (શૅરીંગમાં - 7500/-) 'ઓનર' - 9867171498. (બી-૧૬૦૧૪)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**

**પ્રાઈમ લોકેશન, 60 FEET, 2 બેડરૂમ, હોલ, કિચન, 600' કારપેટ, 2.11 CR, 2.5 બેડરૂમ, હોલ, કિચન - 805' કારપેટ 2.75 CR, 3 બેડરૂમ, હોલ, કિચન, 920' કારપેટ, 2.99 CR, 4 બેડરૂમ, હોલ, કિચન - 1670' કારપેટ - 6.11 CR, 5 બેડરૂમ હોલ, કિચન - 1730' કારપેટ - 5.75 CR, પાર્કિંગ સાથે. તમારા બજેટમાં વધુ વિકલ્પો. Home-Alone Property - જુન્ગું શાહ - 9833352224. (૧૫૯૨૭-એફ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી/વેચાણથી. હિંગવાલા લેન, 1.5 બેડરૂમ, હોલ, કિચન, નવું ટાવર, રેડી કબજો. મુકેશભાઈ - 9820261711. (૧૫૯૨૭-ડી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

વલ્લભબાગ લેન, 2.5 બેડરૂમ, 850' કારપેટ, મોડ્યુલર કિચન, હાયર ફ્લોર, 2 પાર્કિંગ, રેડી પઝેશન, ભાડેથી. 85000/=, વેચાણથી. 2.60 CR. ઓનર - 9769287479. (૧૫૯૨૭-સી)

**મુલુન્ડ (વેસ્ટ) - ભાડે આપવાનો**

ઝવેર રોડ, 3 BHK, 1000' કારપેટ, ફુલ્લી લક્ઝરી ફર્નિશ્ડ, હાયર ફ્લોર ફ્લેટ. દેરાસર, ઉપાશ્રય, સ્ટેશન, માર્કેટ, હોસ્પિટલ બધું ચાલતાં ફક્ત 5 મિનિટ. ભાડું-120000. સંપર્ક ફક્ત WhatsApp 9322213582. (એસડીબી-૨૬૧૮)

**ઘાટકોપર - સુધાપાર્ક**

વેચાણથી. 4 બેડરૂમ, હોલ, કિચન, 1800' હાયર ફ્લોર, ફુલ્લી ફર્નિશ્ડ, 2 પાર્કિંગ, ઈસ્ટ અને નોર્થ ઓપન, સાથે સરવંટ રૂમ અને બાથરૂમ. 9833855577. (૧૫૯૨૭-બી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દેરાસર લેન, 4 બેડરૂમ, હોલ, કિચન, 1700' કારપેટ, હાયર ફ્લોર, 2 કાર પાર્કિંગ, ફાઈનલ 6.11 CR બધા ચાર્જીસ સાથે. 9821147578, 9987254333. (૧૫૯૨૭/એ)

## ૧૭. જગ્યા આપવી છે

**પાર્લા (ઈસ્ટ)**

**દીક્ષીત રોડ, 2 બેડરૂમ, 636', મોર્ડન એમેનીટીસ વેંચાણથી આપવાનો. 9869208149. (૧૫૯૨૬/એ)**

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન/દેરાસર નજીક રેડીમાં એમેનિટીઝવાળા ટાવરમાં 4 બેડરૂમ (5 બાથરૂમ) 1567' રેરાકાર્પેટના હાયરફ્લોરના ફ્લેટો 31,500/-થી ઓલ ઈન્કલુઝીવ ભાવે (2 પાર્કિંગ) સાથે વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૯૪)**




(15943-A)

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન પાસે 2 બેડરૂમ 711' ફૂટ 31,500/-ના ભાવે (ઓલ ઈન્કલુઝીવ) દિવાળીએ પઝેશન. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૯૫)**

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન/ દેરાસર નજીક રેડી ટાવરમાં 1 બેડરૂમ 456' રેરા કાર્પેટના 18મે માળના ફ્લેટો 1,51,00,000/- (બધા ખર્ચાઓ + પાર્કિંગ) સાથે વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૯૬)**

**પાર્લા (વેસ્ટ)**

**દાદાભાઈ રોડ, અલ્ટ્રામોર્ડન એમિનિટીઝવાળા બંધાતા ટાવરમાં 2/3/5 બેડરૂમના ફ્લેટો, MAY 31 પહેલા બુકિંગમાં મોટું ડિસ્કાઉન્ટ રાખેલ છે. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૬૦૩)**

**જુહુ, ગુલમહોર રોડ**

વેચાણથી ૪ બેડરૂમ, ૧૯૦૦' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ, મોડર્ન ટાઉનમાં, ૪થે માળે, બે પાર્કિંગ જયંત ભાલરિયા : ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૫૯૧૨-એ)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશિયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર''- 9820156133. (બી-૧૫૮૮૧)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016-9082933313. (૧૫૭૨૭-એ)

**કાંદિવલી (વેસ્ટ)**

એસ. વી. રોડ, છઠ્ઠે માળે, ૬૮૦', બે બેડરૂમ, ૧,૮૫,૦૦,૦૦૦, નેગોશીએબલ, એક પાર્કીંગ, ગેસ લાઈન, સ્ટેશન પાસે. મહેતા એસ્ટેટ- ૯૮૨૧૫૮૩૩૬૧. (એસડીબી-૨૬૧૩)

**ગામદેવી**

૪ બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, ૨ પાર્કિંગ હાયર ફ્લોર, ઓનરશીપથી, વેચવાની, 'ભરતભાઈ' 9322246950. (બી-૧૫૯૩૬)

**લીવલાયસન્સ**

પેડર રોડ- ફર્નિશ્ડ, ત્રણ બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, White Goods, પાર્કિંગ, હાયર ફ્લોર, 'ભરતભાઈ' 9322246950. (બી-૧૫૯૩૭)

**લીવલાયસન્સ**

પ્રાર્થનાસમાજ, એક/બે બેડરૂમ, ફર્નિશ્ડ/ અનફર્નિશ્ડ વેજીટેરીયન રેડી પઝેશન, 'ભરતભાઈ' 9322246950. (બી-૧૫૯૩૮)

**મલાડ (વેસ્ટ)**

**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમના ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા - ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૨૫૯૦)**

**''બોરીવલી (વેસ્ટ)''**

''કસ્તુર પાર્કમાં 2 બેડરૂમના ફ્લેટ્સ વેચાણથી/ ભાડેથી. (દલાલભાઈ આવકાર્ય)'' :- 9820540805. (૧૫૯૨૨/સી)

**માટુંગા (સે.રે.)**

કિંગ્સ સર્કલ સ્ટેશન પાસે 3 BHK ફુલ્લી ફર્નિશ્ડ 1200' યુઝેબલ, 1 પાર્કિંગ, ઓનરશિપથી. સંપર્ક 9821149535. (૧૫૯૧૪-એ)

**''સી. પી. ટેન્ક, મોરારબાગ''**

**''શ્રીપતિ જ્વેલ'', 400, 1 BHK, 2 વોશરૂમ્સ, હાયર ફ્લોર. ''નિમેષ સોની'': 9619927603. (૧૫૮૯૦-સી)**

## ૧૭. જગ્યા આપવી છે

**''રામવાડી - કાલબાદેવી''**

**''આદિત્ય પર્લ'', 1 BHK, 400' 2 વોશરૂમ્સ, હાયર ફ્લોર. ''નિમેષ સોની'': 9619927603. (૧૫૮૯૦-એ)**

**ઘાટકોપર (વેસ્ટ)**

**'સંભવ દર્શન' સ્ટેશનથી ૫ મિનિટ એલ. બી. એસ. માર્ગ, ગોપાલભુવન બસ સ્ટોપની પાછળ, ૨ બેડરૂમ 607' કાર્પેટ, બીજે માળે બે લીફ્ટ વેચાણથી રેડી કબજો. દેવેન્દ્ર ખારા 9869125605 (૧૫૯૧૦-એ)**

**અંધેરી**

**S. V. Road - સ્ટેશન - હાઈવે નજીક Flats - Offices વેચાતા - લીઝથી લેવા - આપવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૨૫૯૩)**

**બંગલો વેચવાનો**

અંધેરી (વેસ્ટ) લોખંડવાલા કોમ્પ્લેક્ષ ૪ બેડરૂમ હોલ કીચન એરિયા આશરે ૩૦૦૦' તુરંત વેચવાનો છે. ફક્ત ખરેખર ખરીદનાર સંપર્ક :- ૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૫૯૭૭)

**રાજસ્થાન એસ્ટેટ**

નેપ્યન્સી પેડર વાલકેશ્વર Marin Drive ચર્ચગેટ કફ પરેડ બ્રીચકેન્ડી અલ્ટમાઉન્ટ, તારદેવ, ગોવાલીયા ટેન્ક વેચાણ અને ખરીદી કોમર્શીયલ સાથે લીવ લાઈસન્સથી Contact ગોપાલભાઈ જયપુરવાલા 9322898994 Contact- મુકેશભાઈ મહેતા 9967502537 ઓફીસ ભવન્સ કોલેજની સામે ભારત જ્યુસ સેન્ટર ભારતીય વિદ્યાભવન ગીરગાંવ (ચોપાટી). (૨૭૦)

**વિલેપાર્લા ઈસ્ટ**

**અતિશય સુંદર હવાઉજાસવાળો 1125 SQ FEET 3 બેડરૂમ હોલ કીચન ચાર બાલકની 2 પાર્કીંગ બધી જ સગવડતાવાળો ફ્લેટ 3.75માં આપવાનો છે. જયેશભાઈ 9076328422. (૨૬૮)**

**પ્રિન્સેસ સ્ટ્રીટ**

1 બેડરૂમ 483 રેરા કાર્પેટ/ 2 બેડરૂમ 666/ 696/ 745 રેરા કારપેટ, બંધાતામાં ટૂંક સમયમાં કબ્જો. સંપર્ક- 9821030822. (૧૫૯૩૨-સી)




(B-15923)

**વિલે-પારલા (ઈસ્ટ)**

સ્ટેશન અને માર્કેટથી નજીક પ્રીમિયમ એમીનીટીવાળો ફુલી ફર્નિસ્ટ 3 બેડરૂમ હોલ કિચન (૧૨૦૦' કારપેટ) 1 પાર્કિંગ સાથે 4,75,00,000/- નેગોશીએબલથી તુરંત વેચવાનો છે. 9820550033, 9833692629. (૧૫૯૩૮-એ)

**પ્રભાદેવી**

ફ્લેટો, ઓફિસ, દુકાન, ગોડાઉન, લેવા-વેચવા, ભાડાથી- જીતુભાઈ 9869322453. (૧૫૯૩૭-એ)

**દહિસર (ઈસ્ટ)**

**માનવ કલ્યાણ પાસે જૈન દેરાસરની બાજુમાં 1 બેડરૂમ અર્જન્ટ લેવા ''પંડ્યા એસ્ટેટ''- 9004921209/ 9820621209. (૧૫૯૪૨-એ)**

**અંધેરી (વેસ્ટ)**

2 BHK ગ્રીનકોર્ટ- (2.50 કરોડ), 3 BHK (4.25 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ- જુહુ સ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોષી'' 9322236433/ 9821069632. (૧૫૯૩૭-સી)

**દહિસર (ઈસ્ટ)**

**ચાંડક (નિશ્ચય) 2 બેડરૂમનો ફ્લેટ રેડી પઝેશનથી લેંવા ''પંડ્યા એસ્ટેટ'' - 9004921209/ 9820621209. (૧૫૯૪૨-સી)**

**બોરીવલી (વેસ્ટ)**

પ્રબોધન ઠાકરે હોલ પાસે, 2/3 BHK, રેડી, OC સાથે, વાસ્તુ ડોર, ગુજરાતી લોકાલિટી, 2 કાર પાર્કિંગ, દેરાસર/ સ્ટેશન નજીક, અનટ્ય ફ્લેટ એમેનીટીઝ સાથે વેચાણથી. 9821472329/ 9833562999. (૧૫૯૩૫-એ)

**કાંદિવલી (વેસ્ટ)**

**0% સ્ટેમ્પડ્યુટી, ફુલ CC સાથે, આલોક @ દહાણુકરવાડી, નવું ટાવર, 1 બેડરૂમ 1.08 કરોડ +, 2 બેડરૂમ 1.60 કરોડ+, સીલીંગ હાઈટ 10.25 ફૂટ, યોગેશ મહેતા 9322287656. (જેપી/૪૯૯૩-એ)**

**KDI GROUP**

**OC સાથે ચંદાવરકર રોડ, બોરીવલી વેસ્ટ ખાતે ''*બેલા વિસ્ટા* '' 17 માળનો ટાવર ખરેખર * આલીશાન અને પ્રીમિયમ * 2 BHK, ઉત્તમ આયોજન, જૈન મંદિર પાસે, પોડિયમ પાર્કિંગ, જિમ, બધી જ સુવિધાઓ, રૂફટોપ ગાર્ડન, સાઈટ વિઝિટ માટે કૉલ કરો ''મનોજ'' - 9967296550 (દલાલ આવકાર્ય) મહા રેરા નંબર P51800031740. (બી-૧૫૯૯૦)**

**બોરીવલી વેસ્ટ**

અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૯૮૪)

## ૧૭. જગ્યા આપવી છે

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૯૭૮)

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK 715' Sq. Ft., ડૉ. આંબેડકર રોડ અને RHB રોડ પર, પાર્કિંગ, OC સાથે ફ્લેટ વેચવાનો છે. નવું બિલ્ડિંગ. સંપર્ક: 9930333456. (એસડીબી-૨૬૦૬)

**વિલેપાર્લે (વેસ્ટ)**

બાપુભાઈ વશી રોડ, સ્પેશિયસ 3 બેડરૂમ તેમજ 4 બેડરૂમ એમીનીટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન OC સાથે. રીઝનેબલ ભાવમાં - 8356990950. (જેપી/૪૯૯૩-એફ)

**વિલેપાર્લે (વેસ્ટ)**

ઈર્લા - KLS હોસ્પિટલ પાસે નવા ટાવરમાં 3 બેડરૂમ 890' તેમજ જોડી ફ્લેટ હાયરફ્લોર બુકિંગમાં, પઝેશન 1 વર્ષ - 9819117722. (જેપી/૪૯૯૩-ડી)

**2 બેડરૂમ**

કાંદિવલી (વેસ્ટ) 866' - (2.65 કરોડ) બોરીવલી (વેસ્ટ) 465' (1.40 કરોડ) 665' - (2.10 કરોડ) 740' - (2.45 કરોડ) નેગોશીએબલ 7498921336. (જેપી/ ૪૯૯૪-એ)

**માલાડ (ઈસ્ટ)**

મંછુભાઈ રોડ, ૧+૧, સેલ્ફ કન્ટેન્ડ રૂમ ઓનરશીપ ૫૨૫ સ્કે. ફૂટ. ૫૧, નિગોશિએબલ. મોબાઈલઃ 7021774815 (એસડીબી-૨૬૩૫)

**વાલકેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચકેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો/ કોમર્શિયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૨૮)

**પેડર રોડ**

ત્રણ બેડરૂમ (૧૭૦૦ કાર્પેટ) (ગેરેજ અને પાર્કિંગ) ૯ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૨૯)

**તારદેવ**

(નવું બિલ્ડિંગ) ત્રણ બેડરૂમ (૧૦૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (બે પાર્કિંગ) ૬૭૫ લાખ (નેગોશીએબલ), ભાડેથી ૧૮૦૦૦૦ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૩૦)

**પ્રાર્થના સમાજ**

ત્રણ બેડરૂમ (૧૩૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (પાર્કિંગ) ૮ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૩૧)

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**

જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કિંગ)(રીડેવલપમેન્ટ થશે) વેચાણથી ૧૩૦ લાખ (નેગોશીએબલ) 9136430653. (એસડીબી-૨૬૩૨)

**ગોવાલિયા ટેંક**

ચાર બેડરૂમ (૧૫૫૦ કાર્પેટ) (પાર્કિંગ) ૮ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૩૩)

**ઘાટકોપર (ઈસ્ટ)**

17 માળના ટાવરમાં 511' દોઢ બેડરૂમ, વેચાણથી, રેડી પઝેશન. ઓનર 9820503670. એજન્ટ આવકાર્ય. (૧૫૯૪૩-બી)

**અંધેરી (ઈસ્ટ)**

સ્ટેશન અને મેટ્રો નજીક નવા બંધાતા 18 માળના ટાવરમાં 1 અને 2 BHK અને જોડી ફ્લેટ, 12 Slab Completed, દેરાસર ઉપાશ્રય કોમ્પલેક્ષમાં, મોર્ડન એમેનીટીઝ સાથે. સંપર્કઃ દિનેશ- 9757252097. (૧૫૯૪૫-એ)

**બોરીવલી (વેસ્ટ) હરિદાસ નગર**

**3 બેડરૂમ LUXURIOUS AMENITIES, 1283' RERA કારપેટ, હાયર ફ્લોર, રેડી, OC સાથે. 9819810215, 02228995592, 02235729854. (સમય 11થી 6). (૧૫૯૪૭-સી)**

**બોરીવલી (વેસ્ટ) હરિદાસ નગર**

**"VICTORY ARCH" સુપર લક્ઝરીયસ 6 બેડરૂમ હોલ કિચનનો જોડી ફ્લેટ ઉપલબ્ધ. લીવીંગ રૂમ 780' ફુટ, HIGHER FLOOR (દરેક માસ્ટર બેડરૂમ સાથે) મોડર્ન એમેનિટિસ સાથે + કાર પાર્કિંગ, OC RECEIVED, READY POSSESSION. સંપર્ક 02228995590, 02235729854, 9819810215. (ફોન સવારે 11થી સાંજે 6 કરવો). (૧૫૯૪૭-બી)**

**પ્રાર્થના સમાજ**

**રેર 1 BHK વેચાણથી, 520 કારપેટ, 2.1 cr ફક્ત, હવાદાર ફ્લેટ, પુરાની બિલ્ડિંગમાં લિફ્ટ સાથે, સેલ્ફ વપરાશ/ઈન્વેસ્ટમેન્ટ માટે ઉત્તમ. ચર્નીરોડ 9820855056. (૧૫૯૪૯-એ)**

**જાંબલી ગલી બોરીવલી (વેસ્ટ)**

**દેરાસર-મંદિર નજીક, 3 બેડરૂમ, 977' કારપેટ, બીજે માળે વેંચવાનો. (ઓનર) 9892154644. (૧૫૯૪૭-એ)**

**ભાયંદર (વેસ્ટ)**

**સ્ટેશન નજીક, જૈન દેરાસર પાસે ઘર દુકાન સાથે, 355' (65 લાખમાં). ઓનર - 9920118810/8779240662. (૧૫૯૪૫-ડી)**

## ૧૭. જગ્યા આપવી છે

**''દહિસર (ઈસ્ટ)''**

**''ટાવરમાં ફુલ્લી ફર્નિશ્ડ 2 બેડરૂમ - 800' કાર્પેટ, સ્ટેશન - હાઈવે - માર્કેટ- સ્કૂલ - દેરાસર નજીક વેચાણથી આપવાનો.'' ''મહેક પ્રોપર્ટીઝ''- 9152155277 (જય જલારામ). (૧૫૯૪૫-ઈ)**

**મલાડ વેસ્ટ**

સ્ટેશનથી 5 મિનિટ દૂર ભાડા પર શુભ પ્રસંગ માટે 2 Bed (દિવસ દીઠ 5,000/-) અને 3 Bed (દિવસ દીઠ 7,500/-) ઉપલબ્ધ (AC) 7021469923. (બી-૧૬૦૧૧)




(B-16015)

**ચૌપાટી**

2 રૂમ-ગેલેરી 450' - દેરાસરની નજીક લીવલાયસન્સથી લીફ્ટ નથી 9820068382. (૧૫૩૫૨/એ)

**નાનાચોક**

2 બેડરૂમ- 600' - લીવલાયસન્સથી - ભાડુ 85,000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૫૨/બી)

**વાલ્કેશ્વર**

4 બેડરૂમ- 1850' - ગેરેજ - પાર્કીંગ - સી.વ્યું. 14,0000000/= શાહ- 9820068382. (૧૫૩૫૧/ઈ)

**ગામદેવી**

3 બેડરૂમ- 1400' - કાર્પેટ - પાર્કીંગ - 9,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૫૧/ઈ)

**તારદેવ**

3 બેડરૂમ- 1600' - કાર્પેટ - પાર્કીંગ - 7,25,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૫૧/ઈ)

**મલબાર હીલ**

6 બેડરૂમ- 3500' - 2-ગેરેજ - પાર્કીંગ - સી.ફેસીંગ 30,0000000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૫૧/ડી)

**વાલ્કેશ્વર**

રીઝ રોડ - 5 બેડરૂમ- 3500' - પાર્કીંગ - સી.ફેસીંગ 33,0000000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૫૧/ડી)

**ગામદેવી**

6 બેડરૂમ- 6000' - 5-પાર્કીંગ - સી.ફેસીંગ 37,80,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૫૧/ડી)

**કેમ્પસકોર્નર**

2 બેડરૂમ- 850' - કાર્પેટ - 1 ગેરેજ - પાર્કીંગ - 4,50,00000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૫૧/સી)

**તારદેવ**

2 બેડરૂમ- 800' - કાર્પેટ - પાર્કીંગ - 3,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૫૧/સી)

**ગામદેવી**

2 બેડરૂમ- 825' - કાર્પેટ - પાર્કીંગ - 3,50,00000/= શાહ - 9820068382. (૧૫૩૫૧/સી)

**કેમ્પસકોર્નર**

2 બેડરૂમ- 1050' - કાર્પેટ - ગેરેજ - પાર્કીંગ 6,0000000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૫૧/બી)

**વાલ્કેશ્વર**

3 બેડરૂમ- 900' - કાર્પેટ - પાર્કીંગ - 5,30,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૫૧/બી)

**તારદેવ**

2 બેડરૂમ- 752' - કાર્પેટ - પાર્કીંગ - 3,80,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૫૧/બી)

**નાનાચોક**

1 બેડરૂમ- 400' - કાર્પેટ - પાર્કીંગ - 1,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૫૧/એ)

**તારદેવ**

2 બેડરૂમ- 865' - કાર્પેટ - પાર્કીંગ - ફરનીસ્ટ - 5,50,00000/= શાહ - 9820068382. (૧૫૩૫૧/એ)

**વાલ્કેશ્વર**

2 બેડરૂમ- 920' - 2-પાર્કીંગ - સી.વ્યુ. 6,0000000/= શાહ - 9820068382. (૧૫૩૫૧/એ)

**અંધેરી ઈસ્ટ**

વિશાલ હોલ નજીક આઉટરાઈટથી ૨ બેડરૂમ 725 કાર્પેટ ''રીમા એસ્ટેટ'' 9820000627/ 7045660627. (એસડીબી-૨૬૩૮)

**સસ્તામાં ફ્લેટ**

ગોરેગાવ 22,00,000/- ભાયંદર 15,00,000/-, વિરાર 5,00,000/-, વસઈ 6,00,000/-, ડોમ્બિવલી 7,00,000/-, બોઈસર - 4,00,000/- કર્જત 3,00,000/- 8879860919. (૧૫૯૫૧-સી)

**■ 3 બીએચકે 243 વાર, પેન્ટહાઉસ ટેરેસ સાથે, જૈન નગર દેરાસર અને શ્રીમદ્ રામચંદ્ર ગુરુમંદિરની બાજુમાં, પાલડી અમદાવાદઃ ફોનઃ 9879793700. (૧૫૯૫૨-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**ZERO MAINTENANCE SOCIETY**

1 BHK Flat for Sale + Parking, at Tardeo. Atul, 9820070445, 9920070445. (B-15958)

**SALE MATUNGA WEST**

**3 BHK 4.02 Cr. nego & 2 BHK 3.08 Cr. nego. New Bldg. Ravi: 9820109761. (JP/ 4990-F)**

**MATUNGA (E)**

Sale - 3 BHK - 1029' with Clear Title, OC, Lifts, Parking, Club Membership. 9820101904. (15350-A)

**VILE PARLE WEST**

**Sale 3 BHK New Building, Bajaj Road, 1525 Carpet, 2 Car Park, 8.33 Cr. Broker excuse. R Estate. Rahul - 9967489498. (B-16002)**

**JUHU**

3 / 4 BHK New Building with all Amenities 0% Brokerage - 9869070123 / 9167723483. (15904-C)

**MONTE SOUTH**

@ Byculla 2.5 B H K 1200 sqft Furnished East Bayview facing with 2 Parking for Immediate Sale. Contact 9221428903 or boltwala@gmail.com (JP/ 4994-B)

2 BHK FLAT FOR IMMEdiate Sale. Near Talegaon Station Pune Builtup 1315 Carpet 920 Expected 65L negotiable. Mob. 9860489868. (B-16010)

**140 SQ. FT. OFFICE CARpet area on First Floor Near Vile Parle West Station on Tenancy Right Basis. Contact 9920184440 / 9322269717. (B-16004)**

**KANDIVALI (WEST)**

Near Station, 5 BHK Duplex 1980 Carpet, Higher Floor with 3 Surface Parking, Inside Lift, New Tower, Ready Possession 9920599589. (SA/ 2619-C)

**NAPEANSEA ROAD**

**3 BHK Walkin Flat for Rent Fully Furnished at Om Dariya Mahal Vegetarians Only WhatsApp 7021831500. (SDB-2608)**

**1 BEDROOM**

**2,50,00,000/-**

Gowalia Tank 575 Carpet with Garage Ready Possession. Ashok 9821036552 / 9870246552. (15949-B)

**THANE (WEST)**

**Limited Offer! Thane (West) 1 km from Station. Book 2 BHK, 777 sq. ft.. @ 1.80 Crore and get 10 Gram Gold Coin + 0% Stamp Duty. 1 BHK, 370 sq. ft. @ 91 Lakhs and Get 5 Gram Gold Coin + 0% Stamp Duty. Possession Shortly. 9867302981, 9867797221. (B-16012)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**બોરીવલીથી અંધેરી**

1 બેડરૂમના ફ્લેટ કોર્પોરેટ માટે ભાડેથી જોઈએ છે. 8879181869. (૧૫૯૧૮-એ)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ગોડાઉન જોઈએ છે**

શીવરી, કોટનગ્રીન, રે રોડમાં ૧૦,૦૦૦ - ૧૫૦૦૦ સ્કે.ફૂટ ભાડે/ આઉટરાઈટથી મળો. - મહેશ શાહ - 9820253026/ 23422261. (એસડીબીજી-૨૬૩૪)

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

(જુઓ પાનું ૧૨) ▶▶




# ચોથા નંબરનું મુંબઈ હજી ટૉપ-ટૂમાં આવી શકે






૨૧મી મેએ વાનખેડેમાં મુંબઈ ઇન્ડિયન્સની ટીમે મેન્ટર સચિનની આગેવાનીમાં પ્રેક્ષકો-દર્શકોનો આભાર માનવા પરેડ યોજી હતી. (બીસીસીઆઇ)

મુંબઈઃ હાર્દિક પંડ્યાની કેપ્ટન્સીમાં મુંબઈ ઇન્ડિયને ૨૧મી મેએ દિલ્હી કેપિટલ્સને વાનખેડેમાં ૫૯ રનથી હરાવીને પ્લે-ઑફમાં સ્થાન પાકું કરી લીધું, પણ હવે સવાલ એ છે કે એમઆઈની ટીમ ટૉપ-ટૂમાં આવી શકે કે નહીં. ઉલ્લેખનીય છે કે ટૉપ-ટૂમાં આવનારી ટીમ ૨૯ મેની ક્વૉલિફાયર-વનમાં રમશે અને એમાં જીતનારી ટીમને સીધા ફાઇનલમાં જવા મળશે. ક્વૉલિફાયર-વનમાં હારી જનારી ટીમને ફાઇનલમાં જવા માટે બીજો મોકો મળશે.

બુધવારે વાનખેડેમાં આઇપીએલની આ સીઝનની છેલ્લી મૅચ હતી. એમાં મુંબઈનો દિલ્હી સામે જ્વલંત વિજય થયા બાદ એમઆઈના મેન્ટર અને લેજન્ડરી ક્રિકેટર સચિન તેન્ડુલકરની આગેવાનીમાં એમઆઈની ટીમે વાનખેડેના મેદાન પર વિજયી પરેડ યોજી હતી અને પ્રેક્ષકોનો તેમ જ સમગ્ર મુંબઈનો આભાર માન્યો હતો.

ગુજરાત, બેંગલૂરુ અને પંજાબ જેવી ધરખમ ટીમ આગળ હોવાથી મુંબઈ માટે પહેલા બે સ્થાનમાં આવવું મુશ્કેલ તો છે, પરંતુ અસંભવ નથી.

મુંબઈ પાસે ૧૩ મૅચ રમ્યા પછી ૧૬ પોઇન્ટ છે. ગુજરાત પાસે ૧૮ તેમ જ પંજાબ પાસે ૧૭ પોઇન્ટ છે. આ અહેવાલ ગુરુવારે લખાયો ત્યારે બેંગલૂરુ પાસે પણ ૧૭ પૉઇન્ટ હતા. ગુજરાત અને મુંબઈની હવે એક જ લીગ મૅચ બાકી છે જ્યારે બેંગલૂરુની હૈદરાબાદ સામેની શુક્રવારની મૅચ બાદ વધુ એક મૅચ રમાશે. પંજાબની બે મૅચ બાકી રહી છે એટલે એ બંનેને ટૉપ-ટૂમાં આવવાનો વધુ મોકો છે.

હા, મુંબઈને ટૉપ-ટૂમાં આવવા માટે સૌથી મોટો ચાન્સ એ છે કે બેંગલૂરુ અને પંજાબ પોતાની બાકીની મૅચો હારી જાય તો મુંબઈને ફાયદો થઈ શકે અને ટૉપ-ટૂમાં આવી શકે એવું શુક્રવારે સાંજે સમીકરણ હતું. પંજાબની બાકીની બેમાંથી એક મૅચ મુંબઈ સામે છે જે જીતીને મુંબઈ ૧૮ પોઇન્ટ પર આવી શકે. મુંબઈનો નેટ રનરેટ (+૧.૨૯૨) પહેલેથી જ તમામ ટીમોમાં સૌથી મજબૂત રહ્યો છે એટલે એનો પણ મુંબઈને ફાયદો થઇ શકે.

ગુજરાતની ટીમ ગુરુવારે લખનઊ સામે હારી ગઈ હતી, પણ હજી ગુજરાતની એક મૅચ બાકી છે. જો ગુજરાત, બેંગલૂરુ અને પંજાબ હવે એક-એક મૅચ પણ જીતશે તો મુંબઈને ટૉપ-ટૂમાં આવવા નહીં મળે.

મુંબઈએ સોમવાર, ૨૬મી મેએ ટૉપ-ટૂમાં આવવા પંજાબ સામે જીતવું જ પડશે. લીગ મૅચો હવે અમદાવાદ, લખનઊ અને જયપુરમાં રમાવાની છે. જો વરસાદને લીધે ગુજરાત, બેંગલૂરુ કે પંજાબની મૅચ ખોરવાઈ જશે અને તેઓ એક-એક પોઇન્ટ મેળવશે તો મુંબઈને પંજાબ સામેના વિજય તેમ જ સર્વોચ્ચ રનરેટના જોર પર ટૉપ-ટૂમાં આવવા મળી શકે.

ઉલ્લેખનીય છે કે મુંબઈ સિવાયની પ્લે-ઑફની ત્રણ ટીમના રનરેટ મુંબઈ કરતાં નબળા છે. ગુજરાતનો રનરેટ +૦.૭૯૫, (શુક્રવાર બપોર સુધી) બેંગલૂરુનો +૦.૪૮૨ અને પંજાબનો +૦.૩૮૯ છે. ■

# હૈદરાબાદની બેંગલૂરુને બ્રેકઃ વિજય મેળવીને રહીસહી આબરૂ સાચવી

લખનઊઃ સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)એ અહીં રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ને ૪૨ રનથી હરાવીને ફરી એકવાર રહીસહી આબરૂ મેળવવાનો સફળ પ્રયાસ કર્યો હતો. હૈદરાબાદે પ્લે-ઑફની બહાર થઈ ગયા બાદ સોમવારે લખનઊને હરાવ્યા પછી હવે બેંગલૂરુની મજબૂત ટીમને પરાજિત કરીને નાનો અપસેટ સર્જ્યો હતો. બેંગલૂરુની ટીમ ૨૩૨ રનના લક્ષ્યાંક સામે ૧૯.૫ ઓવરમાં ૧૮૯/૧૦નો સ્કોર નોંધાવી શકી હતી અને લાગલગાટ ચાર વિજય બાદ પાંચમી મૅચમાં એણે હૈદરાબાદ સામે પરાજય જોવો પડ્યો હતો. ગુરુવારે પ્લે-ઑફની ટીમ ગુજરાતને પ્લે-ઑફ બહારની લખનઊએ હરાવી અને શુક્રવારે એવી જ રીતે હૈદરાબાદે બેંગલૂરુની ટીમને પરાજિત કરી.

ફિલ સૉલ્ટ (૬૨ રન, ૩૨ બૉલ, પાંચ સિક્સર, ચાર ફોર) અને વિરાટ કોહલી (૪૩ રન, ૨૫ બૉલ, એક સિક્સર, સાત ફોર) વચ્ચેની ૮૦ રનની ઓપનિંગ ભાગીદારીએ સંભવિત જીતનો મજબૂત પાયો નાખી આપ્યો હતો, પરંતુ મિડલ-ઑર્ડર સારું ન રમતાં તેમની મહેનત પાણીમાં ગઈ હતી. કાર્યવાહક સુકાની જિતેશ શર્મા (૨૪ રન, ૧૫ બૉલ, બે સિક્સર, એક ફોર) અને ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે રમેલા મુખ્ય સુકાની રજત પાટીદાર (૧૮ રન, ૧૬ બૉલ, એક ફોર) વચ્ચેની ૪૪ રનની ભાગીદારી પાટીદાર રનઆઉટ થતાં તૂટી હતી. બન્ને વચ્ચે રન દોડવામાં ગેરસમજ થતાં એશાન મલિન્ગાએ સીધા થ્રોમાં પાટીદારને રનઆઉટ કર્યો હતો. કમિન્સે ત્રણ તથા મલિન્ગાએ બે વિકેટ લીધી હતી. એ પહેલાં, હૈદરાબાદના છ વિકેટે ૨૩૧ રન થયા હતા જેમાં ઇશાન કિશન (૯૪ અણનમ, ૪૮ બૉલ, પાંચ સિક્સર, સાત ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. ■

# ડબ્લ્યૂટીસીની ફાઇનલમાં ભારત નહીં હોય, પણ બે ભારતીયની હાજરી તો હશે જ!





જાવાગલ શ્રીનાથ (ડાબે) અને નીતિન મેનન

દુબઈઃ ભારતની ટેસ્ટ ટીમ પહેલી વાર વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં નથી પહોંચી શકી, પણ ૧૧મી જૂનથી લૉર્ડ્સમાં ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાનારી પાંચ દિવસના આ નિર્ણાયક મુકાબલામાં બે ભારતીયની એક રીતે હાજરી હશે જ.

વાત એવી છે કે ભારતના ભૂતપૂર્વ પેસ બોલર જાવાગલ શ્રીનાથની નિયુક્તિ ટેસ્ટના વર્લ્ડ કપ માટેની ફાઇનલના મૅચ-રેફરી તરીકે થઈ છે. બીજું, નીતિન મેનનને આઇસીસીએ આ ફાઇનલના ચોથા અમ્પાયર તરીકે નીમ્યા છે.

ઇંગ્લૅન્ડના રિચર્ડ ઇલિંગવર્થ અને ન્યૂ ઝીલૅન્ડના ક્રિસ ગૅફની લૉર્ડ્સમાં ડબ્લ્યૂટીસીની ફાઇનલના મુખ્ય બે અમ્પાયર તરીકે નીમાયા છે. રિચર્ડ કેટલબરો ટીવી અમ્પાયર (થર્ડ અમ્પાયર) તરીકેની જવાબદારી સંભાળશે.

ભારત ૨૦૨૧ અને ૨૦૨૩, બન્ને ડબ્લ્યૂટીસી સીઝનની ફાઇનલમાં પહોંચ્યું હતું, પરંતુ અનુક્રમે ન્યૂ ઝીલૅન્ડ તથા ઑસ્ટ્રેલિયા સામે હારી ગયું હતું. સાઉથ આફ્રિકા પહેલી જ વખત ફાઇનલમાં પહોંચી ગયું છે અને હવે પાંચ દિવસના મુકાબલામાં (શક્યતઃ ૧૫મી જૂનના દિવસે) ચૅમ્પિયનપદની ટ્રોફીના રૂપમાં આઇસીસીની ગદા ઑસ્ટ્રેલિયા જીતશે કે સાઉથ આફ્રિકા એ જોવું રહ્યું.

ભારતના નીતિન મેનન ડબ્લ્યૂટીસીમાં ડેબ્યૂ કરી રહ્યા છે. ૨૦૨૧માં તેઓ મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલના ટીવી અમ્પાયર હતા.

આઇસીસી-ચૅરમૅન જય શાહે મૅચ-રેફરી જાવાગલ શ્રીનાથ સહિતના અધિકારીઓની નિયુક્તિની જાહેરાત કરતા જણાવ્યું હતું કે '૧૧મી જૂને લૉર્ડ્સમાં શરૂ થનારી આઇસીસી વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ફાઇનલ માટે અનુભવી અધિકારીઓની નિયુક્તિ કરવામાં અમે આનંદ અનુભવીએ છીએ. અમે જેમની નિમણૂક કરી છે તેઓ સંબંધિત પદ માટે ખૂબ જ સારી લાયકાત ધરાવે છે અને અમને વિશ્વાસ છે કે તેઓ પોતાની જવાબદારી ખૂબ જ સારી રીતે સંભાળશે. આઇસીસી વતી હું સૌ અધિકારીઓને શુભેચ્છા આપું છું અને એવું પણ તેમને કહીશ કે તમે તમારા અસાઇનમેન્ટને એન્જૉય કરજો.' ■

# ગુજરાતના ખેલાડીઓ મૅચ હાર્યા, પણ લૅવેન્ડર કલરના ડ્રેસમાં રમીને અસંખ્ય લોકોનાં દિલ જીત્યાં

## જીટીના ફ્રૅન્ચાઇઝીએ કૅન્સર સામેની લડતના અભિયાનમાં જાંબુડી રંગના 30,000 ધ્વજ અને 10,000 જર્સી વહેંચ્યા



અમદાવાદઃ શુભમન ગિલના સુકાનમાં ગુજરાત ટાઇટન્સ (જીટી)ની ટીમ પ્લે-ઑફમાં તો પહોંચી ગઈ છે, પરંતુ ગુરુવારે અમદાવાદના હોમ-ગ્રાઉન્ડ પર લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામેના પરાજયને લીધે જીટીની ટીમ થોડી હતાશ થઈ હશે. જોકે લૅવેન્ડર કલરના ડ્રેસમાં રમીને જીટીના ખેલાડીઓએ કૅન્સર-વિરોધી અભિયાનમાં અનેક લોકોના દિલ જીતી લીધા એ બદલ જરૂર ગર્વ અનુભવતા હશે.

જેમ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)નું ફ્રૅન્ચાઇઝી 'ગો ગ્રીન'ની ઝુંબેશને ટેકો આપવાના હેતુથી પોતાના ખેલાડીઓ માટે દર વર્ષે આઇપીએલની એક મૅચ માટે લીલા રંગનો ડ્રેસ નક્કી કરી રાખે છે એમ જીટીનું ફ્રૅન્ચાઇઝી ત્રણ વર્ષથી પોતાના ખેલાડીઓ માટે લૅવેન્ડર કલરના ડ્રેસ બનાવડાવે છે. એટલું જ નહીં, આ ફ્રૅન્ચાઇઝીએ આ વખતે લોકોમાં લૅવેન્ડર કલરના ૩૦,૦૦૦ ફ્લૅગ તથા ૧૦,૦૦૦ જર્સી વહેંચ્યા હતા.

જીટીના ફ્રૅન્ચાઇઝી તેમ જ એના ખેલાડીઓ અને આ ટીમ તથા ફ્રૅન્ચાઇઝી સાથે સંકળાયેલા તમામ લોકોનો દર વર્ષે લૅવેન્ડર કલરની થીમ રાખવા પાછળનો એકમાત્ર આશય એ હોય છે કે ' કૅન્સરના રોગની પ્રાથમિક તબક્કામાં જ ચકાસણી થઈ જાય કે જેથી કરીને એ રોગથી પીડાતી વ્યક્તિની સફળ સારવાર થઈ શકે અને તે લાંબું આયુષ્ય જીવી શકે. આવી જાગૃતિ લાવવાનો જીટીનો હેતુ રહ્યો છે. બીજો ઉદ્દેશ કૅન્સરની બીમારી કેવી રીતે ટાળવી એની લોકોમાં પણ જાગૃતિ લાવવી તેમ જ કૅન્સરની જેમને બીમારી હોય તેમને સારી ગુણવત્તાની સારવાર મળી રહે એની તકેદારી રાખવામાં આવે એનો પ્રચાર પણ કરવો.'

ગુજરાત ટાઇટન્સ (જીટી)ના ચીફ ઑપરેટિંગ ઑફિસર (સીઓઓ) કર્નલ અરવિન્દરે એક મુલાકાતમાં કહ્યું હતું કે 'અમારા ફ્રૅન્ચાઇઝીને સતત ત્રીજા વર્ષે (સતત ત્રીજી આઇપીએલમાં) કૅન્સર સામે લોકોમાં જાગૃતિ લાવવાનો સુંદર અવસર મળ્યો છે અને એમાં અમને અસંખ્ય ક્રિકેટપ્રેમીઓનો સાથ મળ્યો એ બદલ ખુશી અનુભવીએ છીએ.'

જીટીના કૅપ્ટન શુભમન ગિલે પણ કહ્યું હતું કે 'ખેલાડીઓ તરીકે અમે આઇપીએલના આ વ્યાપક મંચ પરથી કૅન્સર-વિરોધી અભિયાનમાં સહભાગી થયા એનો આનંદ અનુભવીએ છીએ.'

ગુરુવારે લખનઊએ મિચલ માર્શ (૧૧૭ રન, ૬૪ બૉલ, આઠ સિક્સર, દસ ફોર)ના સુપરહિટ શૉ સાથે અને નિકોલસ પૂરન (૫૬ અણનમ, ૨૭ બૉલ, પાંચ સિક્સર, ચાર ફોર)ના મહત્ત્વના યોગદાનની મદદથી ૨૦ ઓવરમાં બે વિકેટે ૨૩૫ રન કર્યા હતા. ગુજરાતની ટીમ જવાબમાં એમ. શાહરુખ ખાન (૫૭ રન, ૨૯ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર)ની હાફ સેન્ચુરી છતાં ૨૦ ઓવરમાં નવ વિકેટે ૨૦૨ રન બનાવી શકી હતી અને લખનઊનો ૩૩ રનથી વિજય થયો હતો. મિચલ માર્શને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ■

# ગાવસકરે રૉબિન ઉથપ્પાને પૂછ્યું, 'અરે! તેં કેમ મયંતી લૅન્ગરનું ટ્રાઉઝર પહેર્યું છે?'



મુંબઈઃ ક્રિકેટ-લેજન્ડ સુનીલ ગાવસકર તેમ જ જાણીતી મહિલા ઍન્કર મયંતી લૅન્ગર અને ભૂતપૂર્વ ક્રિકેટર રૉબિન ઉથપ્પા આઇપીએલની બ્રૉડકાસ્ટિંગ ટીમના મેમ્બર છે અને તેઓ મૅચનું વિશ્લેષણ રજૂ કરવા ઉપરાંત ક્યારેક હળવી મજાક-મસ્તી પણ કરીને તેમ જ રમૂજ ફેલાવીને દર્શકોનું મનોરંજન કરતા હોય છે. આવો જ એક કિસ્સો થોડા દિવસ પહેલાં બની ગયો જેમાં સની ગાવસકરે મયંતી અને ઉથપ્પા, બન્નેને સાંકળીને માહોલ વધુ મનોરંજક બનાવી દીધો હતો.

તાજેતરમાં ભારતે ક્રિકેટના મેદાન પર પાકિસ્તાનને પછડાટ આપ્યાના થોડા દિવસ પછી ચૅમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી ત્યારે મેદાન પરથી સ્પેશિયલ કૉમેન્ટરી આપતા ગાવસકર બાળકની જેમ ખૂબ નાચ્યા હતા. એ ઘટનાનો વીડિયો વાઇરલ થયો હતો અને ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સ્ટુઅર્ટ બિન્નીની પત્ની અને બીસીસીઆઇના પ્રમુખ રોજર બિન્નીની પુત્રવધૂ મયંતી લૅન્ગર તેમ જ બ્રૉડકાસ્ટિંગ ટીમના અન્ય સાથીઓ ખૂબ હસ્યા હતા.

આપણે ગાવસકર, મયંતી અને ઉથપ્પાના જે કિસ્સાની અહીં વાત કરી રહ્યા છીએ એમાં બન્યું એવું કે થોડા દિવસ પહેલાં મયંતી સ્ટૂડિયોમાં જે આઉટફિટમાં આવી હતી એની સાથે સની ગાવસકરના ટ્રાઉઝરનો રંગ બંધબેસતો હતો. ત્યારે સ્ટુડિયોમાં ગાવસકરની ટિપ્પણી પર બધા ખૂબ હસ્યા હતા અને હવે નવા કિસ્સામાં મયંતી જે આઉટફિટમાં સજ્જ થઈને આવી હતી એની સાથે ઉથપ્પાના ટ્રાઉઝરનો રંગ મૅચ થતો હતો. ગાવસકરે ઉથપ્પાને પૂછ્યું, 'હું રૉબિનને પૂછવા માગું છું કે તેણે મયંતીનું ટ્રાઉઝર શા માટે પહેર્યું છે?'

આ સાંભળીને મયંતી અને ઉથપ્પા, બન્ને જણ ખૂબ હસ્યા હતા. ઉથપ્પા મજાકમાં જરાક મયંતીની નજીક આવ્યો અને તેના લાલ રંગના આઉટફિટ સાથે પોતાનું એવા જ રંગનું ટ્રાઉઝર સરખાવીને ઘટનાને વધુ મનોરંજક બનાવી હતી. ઉથપ્પાએ આ મજાક-મસ્તીના માહોલમાં ગાવસકરને જવાબમાં કહ્યું, 'હું બધાનું ધ્યાન તમારા પરથી મારા પર ખેંચવા માગતો હતો એટલે.' ગાવસકરે કહ્યું, 'અરે ભાઈ, ટ્રાઉઝર તો મેં પણ પહેર્યું છે.'

મયંતીએ વચ્ચે પડતાં કહ્યું, 'આજે તમારા કે મારા વચ્ચે નહીં, પણ આપણા સ્ટાઇલિસ્ટે મીમ બનાવતી આ ચર્ચામાં ઝુકાવ્યું. આ પોઝના હવે સ્ક્રીનશૉટ લેવાશે અને મિમ પણ બનશે. બાય ધ વે, સનીજી, તમારું નિરીક્ષણ માનવું પડે હોં.' ■

# કિદામ્બી શ્રીકાંત ચડિયાતા ક્રમના પ્લેયરને હરાવીને સેમિ ફાઈનલમાં

કવાલાલમ્પુરઃ ભારતનો બૅડ્મિન્ટન-સ્ટાર કિદામ્બી શ્રીકાંત એક સમયે વર્લ્ડ નંબર-વન હતો, પરંતુ હાલમાં છેક ૬૫મી રૅન્ક પર છે એમ છતાં તેણે શુક્રવારે પોતાનાથી ચડિયાતા ક્રમના ફ્રાન્સના ખેલાડી તોમા જુનિયર પૉપોવને મલયેશિયા માસ્ટર્સ બૅડ્મિન્ટન ટૂર્નામેન્ટમાં જોરદાર લડત આપીને વિજય મેળવી સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

પૉપોવની હાલમાં ૧૮મી રૅન્ક છે. શ્રીકાંતે તેને ક્વૉર્ટર ફાઇનલમાં ૨૪-૨૨, ૧૭-૨૧, ૨૨-૨૦થી હરાવીને લાસ્ટ-ફોરમાં પ્રવેશ કરી લીધો હતો. બન્નેની મૅચ એક કલાક અને ૧૪ મિનિટ સુધી ચાલી હતી. શ્રીકાંત અગાઉના કેટલાક વર્ષો દરમ્યાન પૉપોવ સામે બન્ને મુકાબલા હારી ગયો હતો.

૩૨ વર્ષનો શ્રીકાંત ગુન્ટુર શહેરનો છે. તે ૨૦૨૧ની વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં સિલ્વર મેડલ તેમ જ એશિયન ગેમ્સમાં પણ રજત ચંદ્રક જીત્યો હતો. છેલ્લા થોડા વર્ષોથી તેને ઈજા અને ફિટનેસની સમસ્યા નડી હોવાથી હાલમાં તે છેક ૬૫મા નંબર પર છે. એક સમયે તે વર્લ્ડ નંબર-વન હતો. તે મલયેશિયાની વર્તમાન ટૂર્નામેન્ટમાં બાકી રહેલો એકમાત્ર ભારતીય ખેલાડી છે.

શ્રીકાંત સેમિ ફાઇનલમાં જાપાનના યુશી તનાકા સામે રમશે. છેલ્લા એક વર્ષમાં શ્રીકાંતની આ પહેલી જ સેમિ ફાઇનલ છે. તનાકાએ બીજી ક્વૉર્ટર ફાઇનલમાં ફ્રાન્સના પૉપોવના ભાઈ ક્રિસ્ટો પૉપોવને ૨૧-૧૮, ૧૬-૨૧, ૨૧-૬થી હરાવ્યો હતો. ■

# ઝિમ્બાબ્વે ફૉલો-ઑન

નૉટિંગહૅમઃ ઇંગ્લૅન્ડે બાવીસ વર્ષ બાદ પહેલી વાર ઝિમ્બાબ્વે સામે રમાતી ટેસ્ટમાં શુક્રવારે બીજા દિવસે પ્રથમ દાવ છ વિકેટે ૫૬૫ રનના સ્કોર પર ડિક્લેર કર્યા બાદ ઝિમ્બાબ્વેને ૨૬૫ રનના સ્કોર પર ઑલઆઉટ કરી દીધું હતું અને ૩૦૦ રનની સરસાઈ મેળવીને એને ફૉલો-ઑન આપી હતી. ઝિમ્બાબ્વેના ૨૬૫ રનમાં લગભગ અડધા ભાગના રન ઓપનર બ્રાયન બેનેટ (૧૩૯ રન)ના હતા. એ પહેલાં, ઇંગ્લૅન્ડના ૫૬૫ રનમાં ઝૅક ક્રૉવ્લીના ૧૨૪ રન, બેન ડકેટના ૧૪૦ રન અને ઑલી પોપના ૧૭૧ રન હતા. ■

# પંજાબની ૧૧ વર્ષથી અધૂરી ઇચ્છા છે, આજે પૂરી થશે?

## ભારત-પાકિસ્તાન યુદ્ધ પહેલાં પંજાબ-દિલ્હીની મૅચ અધૂરી મુકાઈ હતી, હવે નવેસરથી રમાશે

જયપુરઃ પંજાબ કિંગ્સ (પીબીકેએસ)ની ટીમ ૧૧ વર્ષ બાદ પહેલી વાર આઇપીએલની પ્લે-ઑફના ટૉપ-ટૂ સ્થાનમાં પહોંચવા મક્કમ છે અને એની સંભાવના આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) અહીં દિલ્હી કૅપિટલ્સ (ડીસી) સામેની મૅચ જીતીને વધી શકે એમ છે. દિલ્હીની ટીમ પ્લે-ઑફથી વંચિત રહી ગઈ છે એટલે એણે આજે હારી જતાં કંઈ જ નથી ગુમાવવાનું, પરંતુ અક્ષર પટેલની ટીમ પ્લે-ઑફમાં પહોંચી ચૂકેલી શ્રેયસ ઐયરની ટીમને હરાવવા કોઈ જ કસર નહીં છોડે. ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ શરૂ થયું એ પહેલાં આ જ બે ટીમ (પંજાબ-દિલ્હી)ની મૅચ ૧૦.૧ ઓવરમાં પંજાબે બનાવેલા ૧૨૨ રનના સ્કોર સાથે અટકી પડી હતી અને પછી પડતી મૂકાઈ હતી. આ જ બે ટીમ વચ્ચે હવે શનિવારે ફરીથી મૅચ રમાશે.

૨૦૧૪માં પંજાબે પૉઇન્ટ્સ-ટેબલમાં ટૉપ કર્યું હતું અને પછી પ્રીટિ ઝિન્ટાની સહ-માલિકીવાળી આ ટીમ રનર-અપ રહી હતી. ત્યાર બાદ પંજાબની ટીમ ફક્ત એક વાર પ્લે-ઑફમાં પહોંચી હતી. જોકે ૨૦૨૪માં કોલકાતાને ટાઇટલ અપાવનાર શ્રેયસની ટીમ આ વખતે પંજાબને પણ ટ્રોફી અપાવશે તો નવાઈ નહીં લાગે.

પંજાબના ૧૭ પૉઇન્ટ છે અને શનિવારની દિલ્હી સામેની મૅચ તેમ જ ૨૬મીની મુંબઈ સામેની મૅચ જીતીને ટૉપ-ટૂમાં પહોંચી શકશે. ■

# પાકિસ્તાનનું પોતાની જ પીએસએલમાં નાક કપાશેઃ જાણો શા માટે...

લાહોરઃ પાકિસ્તાનને ભારત સાથેની દુશ્મની એટલી બધી ભારે પડી રહી છે કે હવે એની પોતાની જ પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)નું નાક કપાઈ જશે એવી હાલત છે.

વાત એવી છે કે પહલગામમાં પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદી હુમલો થયા બાદ ભારતે પાકિસ્તાનીઓને દેશમાંથી કાઢી નાખવાનું શરૂ કર્યું એટલે પાકિસ્તાને પણ જવાબમાં પીએસએલમાં ટેક્નિશિયન અને અન્ય વિભાગમાં કામ કરી રહેલા ભારતીય નિષ્ણાતોને ભારત પાછા મોકલવાનું શરૂ કરી દીધું હતું. હવે પાકિસ્તાનની હાલત એવી છે કે એણે આગામી પીએસએલની ક્રિકેટ મૅચો હૉકઆય તથા ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ (ડીઆરએસ) જેવી મહત્ત્વની સુવિધાઓ વગર ટૂર્નામેન્ટ રાખવી પડશે.

કારણ એ છે કે આ ટેક્નોલૉજીને લગતું કામકાજ ભારતીય નિષ્ણાતો સંભાળતા હતા અને પાકિસ્તાન એ બધાને સ્વદેશ પાછા મોકલી ચૂક્યું છે.

ભારતના મિસાઇલ હુમલાને કારણે નાસીપાસ થયેલા પાકિસ્તાને પીએસએલને મોકૂફ રાખવી પડી હતી. પીસીબીએ આ ટૂર્નામેન્ટની બાકીની મૅચો દુબઈમાં રાખવા યુએઇ ક્રિકેટ બોર્ડને વિનંતી કરી હતી, પણ યુએઇએ એ વિનંતી ઠુકરાવી હતી.

હજી તો પીસીબી બાકીની પીએસએલ ક્યારે અને ક્યાં રાખશે એ સૌથી મોટો સવાલ છે અને સૂત્રો જણાવે છે કે પીસીબીએ આ સ્પર્ધા ડીઆરએસ તથા હૉકેઆય જેવી સગવડો વગર આગળ વધારવી પડશે, કારણકે ભારતીય નિષ્ણાતો સિવાય પાકિસ્તાન પાસે બીજું એવું કોઈ નથી જેઓ આ બે સુવિધાઓને સહજતાથી ચલાવી શકે. ■

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રી લીઝ કોમરશીયલ પ્રોપર્ટી, 300' કારપેટ દુકાન દેરાસર લેન, 2.85 CR. ભાડાની આવક 1 LAC + 60 ફીટ રોડ, દુકાન, 265' કારપેટ, 4.05 CR. ભાડાની આવક 1.40 LAC. 90'ફીટ રોડ, ઓફિસ, 980' કારપેટ, 3.25 CR. નેગોશીએબલ. ભાડાની આવક 1.40 LAC. HOME ALONE PROPERTY - અભિષેક - 9082522655. (૧૫૯૦૮-સી)**

**ગોરેગામ (વેસ્ટ)**
**એસ.વી.રોડ, CROMA અને પીરામલનગરની સામે, સમ્રાટ ક્લાસીસની ઉપર, સેમી ફર્નીશડ 1000' ફૂટ કારપેટ, ત્રીજે માળે, 35 થી 40 માણસોની સીટીંગ કેપેસીટી (ભાડેથી 75,000/= આપવાનો) ઓનર - 7506345205. (૧૫૯૨૬/સી)**

**COMMERCIAL OFFICES**
બોરીવલી (વેસ્ટ) ચંદાવરકર રોડ, સ્ટેશન નજીક, એરીયા 500', નવા બિલ્ડીંગમાં 4/5/6th floor, ઓફિસ વેચાણથી, ક્લાસીસ, CA પ્રોફેશનલ લાયક રાજુ 9820064562 કુમાર 9930467348. (જેપી/૪૯૯૦-સી)

**ઝવેરીબજાર**
છીપી ચાલ (શામસેટ સ્ટ્રીટ) ૧૨૦' કારપેટ ઓફિસ ૩જે માળે વેચવાની છે. 9322255218. (૧૫૯૧૭-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર- 10 માળનાં ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડે થી/ વેચાણથી મયુરભાઈ- 9821147578, 9987254333. (૧૫૯૨૭-ઈ)

**ઘાટકોપર [વેસ્ટ]**
**દુકાન રોડટચ**
**263' કાર્પેટ, ખારાવાડી, ગોપાલ ભવન બસ સ્ટોપની બાજુમાં, એલ. બી. એસ. માર્ગ વેચાણ/ ભાડેથી લેવા દેવેન્દ્ર ખારા 9869125605. (૧૫૯૨૦-એ)**

**FOR IMMEDIATE SALE / LEASE**
**COMMERCIAL SPACE**
**AT VERSOVA, ANDHERI (W)**
Vastu Compliant Square Office
**1350 RERA Carpet, 1st Floor,**
Excellent & Strategic Location,
Opp. Kokilaben Hospital with
Main Road Frontage for Display,
Metro Station 5 Minutes Walking.
**IDEAL FOR:** Office/ Clinic / Professional / Finance / Insurance / Government Office
**9930247763 / 7021039785**
(SDB-2620)

**OFFICE ભાડેથી**
સ્ટેશનથી પાંચ મિનિટ કાંદિવલી વેસ્ટ 220' ઓફિસ 20000/- રેન્ટ, 50000/- ડિપોઝીટ નીગોસીએબલ owner 9820413408. (જેપી- ૪૯૯૨-એફ)

**"ચર્નીરોડ"**
સ્ટેશન પાસે, બેઝમેન્ટ, ઓફિસ 312' ગોડાઉન - લેબ - ક્લાસીસ - સ્ટુડીયો, લીઝ - 35,000/-: 9867222020. (૧૫૯૪૪-એ)

**બોરીવલી (વેસ્ટ) સ્ટેશનથી બાજુમાં**
કમર્શિયલ ટાવરમાં ભાડેથી ઓફિસીસ. કારપેટ 223' તથા 865' (સેલ્ફ કન્ટેન્ડ), પાર્કિંગ, 3 લિફટ, કોર્પોરેટ, અન્ય બિઝનેસને લાયક. "અતુલ સંગોઈ એસોસિએટ્સ" 9820203032. (૧૫૯૪૮-એ)

**કાંદિવલી (ઈસ્ટ) સ્ટેશન પાસે**
**OFFICE**
**બિલ્ડીંગ- SIDDHIVINAYAK ARCADE, 1000' ફુટ કારપેટની જગ્યા ભાડાથી આપવાની. CORPORATE, OFFICE, CLASSES, CALL CENTER વગેરે માટે શ્રેષ્ઠ. AMPLE PARKING. રેડી પઝેશન. સંપર્ક 9819810215, 02235729854 (ફોન 11- 6 કરવો). (૧૫૯૪૭-ડી)**

**બોરીવલી (વેસ્ટ) સ્ટેશનની સામે**
**THAKKAR SHOPPING MALLમાં 100' ફુટની શોપથી 1000' ફુટના શોરૂમ લાયક જગ્યાઓ ભાડેથી આપવાની. (ફોન 11થી 6 કરવો). સંપર્ક 02228334910, 9167999139. (૧૫૯૪૭-ઈ)**

**ખાર (પશ્ચિમ)**
**એક્સક્લુઝિવ ઓફિસ 2460' કાર્પેટ- પૂરો માળ, ઓસી સાથે, પ્રાઈમ લોકેશન એસ વી રોડ, સ્ટેશનથી વોકેબલ, ધંધા લાયક જગ્યા, સેલ અને ભાડે આપવાની છે. સંપર્ક 9987464111. (૧૫૯૪૬-એ)**

**દાદર (વેસ્ટ)**
2400' કાર્પેટ ભાડે આપવી છે. પહેલે માળે, લિફ્ટ, કાર પાર્કિંગ. શાહ-9022396609 / 9223233911. જગ્યા લેવા વેચવા ભાડે. (૧૫૯૪૫-બી)

**નવજીવન ઓફિસ**
બોમ્બે સેન્ટ્રલ (૧૮૦ કાર્પેટ) (ઓનરશીપ) ૭૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી- ૨૬૩૬)

■ બોરીવલી (વેસ્ટ) કલ્યાણ જ્વેલર્સની સામે દુકાન (75,000) ભાડેથી આપવાની.":- 8007342828. (૧૫૯૪૫-જી)

**LOWER PAREL**
1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2619)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના- 6500/-**
"દાંડિયા", "સંગીતસંધ્યા", "લગ્નગીત", "બર્થડે", "એનિવર્સરી", "ડીજે":- 9820889938. (૧૫૯૨૨/એ)

**હાસ્ય ધમાકા**
**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્ન ગીત + ગેમ્સ. 9820464530. (૧૫૯૩૫-સી)**

**"FREE DEMO"**
"જોવા પધારો લગ્ન ગીત, સંગીત સંધ્યા, નવરાત્રી ગરબા" "કમલેશ" - 9820889938. (૧૫૯૪૫-એચ)

## ૩૨. જમીન-મિલકત

**LAND IN TITHAL VALSAD**
**14362 SquareMetres Multi-Purpose N. A. Land Clear Title and Possession 500 Metres from Tithal Beach 9998877533. (B-15959)**

**AGRICULTURAL PLOT SALE AT KARJAT**
**Agricultural Plot 30000 sq.ft. Rate 300/- per sq. ft. available for Sale, Complete Tar Fencing, Main Entrance Gate, Single Owner, Ideal for Resort, Farm House, Home Stay, etc. Contact: 98211 14355 / 9321807605. (15948-C)**

**A 6723 SQFT PROPERTY**
**Near Cumballa Hill for Outright Sale. Potential Buyers, kindly Email at meghatrambak@gmail.com (B-16016)**

## ૩૩. ધંધાદારી

**"કેસર કેરી"**
વલસાડની પ્રખ્યાત (વર્લ્ડ ફેમસ) ઘેર બેઠા મંગાવો 9427577771. (૧૫૮૭૪-એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૯૯૬)

**સ્પેશ્યાલિસ્ટ**
ડાંબરકામ, વોટરપ્રૂફિંગ, કેમિકલ વર્ક્સ, છજ્જા, પેઈન્ટિંગ, બેડરૂમ, કિચન. - 9769888191. - 9930926930. (બી-૧૫૯૯૯)

■ નોકરી, ધંધો, અભ્યાસ કે લગ્ન, કાયદેસર પાસપોર્ટ, વિઝા સાથે દુનિયાભરમાં જવા સોનેરીતક 9377992110, 9867510027. (બી-૧૫૯૯૮)

**સ્ટેમ્પ ડયુટી**
**રજીસ્ટ્રેશન**
**એડજુડીકેશન**
**ઈન્ડેક્સ II**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૫૯૭૨)

■ સી.એન.સી. લેથ મશીન સ્પેર કેપેસીટી છે. વ્યાજબી ભાવે જોબ વર્ક કરી આપશું. ભાઈંદર. વિમલભાઈ: ૯૯૩૦૩૭૬૩૭૫. (એસડીબી- ૨૬૩૭)

**"FREE DEMO"**
"જોવા પધારો લગ્ન ગીત, સંગીત સંધ્યા, નવરાત્રી ગરબા" "કમલેશ" - 9820889938. (૧૫૯૫૧-બી)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા લંડન ઓસ્ટ્રેલિયા કેનેડા વગેરે દેશોમાં પાર્સલ મોકલવા. 9323766047/ 8451015519. (૧૫૯૫૦-એ)

STRUCTURAL AUDIT, REpair Consultancy, Thermography, Civil, Waterproofing, Plumbing, Painting. 9222212231. (B-15985)

**ACCOUNTS**
**GST, TDS, Filing of Income Tax Return. Anjali: 9324521219. (15936-A)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**હરે ક્રિષ્ના સર્વિસીસ (1997)**
ઉધઈ, વાંદા, માકડ 100% અસરકારક, કારપેટ, ચેર, સોફાગાદી કલીનીંગ, ફલેટ, ઓફિસ ડિપકિલનિંગ, હાઉસકીપિંગ, લેબર સપ્લાય - 9892747758 / 9702875877. (જેપી-૪૯૯૦-બી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ સોલ્યુશન**
**ટેરેસ, પેરાપીટ વોલ, છજ્જા, આઉટસાઈટ વૉલ, ક્રેક ફીલીંગ, પ્લાસ્ટરીંગ વીથ પેઈન્ટીંગ, ASIAN PAINT, રૂફ કુલ. 5-7 વર્ષની ગેરંટી સાથે. 9320210293. (૧૫૯૦૨-ઈ)**

## ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ સોલ્યુશન**
**વોટર પ્રુફીંગ, ટેરેસ, સાઈડ વોલ, ક્રેક ફીલિંગ, રીપેરીંગ, પેઈન્ટીંગ. 9892901140/ 9987694771. (૧૫૯૦૨-જી)**

**વોટરપ્રુફીંગ એક્સપર્ટ**
બિલ્ડિંગ રીપેરીંગ, છજીયા, ટેરેસ, બાથરૂમ, આઉટસાઈડ વોલ. **7977141377.** (૧૫૩૫૦-બી)

## ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૬૦૦૧)


# ઓસ્ટ્રેલિયામાં પૂરથી ભારે તબાહીઃ ચારનાં મોત



**પૂરઃ** ઓસ્ટ્રેલિયાના નોર્થ સિડનીમાં ભારે વરસાદને પગલે પૉર્ટ મૅક્વારી વિસ્તારમાં પૂરનાં પાણી નિવાસી વિસ્તારમાં ફરી વળ્યાં હતાં. (એજન્સી)

મેલબોર્નઃ ઓસ્ટ્રેલિયાના પૂર્વી દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે પૂર અને વિનાશના દ્રશ્યો સર્જાયા છે. આ પૂરમાં ચાર લોકોનાં મોત થયાં છે. જ્યારે એક વ્યક્તિ ગુમ છે. આપત્તિ ક્ષેત્રમાં વરસાદ ઓછો થયો હોવાનું શુક્રવારે અધિકારીઓએ જણાવ્યું હતું.

છેલ્લા કેટલાક દિવસના ભારે વરસાદ અને પૂરને કારણે ૫૦,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત થયા છે. પૂર્વી દરિયાકાંઠાના વિસ્તારોમાં ઓછા દબાણવાળું ક્ષેત્ર રચાવાથી ભારે વરસાદ પડ્યો હતો અને હવે આ ઓછા દબાણવાળું ક્ષેત્ર સિડની તરફ આગળ વધ્યું છે.

બુધવારથી ન્યૂ સાઉથ વેલ્સમાં પૂરના પાણીમાંથી ચાર મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. વાહન ચલાવતા ત્રણ લોકો પૂરના પાણીમાં તણાઇ ગયા હતા. જ્યારે એક વ્યક્તિનો મૃતદેહ તેના ઘરના વરંડામાંથી મળી આવ્યો હતો. બુધવારે રાત્રે પૂરગ્રસ્ત વિસ્તારમાં ફરતી વખતે એક ૪૯ વર્ષીય વ્યક્તિ ગુમ થઇ ગયો હતો. જેની હજુ પણ શોધખોળ ચાલી રહી છે.

વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝ અને ન્યૂ સાઉથ વેલ્સના પ્રીમિયર ક્રિસ્ટોફર મિન્સે શુક્રવારે પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી.

મિન્સે રાહત અને બચાવ કામગીરીમાં સામેલ લોકોની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે ઇમર્જન્સી સેવાઓ અને સ્વયંસેવકોએ ૬૭૮ લોકોને બચાવ્યા હતા. જો સ્વયંસેવકો ન હોત તો મૃત્યુઆંક સેંકડોમાં રહ્યો હોત એમ મિન્સે જણાવ્યું હતું.

હવામાન સ્વચ્છ હોવા છતાં પૂરગ્રસ્ત વિસ્તારોનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. પૂરને કારણે ઘણા રસ્તાઓ અને પુલો નાશ પામ્યા છે. ■

## તેજસ્વી તારલાઓને અભિનંદન

### દસમા ધોરણના વિદ્યાર્થીઓ


આર્થિયા પ્રિન્સી મુકેશ
૯૩.૮૦ ટકા


આશર શ્રેયા જિવંત
૯૩.૬૭ ટકા


ધ્રુતિ જેઠાલાલ મંગે
૮૯ ટકા


ગોથી પોંકશિખા ચત્રભુજ
૯૪.૬૦ ટકા


મિત્ત મેહુલ ગજરા
૯૩.૪૦ ટકા


પરમ મિત્તુલ ભાયાણી
૯૪.૬૭ ટકા


વરાત વૃત્તિ દિનેશ
૯૨.૮૦ ટકા


વ્રજ અમિત સેતા
૯૬ ટકા


યશસ્વી રાહુલ શાહ
૯૨.૩ ટકા

### બારમા ધોરણના વિદ્યાર્થીઓ


ચાર્મી પટેલ
૮૪.૫૦ ટકા


દેઢિયા હેતવર્થ પિયુષ
૮૫.૮૩ ટકા

મહારાષ્ટ્ર બોર્ડના દસમા અને બારમા ધોરણના ૮૦%થી વધુ માર્ક મેળવનારા વિદ્યાર્થીઓ પોતાનો ફોટો અને માર્કશીટ 'મુંબઈ સમાચાર'ને મોકલી આપે.

ઈ-મેઈલ એડ્રેસ : resultonms@gmail.com

વૉટ્સએપ : 7045430579

# ઝારખંડમાં આગામી દિવસોમાં તોફાન સાથે ભારે વરસાદની આગાહી

રાંચીઃ ભારતીય હવામાન વિભાગે શુક્રવારે ઝારખંડમાં આગામી થોડા દિવસો સુધી ભારે પવન સાથે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૯ મે સુધી મહત્તમ તાપમાન સામાન્યથી નીચે ૩૧ થી ૩૭ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે.

હવામાન કેન્દ્રના વૈજ્ઞાનિક અભિષેક આનંદે જણાવ્યું હતું કે, "રાજ્યભરમાં છૂટાછવાયાથી વ્યાપક વરસાદની શક્યતા છે. હળવાથી મધ્યમ વરસાદની સાથે કેટલાક સ્થળોએ ભારે વરસાદની પણ શક્યતા છે. આ અઠવાડિયે વાવાઝોડા અને ભારે પવન ફૂંકવાની પણ શક્યતા છે. હવામાન વિભાગે ૩૦ મે થી ૫ જૂન દરમિયાન ભારે વરસાદની આગાહી કરી છે."

આનંદે જણાવ્યું હતું કે, "શુક્રવારે ચતરા, ગઢવા, ગુમલા, હજારીબાગ, કોડરમા, લાતેહાર, લોહરદગા, પલામુ અને રાંચીમાં કેટલાક સ્થળોએ ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. રાજ્યના દક્ષિણ, મધ્ય અને ઉત્તર-પૂર્વ ભાગોમાં ૬૦ કિમી પ્રતિ કલાકની મહત્તમ ઝડપે પવન ફૂંકાશે જેને લઇને ઓરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આ મહિને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓએ પહેલાથી જ ભારે નુકસાન પહોંચાડ્યું છે.

વીજળી પડવાથી ઘણા લોકો માર્યા ગયા છે. પીડિતોમાં ૪૬ વર્ષીય સીઆરપીએફ અધિકારીનો પણ સમાવેશ થાય છે. ■

### મેજિસ્ટ્રેટ પર પિસ્તોલ તાકવા બદલ

# ભાજપના ધારાસભ્ય કંવરલાલ મીણાનું વિધાનસભા સભ્યપદ રદ અને ત્રણ વર્ષની કેદની સજા

જયપુરઃ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ પર પિસ્તોલ તાકવા બદલ ત્રણ વર્ષની જેલની સજા ફટકારવામાં આવ્યાના સંદર્ભમાં રાજસ્થાન વિધાનસભાએ શુક્રવારે ભાજપના ધારાસભ્ય કંવરલાલ મીણાનું સભ્યપદ સમાપ્ત કર્યું હતું , એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

વિધાનસભા સચિવાલય દ્વારા જારી કરાયેલા જાહેરનામા અનુસાર, મીણાનું સભ્યપદ ૧ મેથી સમાપ્ત થઈ ગયું છે.

સ્પીકરે નિર્ણય લેતા પહેલા એડવોકેટ જનરલ અને વરિષ્ઠ કાનૂની નિષ્ણાતો પાસેથી કાનૂની અભિપ્રાય માગ્યો હતો.

આજે મળેલા કાનૂની અભિપ્રાયમાં સુપ્રીમ કોર્ટના દાખલાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે 'ધારાસભ્યનું સભ્યપદ સમાપ્ત કરવા સિવાય કોઈ વિકલ્પ નહોતો કારણ કે તેમની સજા સુપ્રીમ કોર્ટે રોકી ન હતી,' એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

મીણાએ તેમની સજા સ્થગિત કરવા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. જોકે, સુપ્રીમ કોર્ટે તેમની અરજી ફગાવી દીધી હતી અને તેમને બે અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે ૨૧ મેના રોજ અકલેરા કોર્ટ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું અને હાલમાં તેઓ જેલમાં છે.

૧૪ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ, ઝાલાવાડની એડીજે અકલેરા કોર્ટે મીણાને ૨૦ વર્ષ જૂના કેસમાં ત્રણ વર્ષની કેદની સજા ફટકારી હતી, જેમાં તેમને સરકારી કામમાં અવરોધ ઊભો કરવા, સરકારી અધિકારીઓને ધમકાવવા અને મિલકતમાં તોડફોડ કરવાના દોષી ઠેરવ્યા હતા.

વિધાનસભા સચિવાલયે અગાઉ મીણાને નોટિસ ફટકારી હતી, જેમાં તેમને સુપ્રીમ કોર્ટમાંથી મળેલી કોઈપણ રાહત અંગે સાતમી મે સુધીમાં જવાબ આપવા જણાવ્યું હતું. તેમની સજા પર કોઈ સ્ટે ન મળતાં, સચિવાલયે ગેરલાયક ઠેરવવાની કાર્યવાહી હાથ ધરી હતી.

ચૂંટણી પંચને ખાલી જગ્યાની જાણ કરવામાં આવી છે. હવે, આ બેઠક પર પેટાચૂંટણી છ મહિનાની અંદર, સંભવતઃ ઓક્ટોબર ૨૦૨૫ પહેલા યોજાશે. ■

# મણિપુરમાં ઇમ્ફાલ ખીણમાં બંધના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત

ઇમ્ફાલઃ મણિપુરમાં સરકારી બસમાંથી રાજ્યનું નામ દૂર કરવાના વિરોધમાં મેઇતેઇ ઓર્ગોનાઇઝેશન કોઓર્ડિનેશન કમિટી ઓફ મણિપુર ઇન્ટિગ્રિટી(સીઓસીઓએમઆઇ) દ્વારા ૪૮ કલાકના રાજ્યવ્યાપી બંધના એલાનને કારણે શુક્રવારે બીજા દિવસે પણ ઇમ્ફાલ ખીણના પાંચ જિલ્લાઓમાં સામાન્ય જનજીવન પ્રભાવિત રહ્યું હતું.

તમામ વ્યવસાયિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી અને ખાનગી કચેરીઓ બંધ રહી હતી અને જાહેર પરિવહનના પૈડાંઓ થંભી ગયા હતા. તબીબી કટોકટી અને શિરુ લીલી ઉત્સવમાં હાજરી આપવા માટે ઉખરુલ જિલ્લામાં જતા લોકો સિવાય અન્ય કોઇ ખાનગી વાહનોને રસ્તાઓ પર ચાલવાની મંજૂરી નથી.

બિષ્ણુપુર અને થૌબલ જિલ્લાના વિવિધ ભાગોમાં અનેક મહિલા બંધ સમર્થકોએ કેન્દ્રીય સુરક્ષા દળોના વાહનો રોક્યા અને સુરક્ષા વાહનોના વિન્ડશિલ્ડ પર 'મણિપુર/કાંગલેઇપાક'ના સ્ટીકર ચોંટાડ્યા હતા. કાંગલેઇપાક એ મણિપુરનું પ્રાચીન નામ છે. શુક્રવારે સવારે ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના એન્ડ્રો પાર્કિંગ, કોંગબા અને ખુરાઇ વિસ્તારોમાં રસ્તાની બાજુમાં શાકભાજી વેચનારાઓને પોતાની દુકાનો ખોલી હતી. પરંતુ બંધ સમર્થકોએ તેમને બંધ કરવા કહ્યું હતું. બંધ સમર્થકોએ ઇમ્ફાલ પશ્ચિમ જિલ્લાના ઉરીપોક, સિંગજામેઇ અને ક્વાકેઇથેલમાં બંધનું એલાન કર્યું હતું.

ગુરુવારે રાત્રે બંધ સમર્થકોએ બે કિમી લાંબી મશાલ શોભાયાત્રા કાઢી હતી. રાજભવન તરફ જતા તમામ સ્થળોએ કેન્દ્રીય દળોના જવાનોને તહેનાત કરવામાં આવ્યા છે. મણિપુર સરકારે બુધવારે એ આરોપોની તપાસનો આદેશ આપ્યો છે જેમાં સુરક્ષા કર્મચારીઓએ શિરુઇ લીલી ઉત્સવમાં પત્રકારોને લઇ જતી બસ પર રાજ્યનું નામ લખવા માટે દબાણ કર્યું હતું. ■

# આંધ્ર પ્રદેશમાં આંતરરાષ્ટ્રીય સાયબર છેતરપિંડી કરતી ગેંગનો પર્દાફાશઃ ૩૩ની ધરપકડ

અનાકાપલ્લેઃ આંધ્ર પ્રદેશ પોલીસે અચ્યુતપુરમથી કાર્યરત એક કથિત આંતરરાષ્ટ્રીય સાયબર છેતરપિંડી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ મામલે ગેંગના ૩૩ સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. તેમ જ તેમની પાસેથી હાઇટેક સાધનો અને ત્રણ લાખ રૂપિયા રોકડા જપ્ત કરવામાં આવ્યા છે.

અનકાપલ્લી જિલ્લાના નાયબ પોલીસ અધિક્ષક(ડીએસપી) વિષ્ણુ સ્વરૂપે ગુરૂવારે ગામના મહેસૂલ અધિકારીની ફરિયાદ અને ગુપ્તચર માહિતીના આધારે ત્રણ મુખ્ય સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા હતા. કોમ્પ્યુટર, નેટવર્ક ઉપકરણો અને વૈભવી ફર્નિચર સહિતનો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર નોકરી શોધનારાઓને ઓનલાઇન પોર્ટલ દ્વારા નોકરી પર રાખવામાં આવતા હતા, તેમને નકલ કરવાની તક્નીકોમાં તાલીમ આપવામાં આવતી હતી અને પછી યુએસ નાગરિકો પાસેથી સંવેદનશીલ નાણાકીય માહિતી મેળવવા માટે કૌભાંડના કોલ કરવા માટે તહેનાત કરવામાં આવતા હતા.

તેમણે કહ્યું કે ભરતી કરવામાં આવેલા મોટાભાગના લોકો આસામ અને ઉત્તરપૂર્વ ભારતના હતા. તેમને જમવા અને રહેવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવતી હતી. એક અઠવાડિયા સુધી તેમને તાલીમ આપવામાં આવતી હતી. બીજા અઠવાડિયે તેઓ કોલ કરવા લાગતા હતા.

સ્વરૂપે જણાવ્યું કે બે માસ્ટરમાઇન્ડ- મહારાષ્ટ્રના પુનિત ગોસ્વામી અને રાજસ્થાનના અવિહંત ડાગાની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે અન્ય લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે જેથી સમગ્ર સિન્ડિકેટ વ્યવસ્થાની ભાળ મેળવી શકાય. પોલીસને શંકા છે કે ૬૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ છેતરપિંડીથી ઉપાડી લેવામાં આવી હશે. જો કે ચોક્કસ આંકડા હજુ તપાસ હેઠળ છે.

તેમણે વધુમાં જણાવ્યું કે ધરપકડ કરાયેલા લોકોમાંથી લગભગ ૬૦-૭૦ ટકા નવા નિશાળીયા છે. પરંતુ ત્રીજા અને ચોથા સ્તરના ઓપરેટિવ્સ અનુભવી છે અને ઓપરેશન દરરોજ ચાલે છે. ■

# ઈન્ડિગો ફલાઈટ ટર્બ્યુલન્સમાં ફસાઈ, પરંતુ પાકિસ્તાને મદદ કરવાની ના પાડી

નવી દિલ્હી : દિલ્હીથી શ્રીનગર જઈ રહેલી ઈન્ડિગો ફ્લાઈટના પાઈલટે ટર્બ્યુલન્સને ટાળવા પાકિસ્તાનની હવાઈ સીમામાં પ્રવેશવાની પરવાનગી માગી હતી, પરંતુ પાકિસ્તાને એ પરવાનગી આપી નહોતી, એવી માહિતી હવાઈ ઉડ્ડયનના પ્રહરી ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશન (ડીજીસીએ)એ આપી હતી.

આ બનાવના વિગતવાર નિવેદનમાં ડીજીસીએએ કહ્યું હતું કે વિમાનના કોઈ ઉતારુને ઈજા થઈ નહોતી અને વિમાનના 'નોસ રેડોમ' એટલે રડારને બચાવવા માટેના આગળ તરફના સંરક્ષણાત્મક આવરણને નુકસાન થયું હતું.

ડીજીસીએ વિમાન ટર્બ્યુલન્સમાં ફસાયું એ બનાવની તપાસ કરશે.

બુધવારે ઈન્ડિગોના એ૩૨૧ એરક્રાફ્ટની ફ્લાઈટ ૬ઈ ૨૧૪૨ને પઠાણકોટની નજીક કરા પડવાથી ભયંકર ટર્બ્યુલન્સનો સામનો કરવો પડ્યો હતો. ડીજીસીએએ કહ્યું હતું કે વિમાનના પાઈલોટના જણાવ્યા પ્રમાણે અમે નોર્ધર્ન કંટ્રોલ (આઈએએફ)ને ડાબી બાજુ (આંતરરાષ્ટ્રીય સરહદ) તરફ વાળવાની વિનંતી કરી હતી. જોકે આની મંજૂરી દેવામાં આવી નહોતી. કર્મચારીએ કરાંના તોફાનથી બચવા લોહોરનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને વિનંતી કરાઈ હતી કે અમને પાકિસ્તાનની હવાઈસીમામાં પ્રવેશવાની મંજૂરી આપો. જોકે પાકિસ્તાને આનો ઈનકાર કર્યો હતો. નિયામકના જણાવ્યા પ્રમાણે પાઈલાટે પાછા ફરવાનો પણ પ્રયાસ કર્યો હતો, પરંતુ વિમાન તોફાનના વાદળની નજીક હોવાથી વિમાનને આગળ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ■

# દિલ્હીમાં ગેરકાયદે રહેતા ૧૨૧ બાંગ્લાદેશી પકડાયા

નવી દિલ્હીઃ દિલ્હી પોલીસે ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા ૧૨૧ બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી છે અને તેમની દેશનિકાલની પ્રક્રિયા ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસ (એફઆરઆરઓ) દ્વારા શરૂ કરવામાં આવી છે, એમ એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે એક અઠવાડિયામાં ગેરકાયદેસર બાંગ્લાદેશીને પકડી લેવામાં આવ્યા હતા. આ કેસમાં પાંચ ભારતીયની પૂછપરછ કરવામાં આવી હતી.

દેશમાં વિદેશી નાગરિકોના ગેરકાયદેસર પ્રવેશ અને રોકાણને સરળ બનાવવામાં કથિત રીતે સંડોવાયેલા શંકાસ્પદ સિન્ડિકેટની તપાસ માટે નરેલા ઔદ્યોગિક વિસ્તાર પોલીસ સ્ટેશનમાં કેસ પણ નોંધવામાં આવ્યો છે, એમ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (આઉટર નોર્થ) નિધિન વલસને જણાવ્યું હતું. ■

# એફએમસીજી, પાવર શૅરોમાં કરંટ આવતા સેન્સેક્સમાં ૭૬૦ પોઈન્ટથી વધુ તેજીઃ રિલાયન્સ, એચડીએફસી બૅંક અને આઈટીસીમાં ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ યુએસ ટ્રેઝરી યિલ્ડ તથા ક્રૂડ ઓઇલના ભાવના ઘટાડાને કારણે વૈશ્વિક બજારોના સુધારા સાથે સ્થાનિક બજારમાં પણ સુધારો જોવા મળ્યો હતો. બજારના હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક અને આઇટીસી સહિતના શેરોમાં લેવાલીને આધારે શુક્રવારે બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીમાં લગભગ એક ટકાનો તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો.

સેન્સેક્સ ૭૬૯.૦૯ પોઈન્ટ અથવા ૦.૯૫ ટકા વધીને ૮૧,૭૨૧.૦૮ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૯૫૩.૧૮ પોઈન્ટ અથવા ૧.૧૭ ટકા વધીને ૮૧,૯૦૫.૧૭ની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૨૪૩.૪૫ પોઈન્ટ અથવા ૦.૯૯ ટકા વધીને ૨૪,૮૫૩.૧૫ પર બંધ થયો હતો.

સેન્સેક્સના શેરોમાં એટર્નલ, પાવરગ્રીડ, આઇટીસી, બજાજ ફિનસર્વ, નેસ્લે, એક્સિસ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક અને અદાણી પોર્ટનો સમાવેશ હતો. સેન્સેક્સના શેરોમાં એકમાત્ર સન ફાર્મા બે ટકા ઘટાડા સાથે ઘટનારો શેર બન્યો હતો. સન ફાર્માએ માર્ચ ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૧૯ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે.

પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલ વધી રહી છે. આવતી ૨૬મી મેના રોજ મેઇન બોર્ડમાં બે ભરણાં આવી રહ્યાં છે, જેમાં એજિસ વોપેક ટર્મિનલ્સ અને સ્કલોસ બેંગોલર લિમિટેડનો સમાવેશ છે. જ્યારે તે પછીના દિવસે ૨૭મીએ એસએમઇ સેગમેન્ટમાં બે આઇપીઓ પ્રવેશી રહ્યાં છે અને ૨૮મીએ સ્કોડા ટ્યૂબનો મેઇન બોર્ડ ઇશ્યૂ આવી રહ્યો છે. સ્કોડા ટ્યુબ્સ લિમિટેડ રૂ. ૨૨૦.૦૦ કરોડના બુકબિલ્ડિંગ આઇપીઓ સાથે ૨૮ મે, ૨૦૨૫ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૩૦ મેના રોજ બંધ થશે. શેરની ફાળવણી બીજી જૂન, ૨૦૨૫ના રોજ અને એનએસઇ, બીએસઇ પર લિસ્ટિંગ ચોથી જૂને થવાની સંભાવના છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૩૦થી રૂ. ૧૪૦ પ્રતિ શેર અને લઘુત્તમ લોટ સાઈઝ ૧૦૦ શેર છે.

સેન્સેક્સમાં જૂન મહિનાથી નેસ્લે ઇન્ડિયા અને ઇન્ડસઇન્ડ બેન્કને બાકાત કરવામાં આવશે અને તેને સ્થાને ટાટાની કંપની ટ્રેન્ટ અને સરકારી કંપની બીઇએલને સ્થાન મળશે. બીઇએમએલનો ચોથા ક્વાર્ટરનો નફો ૧૨ ટકા વધીને રૂ. ૨૮૭.૫૫ કરોડ થયો છે. એલેમ્બિક ફાર્માને બ્લડ પ્રેશરની સારવાર માટે વપરાતા જેનેરિક ડ્રગ માટે મંજૂરી મળી ગઇ છે. ઇર્કોન ઇન્ટરનેશનલના ચોથા ત્રિમાસિકના નફામાં વાર્ષિક ધોરણે ૧૪ ટકાનો કડાકો નોંધાયો છે. એલ્યુમિનિયમના મજબૂત ભાવને કારણે નાલ્કોનો ચોથા ત્રિમાસિકનો નફો બમણો થઈને રૂ. ૨,૦૬૭ કરોડ નોંધાયો છે. ઓએનજીસીના ચોથા ત્રિમાસિક નફામાં વાર્ષિક ધોરણે ૩૫ ટકાનો તોતિંગ ઘટાડો નોંધાયો છે.

ફલેગશિપ અર્ન્ડ વેજ એક્સેસ સહિતની ફાઇનાન્શિયલ પ્રોડક્ટ્સ અને સર્વિસિસ ઓફર કરતી એમેરાલ્ડ ફાઇનાન્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં વાર્ષિક ધોરણે ૧૨૭.૪૫ ટકાની વૃદ્ધિસાથે રૂ. ૪.૬૦ કરોડની આવક, ૧૯૫.૪૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩.૬૦ કરોડનો એબિટા, ૨૪૬.૨૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨.૧૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

આઇટીસીના શેરમાં પરિણામની જાહેરાત બાદ ત્રણેક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ઉત્તરપૂર્વ પ્રાંતમાં ગ્રીન એનર્જી, રોડ કન્સ્ટ્રક્શન અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ૧૦ વર્ષમાં વધુ રૂ. ૫૦,૦૦૦ કરોડનું રોકાણ કરશે. આ આસામના પ્રસ્તાવિત રૂ. ૫૦,૦૦૦ના રોકાણ સાથે કુલ આંકડો એક લાખ કરોડનો થાય છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે નોર્થ ઇસ્ટમાં રૂ. ૭૫,૦૦૦ કરોડની રોકાણ યોજના જાહેર કરી છે. વેદાંતે ઉત્તરપૂર્વમાં ઓઇલ અને ગેસ, મહત્વપૂર્ણ ખનિજો અને અન્ય ક્ષેત્રોમાં રૂ. ૩૦,૦૦૦ કરોડનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

એનએસઇના આઇપીઓ અંગે સેબી ચીફે જણાવ્યું છે કે બાકી રહેલા તમામ મુદ્દાનો ટૂંક સમયમાં જ હલ કાઢવામાં આવશે. કનોડિઆ સિમેન્ટે સેબી પાસે આઇપીઓ દસ્તાવેજ જમા કરાવ્યા છે. ટીસીએસને જાહેર ક્ષેત્રની ટેલિકોમ કંપની બીએસએનએલ તરફથી રૂ. ૨૯૦૩.૨૨ કરોડનો એડ ઓન એડવાન્સ પરચેઝ ઓર્ડર પ્રાપ્ત થયો છે. જાહેર ક્ષેત્રની હાઇડ્રોપાવર ડેવલપર, એનએચપીસીએ ચોથા ક્વાર્ટરમાં ૫૨ ટકાના વધારા સાથે રૂ. ૯૧૯ કરોડનો નફો નોંધાવ્યો છે. જોકે, ૨૦૨૫ના નાણાકીય વર્ષમાં તેનો નફો ૧૫ ટકા ઘટ્યો છે. કોન્ટિનેન્ટલ પેટ્રોલિયમનો નફો ૭૬ ટકા ઘટીને રૂ. ૩૪ લાખ નોંધાયો છે.

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો હતો, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી અને શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ નીચો રહ્યો હતો. યુરોપના બજારો મધ્ય-સત્ર સોદામાં ઊંચા વેપાર કરી રહ્યા હતા. ગુરુવારે ઓવરનાઇટ ટ્રેડમાં યુએસ બજારો મોટાભાગે ફ્લેટ રહ્યા હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૨૩ ટકા ઘટીને ૬૪.૨૯ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે રૂ. ૫,૦૪૫.૩૬ કરોડનું ઇક્વિટી વેચાણ કર્યું હતું. ગુરુવારે, સેન્સેક્સ ૬૪૪.૬૪ પોઈન્ટ અથવા ૦.૭૯ ટકા ઘટીને ૮૦,૯૫૧.૯૯ પર બંધ થયો હતો. નિફ્ટી ૨૦૩.૭૫ પોઈન્ટ અથવા ૦.૮૨ ટકા ઘટીને ૨૪,૬૦૯.૭૦ પર બંધ થયો હતો.

બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ ગુરુવારે ૮૧,૦૦૦ પોઇન્ટની સપાટી ગુમાવ્યા બાદ શુક્રવારે ૮૧,૭૦૦થી આગળ વધ્યો હતો. સેક્ટરલ ઈન્ડાયસીસમાં એફએમસીજી અને યુટિલિટીઝ સૌથી અધિક વધ્યા હતાસ એકમાત્ર હેલ્થકેર ઈન્ડેક્સ ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ. ૨.૯૦ લાખ કરોડ વધ્યું હતું.

શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૮૦,૯૫૧.૯૯ના બંધથી ૭૬૯.૦૯ પોઈન્ટ્સ (૦.૯૫ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૦,૮૯૭.૦૦ ખૂલીને નીચામાં ૮૦,૮૯૭.૦૦ સુધી અને ઊંચામાં ૮૧,૯૦૫.૧૭ સુધી જઈને અંતે ૮૧,૭૨૧.૦૮ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૩૮.૯૮ લાખ કરોડ સામે રૂ. ૨.૯૦ લાખ કરોડ વધીને રૂ. ૪૪૧.૮૯ લાખ કરોડ રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સની ૨૯ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે એક સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૧૦૬ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૩૪૭ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૬૦૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૫ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૯૮ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૩ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૨૭૭ સ્ટોક્સને ઉપલી જ્યારે ૨૦૩ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

## નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીએ ₹ ૧૩ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એકંદરે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહી હતી. તેમ જ આજે મુખ્યત્વે નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૩ ઘટી આવ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને કોપર આર્મિચરમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. બેનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એકમાત્ર કોપર વાયરબારમાં વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બે વધી આવ્યા હતા. ધાતુના મુખ્ય આયાતકાર દેશ ચીન આર્થિક વૃદ્ધિને ટેકો આપવા સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરે તેવા આશાવાદ સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ટનદીઠ ૯૫૩૦.૭૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ ધીમો સુધારો જોવા મળ્યો હતો.

વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એકંદરે કામકાજો પાંખાં રહ્યા હતા. જેમાં મુખ્યત્વે નિકલ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૩૪૨ અને રૂ. ત્રણ ઘટીને રૂ. ૨૪૧ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૮૧૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર કોપર વાયરબારમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૮૮૭ના મથાળે રહ્યા હતા.

## રૂપિયો મજબૂત થતાં વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૪૫ની નરમાઈ, ચાંદી ₹ ૩૯૦ વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના રાજકોષીય સ્થિતિની ચિંતા અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદાના ભાવમાં એક ટકા જેટલો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે ચાંદીમાં વધ્યા મથાળેથી ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં વિશ્વ બજાર પાછળ ચાંદીમાં કિલોદીઠ રૂ. ૩૯૦નો સુધારો આવ્યો હતો, જ્યારે સોનામાં ખાસ કરીને સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૬૬ પૈસાનો ઉછાળો આવ્યો હોવાથી આયાત પડતરો ઘટવાને કારણે વિશ્વ બજારથી વિપરીત ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે વેરા રહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૯૦ના સુધારા સાથે રૂ. ૯૬,૯૦૯ના મથાળે રહ્યા હતા. જોકે, રૂપિયાની મજબૂતાઈ અને ઊંચા મથાળેથી માગ નિરસ રહેતાં સોનામાં વિશ્વ બજારથી વિપરીત ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫ ઘટીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૫,૦૮૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૫,૪૭૧ના મથાળે રહ્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહી હતી.

એકંદરે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ૧૬ અબજ ડૉલરના અમેરિકી ૨૦ વર્ષીય બૉન્ડના વેચાણનો નબળો પ્રતિસાદ મળ્યો હોવાથી અમેરિકાના રાજકોષીય ભવિષ્યની ચિંતા વચ્ચે આજે લંડન ખાતે રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ એક ટકો વધીને ઔંસદીઠ ૩૩૨૫.૪૭ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૯ ટકા વધીને ૩૩૨૫.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં દોઢ મહિનાનો સૌથી મોટો ચાર ટકાનો ઉછાળો આવી ગયો છે, જ્યારે ડૉલરમાં સાપ્તાહિક ધોરણે એક ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૩૩.૦૭ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા.

વર્તમાન સપ્તાહમાં ખાસ કરીને મૂડીઝ દ્વારા અમેરિકાનાં ક્રેડિટ રેટિંગમાં ઘટાડો કરવામાં આવતા અમેરિકાની રાજકોષીય સ્થિતિની ચિંતા અને અમેરિકી અસ્ક્યામતોમાં રોકાણકારોનો નિરુત્સાહ રહેતાં સોનું રોકાણકારોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હોવાનું કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું. હાલમાં નાણાકીય બજારોમાં અમેરિકી ટૅરિફ અને દેવાની ચિંતા ઉપરાંત મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવ બજારોને ધમરોળતા હોવાથી સોનું ઔંસદીઠ ૩૦૦૦ ડૉલરની સપાટી જાળવી રાખે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

રિપબ્લિકન પક્ષની બહુમતી ધરાવતા યુએસ હાઉસમાં ગઈકાલે ડૉનલ્ડ ટ્રમ્પનું સ્વીપિંગ ટૅક્સ (વ્યાપક વેરા) અને સ્પેન્ડિંગ (ખર્ચ)નું બિલ પસાર થઈ ગયું હતું જે આ બિલ ટ્રમ્પનાં પૉલિસીના એજન્ડામાં હતું અને તેને કારણે દેવામાં ટ્રિલિયન ડૉલર કરતાં વધુ માત્રામાં વધારો થશે. ટ્રમ્પ દ્વારા આ બિલને નબિગ બ્યુટીફુલ બિલથ નામ આપવામાં આવ્યું છે. હવે આ બિલ સંસદ (સેનેટ)માં જશે. જેમાં રિપબ્લિકન પક્ષની બહુમતી ૫૩:૪૭ની સરાસરીમાં છે.

વધુમાં ગઈકાલે ઈરાનના વિદેશ પ્રધાને અમેરિકાને ચેતવણી આપી હતી કે ઈરાનની પરમાણુ સુવિધાઓ પર ઈઝરાયલના કોઈપણ હુમલા અમેરિકાની કાયદેસરની જવાબદારી રહેશે. ઈરાનની આ ચેતવણીને કારણે પણ સોનાની તેજીને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**અનલોડિંગ અને લોડિંગ, સર્વિસિંગ કામ**

ડે. ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (૫), પશ્ચિમી રેલવે, કેરેજ રિપેર વર્કશોપ, N. M. જોષી માર્ગ. લોઅર પરેલ, મુંબઈ-૧૩. ટેન્ડર નોટીસ નં.: EL/WA/PL/૨૦૨૪-૨૫/૨૭R, તારીખઃ ૧૬.૦૫.૨૦૨૫ મંગાવે છે. કામનું નામઃ રેટની પરિશિષ્ટ કામના સ્કોપ મુજબ પાવર કાર ફ્યૂલ ટેન્કનું અનલોડિંગ, લોકિંગ, સર્વિસિંગ અને ઓવરહોલિંગ (SS-૨). કામની અંદાજિત કિંમતઃ ₹ ૨૩,૯૫,૪૦૦. બારડીઃ ₹ ૪૭,૯૦૦/-. સુપ્રતિ માટે છેલ્લી તારીખ અને સમયઃ ૦૯.૦૬.૨૦૨૫, ૧૨.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૦૯.૦૬.૨૦૨૫ના ૧૨.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0177

અમને લાઈક કરો : facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**ચોમાસા પહેલાની સફાઈ અને જાળવણી કામ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે ૬ઠ્ઠો માળ, એન્જિ. ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૪૦૦૦૦૮. ઈ-ટેન્ડર નોટીસ નં.: BCT/૨૫-૨૬/૫૭, તારીખઃ ૧૯.૦૫.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ સાંતાક્રુઝથી વિરાર - વર્ષ ૨૦૨૫ માટે SSE/W-૨/બોરીવલીના અધિકારક્ષેત્ર હેઠળ ૧૨૦ દિવસોની મુદત માટે વેલી ગટર પ્લેટફોર્મ COPનું ચોમાસા પહેલાની સફાઈ અને જાળવણી કામ. કામની અંદાજિત કિંમતઃ ₹ ૧૨,૩૯,૨૩૯.૮૨. બારડીઃ ₹ ૨૪,૮૦૦/-. સુપ્રતિની તારીખ અને સમયઃ ૧૦.૦૬.૨૦૨૫ ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૧૦.૦૬.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0173

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


## પાંખાં કામકાજો વચ્ચે દેશી તેલમાં મિશ્ર વલણ, આયાતી તેલ ટકેલા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ સાત રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૭૨ સેન્ટ ઘટી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. આમ આજે વૈશ્વિક મિશ્ર અહેવાલ તેમ જ હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલો તેમ જ સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો અને સરસવમાં રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૧૦ અને રૂ. ૧૨૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦ અને એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫થી ૧૨૪૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે ગોકુલ એગ્રોની સોયા રિફાઈન્ડના મે કોન્ટ્રાક્ટમાં બાયબેકમાં રૂ. ૧૨૧૧ના મથાળે લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સિંગતેલના રૂ.૧૪૧૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સરસવના રૂ. ૧૪૨૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં સ્થાનિક, દેશાવરો તથા સ્ટોકિસ્ટોની માગ જળવાઈ રહેતા તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૭૫માં ટકેલા ધોરણે થયા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૭૫૦૦ ગૂણી મગફળીની આવક હતી તેમ જ રાજકોટની મંડીમાં ગઈકાલની શેષ પાંચ હજાર ગૂણી મગફળીના વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૮૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## જીએસટીના દરમાં તર્કસંગતતા અને ભવિષ્યમાં સેસ વળતર જેવા મુદ્દા માટે કાઉન્સિલની બેઠક ટૂંક સમયમાં

નવી દિલ્હીઃ જીએસટી કાઉન્સિલની બેઠક આગામી ટૂંકા સમયગાળામાં મળશે. જેમાં મુખ્યત્વે જીએસટીના દરનાં સરળીકરણ તથા તર્કસંગતતા અને સેસનાં વળતરનાં ભાવી અંગે ચર્ચા કરવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

જીએસટીની કાઉન્સિલની આગામી બેઠકમાં જીએસટીનાં સરળીકરણ માટેનાં મુખ્યત્વે ત્રણથી ચાર મુદ્દાઓ પર ચર્ચા થશે. અમે સેસનાં વળતર (કોમ્પેન્સેશન સેસ), દરની તર્કસંગતતા અને સરળીકરણ જેવા મુદ્દા હાથ ધરશું, એમ સૂત્રોએ ઉમેર્યું હતું.

ગત ડિસેમ્બર મહિનામાં જીએસટી કાઉન્સિલની બેઠક કેન્દ્રિય નાણાં પ્રધાનની અધ્યક્ષતા હેઠળ અને રાજ્યકક્ષાના નાણાં પ્રધાનો સાથે યોજાઈ હતી. જેમાં ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સ (જીઓએમ)ના દરની તર્કસંગતતા અને સ્વાસ્થ્ય તથા જીવન વીમા પરનાં જીએસટીના દરમાં ઘટાડો કરવાના અંગેનો અહેવાલ નહોતો લેવામાં આવ્યો.

બે ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સ જીએસટીના દરમાં ઘટાડો કરવાની અને અમુક કેટેગરીમાં દરમાંથી માફી આપવાની ભલામણ કરી હતી. જોકે, તેનો અંતિમ રિપોર્ટ જીએસટી કાઉન્સિલને સુપ્રત કરવાનો બાકી છે.

વધુમાં રાજ્ય કક્ષાનાં નાણાં પ્રધાન પંકજ ચૌધરીનાં વડપણ હેઠળના કોમ્પેન્સેશન સેસ પરનાં ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સ માર્ચ, ૨૦૨૬ પછીના કોમ્પેન્સેશન સેસ પર ધ્યાન રાખી રહ્યું છે. હાલમાં આ સેસ લક્ઝરી અને હાનીકારક હોય તેવી વસ્તુઓ પર લાદવામાં આવી રહી છે, પરંતુ તેનો ઉપયોગ ફક્ત કોવિડની મહામારીનાં સંજોગોમાં લેવામાં આવેલી લોન ચૂકવવા માટે થઈ રહ્યો છે. જેથી રાજ્યોને જીએસટીની આવકમાં થયેલા નુકસાન સરભર થઈ શકે. હવે ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સ સેસમાંથી મળેલી આવકને કયા સ્વરૂપમાં જાળવી રાખવી અને તેને કેન્દ્ર તથા રાજ્યો વચ્ચે કેવી રીતે વિભાજીત કરવી તે અંગે અભ્યાસ હાથ ધરી રહ્યું છે.

## ડૉલર સામે રૂપિયામાં ત્રણ સત્રના ધોવાણને બ્રેક, ૫૦ પૈસાનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં ૦.૬૦ ટકાનો તિવ્ર ઘટાડો અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડો થવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં સતત ત્રણ સત્રથી થઈ રહેલા ધોવાણને બ્રેક લાગી હતી અને રૂપિયો ૫૦ પૈસા ઊછળીને ૮૫.૪૫ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૦૪૫.૩૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા રૂપિયામાં સત્ર દરમિયાન જોવા મળેલો ૮૫ પૈસાનો સુધારો અમુક અંશે ધોવાઈ ગયો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે છેલ્લાં ત્રણ સત્રમાં ડૉલર સામે રૂપિયો ૫૩ પૈસા ગબડી ગયો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૯૫ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૫.૯૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૧૦ અને ઉપરમાં ૮૫.૧૧ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૫૦ પૈસા વધીને ૮૫.૪૫ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે રૂપિયો ૩૬ પૈસા તૂટ્યો હતો. તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ તથા વૈશ્વિક સ્તરે જોખમી પરિબળોને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહે તેમ જણાય છે. જોકે, વિદેશી રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ અને માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં લેવાલી રૂપિયામાં સુધારો મર્યાદિત રાખી શકે છે, એમ મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૫થી ૮૫.૭૦ આસપાસની રહી શકે છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૬૦ ટકા ઘટીને ૯૯.૩૬ આસપાસ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૨ ટકા ઘટીને બેરલદીઠ ૬૪.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૬૯.૦૯ પૉઈન્ટનો અને ૨૪૩.૪૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. તેમ છતાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૦૪૫.૩૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી સુધારો સિમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


**પબ્લિક નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે ફ્લેટ નં. ૫૦૧, લવ કુશ, ૫મો ગુલ મોહર રોડ, J.V.P.D. સ્કીમ, મુંબઈ-૪૯ ખાતે તેમનું સરનામું ધરાવનાર (૧) શ્રી રાજીવ નીલકંઠ સાલકર અને (૨) શ્રીમતી સ્મિતા રાજીવ સાલકર, બંને પુખ્ત વયના, ભારતીય રહેવાસી, તમામ બોજાઓ, ગીરો, લિટીગેશનથી મુક્તપણે અને માર્કેટેબલ ટાઈટલ સાથે મારા અસિલને નીચે દર્શાવેલ ફ્લેટ પ્રિમાઈસિસ વેચવા અને/અથવા ટ્રાન્સફર કરવા સંમત થયા છે.

કોઈપણ શખ્સ/સો જે સદર ફ્લેટ કે તેના કોઈપણ ભાગની સામે વેચાણ, અસાઈમેન્ટ, અદલાબદલી, વ્યવસ્થા, ગીરો, ઈક્વિટેબલ ગીરો, ભેટ, ટ્રસ્ટ, વારસો, બિક્વેસ્ટ, લીઝ, સબ-લિઝ, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લાયસન્સ, કબજો, લીઅન, ચાર્જ, જાળવણી, અને/અથવા સદર ફ્લેટની બાબતમાં અસલ ટાઈટલ ડીડસના કબજામાં કોઈપણ શખ્સો અથવા બીજી કોઈપણ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો, આથી સદરની જાણ લેખિતમાં તેના દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને તેમની ઓફિસ, ઓફિસ નં. ૨૦૫ (૨૨A), ૨જો માળ, સર યુસુફ બિલ્ડીંગ કોન્ડોમિનિયમ, વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે આ તારીખથી ૧૪ દિવસમાં કરે, નહીંતર, વેચાણ અને/અથવા ટ્રાન્સફર આવા દાવા અથવા હિતના કોઈપણ સંદર્ભ વિના પૂર્ણ કરવામાં આવશે અને જો કોઈ હોય તો, તમામ હેતુ અને ઉદ્દેશ્ય માટે ત્યજી દિધેલ તરીકે હોવાનું માનવામાં આવશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટઃ**

મુંબઈ શહેર અને મુંબઈ પરાંના નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લામાં વિલે પાર્લે, તાલુકા અંધેરી નં. ૧૭, C.T.S. નં. ૧૪-A/૭ ધરાવતા પ્લોટ પર ઉભેલ અને ભરતમાં ૨૩૦૦ ચો.ફૂટ અને ૫મો ગુલ મોહર રોડ, J.V.P.D. સ્કીમ, મુંબઈ-૪૯ ખાતે આવેલ 'લવ કુશ' તરીકે જાણીતી બિલ્ડીંગના ૫મા માળ ઉપર ફ્લેટ નં. ૫૦૧.

આજ તારીખ ૨૪મી મે, ૨૦૨૫

(શ્રી ધીરેન એચ. શાહ)
એડવોકેટ & સોલીસિટર
૨૦૫ (૨૨A), ૨જો માળ,
સર યુસુફ બિલ્ડીંગ
કોન્ડોમિનિયમ,
વિર નરીમન રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૧.


## ભારતીય મ્યુચ્યુઅલ ફંડની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ વધીને ₹ ૭૦ ટ્રિલિયન

કોલકાતાઃ ગત માર્ચ, ૨૦૨૫ના અંતે ભારતીય મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) વર્ષાનુવર્ષ ધોરણે ૨૨.૫ ટકા વધીને રૂ. ૭૦ ટ્રિલિયનની સપાટીએ રહી હોવાનું ઈક્રા એનાલિટીક્સે જણાવ્યું છે.

ઈક્રા એનાલિટિક્સે એક યાદીમાં જણાવ્યું હતું કે એપ્રિલ, ૨૦૨૫માં ઈન્ડેક્સ ફંડ, અને એક્સચેન્જ ટ્રેડેડ ફંડ જેવી ઓપન એન્ડેડ સ્કીમોની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટમાં સૌથી વધુ ૨૩.૮૦ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી, ત્યાર બાદ ઓપન એન્ડેડ ઈક્વિટી ફંડોની એયુએમમાં વૃદ્ધિ જોવા મળી છે. વધુમાં યાદીમાં ઉમેર્યું હતું કે એપ્રિલ, ૨૦૨૫માં ફોલિયોની સંખ્યામાં ૩૦.૨૧ ટકાનો વધારો થયો હતો. જોકે, ડેબ્ટ ઓરિયેન્ટેડ સ્કીમોમાં ફોલિયોની સંખ્યામાં ૧.૧૫ ટકાનો ઘટાડો થયો હતો. તેમ જ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં આંતરપ્રવાહ રૂ. ૨૪,૨૬૯ કરોડનો રહ્યો હતો, જે મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં રોકાણકારોનો વિશ્વાસ દર્શાવે છે. આ સિવાય એપ્રિલ, ૨૦૨૫માં આઉટસ્ટેન્ડિંગ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાનની સંખ્યા પાંચ ટકાના દરે વધીને ૯૧૪.૪૧ લાખની સપાટીએ રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.


## ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૬થી ૩૯૮૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૦૭૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૦થી ૩૮૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૬૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

## હેલ્થકેર સિવાયના તમામ સેકટરલ ઈન્ડેકસમાં સુધારો, માર્કેટ કૅપ ₹ ૨.૯૦ લાખ કરોડ વધ્યું

મુંબઈઃ સેક્ટરલ ઈન્ડેક્સમાં એકમાત્ર હેલ્થકેર ૦.૦૧ ટકા ઘટ્યો હતો. અન્ય બધા ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં મુખ્યત્વે બીએસઈ એફએમસીજી ૧.૪૯ ટકા, યુટિલિટીઝ ૧.૦૨ ટકા, પાવર ૧.૦૧ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૯૯ ટકા, બેન્કેક્સ ૦.૯૯ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૯૪ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૮૯ ટકા, આઈટી ૦.૮૮ ટકા, એનર્જી ૦.૮૨ ટકા, ટેક ૦.૬૭ ટકા અને મેટલ ૦.૫૬ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈટર્નલ ૩.૬૦ ટકા, પાવર ગ્રીડ ૨.૪૨ ટકા, આઈટીસી ૨.૩૯ ટકા, નેસ્લે ૨.૧૪ ટકા, બજાજ ફિનસર્વ ૨.૦૯ ટકા, એક્સિસ બેન્ક ૧.૮૭ ટકા વધ્યા હતા.

**નોટિફિકેશન**

**TADKની બદલીમાં એટેન્ડન્ટની ભરતીનો કોન્ટ્રાક્ટ**

જગજીવનરામ હોસ્પિટલ (JRH), મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ, પશ્ચિમી રેલવે રસ ધરાવતા પક્ષો પાસેથી આમંત્રણ ઓફર્સ ટેન્ડર નોટિસ નં.: MD-JRH-TADK-૧૪, તા. ૧૩.૦૫.૨૦૨૫ મંગાવે છે. કામનું નામઃ ૦૨ વર્ષ માટે JRH ઓફિસ માટે TADKની બદલીમાં અટેન્ડન્ટની ભરતીનો કોન્ટ્રાક્ટ. કામની અંદાજિત કિંમતઃ ₹ ૧,૨૪,૯૯,૨૦૦/-. (તમામ સહિત). બારડીઃ ₹ ૨૫,૦૦૦/- પૂર્ણતાનો સમયગાળોઃ ૨૪ મહિના. બંધ થવાની તારીખ અને સમયઃ ૦૯.૦૬.૨૦૨૫ ૧૫.૦૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in

0179

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

# ફડણવીસ સરકારમાં ભુજબળને મળ્યું મુંડેનું ખાતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એનસીપીના સિનિયર નેતા છગન ભુજબળને દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની મહારાષ્ટ્ર સરકારમાં પ્રધાન બનાવવામાં આવ્યા તેના બે દિવસ પછી રાજ્યના અન્ન અને નાગરી પુરવઠા ખાતાનું પ્રધાનપદું સોંપવામાં આવ્યું છે. અહીં ઉલ્લેખનીય છે કે ૭૭ વર્ષીય છગન ભુજબળ એનસીપીના બીડના નેતા ધનંજય મુંડેના રિક્ત પડેલા સ્થાન પર કેબિનેટમાં આવ્યા છે અને હવે તેમને ધનંજય મુંડેનું જ ખાતું આપવામાં આવ્યું છે. ભુજબળની રાજકારણમાં મોટી એન્ટ્રી માનવામાં આવી રહી છે. ડિસેમ્બરમાં તેમને

(જુઓ પાનું ૪) ▸▸

### હું ભાજપનો નહીં, એનસીપીનો પ્રધાનઃ ભુજબળ

છગન ભુજબળે કહ્યું હતું કે પ્રધાનમંડળમાં સમાવેશમાં ભાજપનું મોટું યોગદાન હતું. ફડણવીસે કેબિનેટમાં મારા સમાવેશ માટે આગ્રહ રાખ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પણ મારા માટે પ્રયાસ કર્યા હતા, પરંતુ અગાઉ એ શક્ય બન્યું નહોતું. આમ છતાં હું સ્પષ્ટ કરવા માગું છું કે હું ભાજપનો પ્રધાન નથી, એનસીપીનો પ્રધાન છું. એનસીપી નક્કી કરશે કે કોને પ્રધાન બનાવવા, મુખ્ય પ્રધાન તો ફક્ત સૂચન કરી શકે.



**મુંબઈ-થાણે યલો અલર્ટ:** મુંબઈ-થાણે માટે હવે યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યો છે ત્યારે શુક્રવારે ફક્ત વાદળિયું વાતાવરણ રહ્યું હતું. (અમય ખરાડે)

# હવે સાતમી જૂન પહેલાં નાળાસફાઈ પૂર્ણ કરવાનો નિર્દેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ શહેર અને ઉપનગરોમાં તમામ નાળાની સફાઈના કામો ચાલી રહ્યા છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મ્યુનિસિપલ વહીવટીતંત્રને ૭ જૂન સુધીમાં કામ પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે, ગટરમાંથી કાઢવામાં આવેલો ગાળ ૪૮ કલાકની અંદર દૂર કરવામાં આવે અને જણાવ્યું હતું કે જે અધિકારીઓ સમયસર કામ પૂર્ણ નહીં કરે અને ગટરની સફાઈના કામમાં બેદરકારી દાખવશે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

એકનાથ શિંદેએ બપોરે ૨ વાગ્યાની આસપાસ ગટર સફાઈ કાર્યનું નિરીક્ષણ શરૂ કર્યું. તેમણે ઉષા નગર, ભાંડુપમાં ઉષા કોમ્પ્લેક્સ, વડાલામાં નેહરુ નગર નાળા અને દાદરમાં ધારાવી ટી જંકશન નજીક નાળાની સફાઈનું નિરીક્ષણ કર્યું. નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ જણાવ્યું હતું કે વરસાદ સમયસર શરૂ થયો હોવા છતાં નાળાની સફાઈ સમયસર પૂર્ણ કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. અત્યાર સુધીમાં, ૮૫ ટકા મોટા નાળા અને ૬૫ ટકા નાના નાળા સાફ થઈ ગયા છે, અને હજુ ૧૫ દિવસ બાકી

(જુઓ પાનું ૪) ▸▸

**જેલમાંથી કોર્ટમાં લવાયેલા આરોપીને છૂટો મૂક્યો**

# મિત્ર સાથે બાઈક પર જઈ રાજકીય પક્ષના પદાધિકારીને ધમકી આપી

મુંબઈ: ડ્રગ્સના કેસમાં સુનાવણી માટે જેલમાંથી સેશન્સ કોર્ટમાં લવાયેલા આરોપીએ છેક આગ્રીપાડા પહોંચી રાજકીય પક્ષના પદાધિકારીને ધમકી આપી હોવાની આંચકાજનક ઘટના સામે આવ્યા બાદ બે પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ ફરજ ચૂક બદલ પોલીસ કોન્સ્ટેબલ અમોલ સર્કલે અને સંદીપ સૂર્યવંશીને શુક્રવારે તાત્કાલિક સસ્પેન્ડ કરવાનો આદેશ અપાયો હતો. સર્કલે છેલ્લાં પાંચ વર્ષથી લોકલ આર્મ્સ (એલએ) વિભાગમાં ફરજ બજાવે છે, જ્યારે સૂર્યવંશી પણ ત્યાં જ છેલ્લા આઠ મહિનાથી કાર્યરત છે.

બન્ને કોન્સ્ટેબલ વિરુદ્ધ ડેપ્યુટી પોલીસ

(જુઓ પાનું ૪) ▸▸

# પાલઘરમાં હવે લાંબા અંતરની બે ટ્રેનને હોલ્ટ

મુંબઈ: છેલ્લા કેટલાક વર્ષોથી પશ્ચિમ રેલવેના મુસાફરો દ્વારા લાંબા અંતરની ટ્રેનોને પાલઘર સ્ટેશન પર ઊભી રાખવાની માગણી કરવામાં આવી રહી હતી. મુસાફરોની માગણીને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલવે પરની બે લાંબા અંતરની ટ્રેનોને પાલઘર રેલવે સ્ટેશન પર વધારાનો સ્ટોપ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આનાથી પાલઘરના મુસાફરોને રાહત મળી છે.

પશ્ચિમ રેલ્વે દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર બાંદ્રા ટર્મિનસ-ભુજ કચ્છ એક્સપ્રેસ, ટ્રેન નંબર ૨૨૯૫૫/ ૨૨૯૫૬ અને દાદર-બિકાનેર એક્સપ્રેસ, ટ્રેન નંબર ૧૨૪૯૦ / ૧૨૪૮૯ આ બંને ટ્રેનોને પ્રાયોગિક ધોરણે પાલઘર સ્ટેશન પર હોલ્ટ રાખવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવેના બાંદ્રા ટર્મિનસથી ઉપડતી ટ્રેન નંબર ૨૨૯૫૫ બાંદ્રા ટર્મિનસ - ભુજ કચ્છ એક્સપ્રેસ પાલઘર સ્ટેશન પર સાંજે સાત વાગ્યે પહોંચશે અને સાંજે ૭.૦૨ વાગે ઉપડશે. આમ ટ્રેન પાલઘર સ્ટેશન પર બે મિનિટ માટે ઉભી રહેશે. તેવી જ રીતે, ભુજથી ઉપડતી ટ્રેન નંબર ૨૨૯૫૬ ભુજ-બાંદ્રા ટર્મિનસ કચ્છ એક્સપ્રેસ

(જુઓ પાનું ૪) ▸▸

# રસ્તાના કામ પૂરા કરવા સિનિયર એન્જિનિયરો પર દબાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રસ્તાના કોંક્રીટાઈઝેશનના કામની ૩૧ મેની મુદત પૂરી થવા માટે માત્ર એક અઠવાડિયાનો સમય બાકી રહ્યો છે ત્યારે પાલિકાના અધિકારીઓને સમયસર કામ પૂરું કરવાનું દબાણ છે. રોડ ડિપાર્ટમેન્ટના સિનિયર એન્જિનિયરોને ફિલ્ડ રિવ્યુ કરવા અને સબ એન્જિનિયરોને સાઈટ પર જઈને માર્ગદર્શન આપવાની સૂચના આપવામાં આવી છે. કૉન્ટ્રેક્ટરો ડેડલાઈનમાં કામ પૂરું કરવામાં નિષ્ફળ ગયા તો બીજા કૉન્ટ્રેક્ટર પાસેથી ડામર નખાવીને રસ્તાનું કામ પૂરું કરવાનો અને તેનો ખર્ચ સંબંધિત કૉન્ટ્રેક્ટર પાસેથી બમણા દંડના સ્વરૂપમાં વસૂલ કરવાનો

(જુઓ પાનું ૪) ▸▸

**વૈષ્ણવી આત્મહત્યા કેસ**

# એનસીપીના ભૂતપૂર્વ નેતા રાજેન્દ્ર હગવણે, પુત્રની ધરપકડ

પુણે: પુણેમાં દહેજ માટે અપાતા ત્રાસથી કંટાળીને પુત્રવધૂ વૈષ્ણવીએ આત્મહત્યા કર્યા બાદ ફરાર થયેલા અજિત પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસના ભૂતપૂર્વ નેતા રાજેન્દ્ર હગવણે અને તેના પુત્રની શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

રાજેન્દ્ર હગવણે અને તેના પુત્ર સુશિલને પુણેના સ્વારગેટ વિસ્તારમાંથી તાબામાં લેવામાં આવ્યા હતા. તેઓ

(જુઓ પાનું ૪) ▸▸

# ગઢચિરોલીમાં ચાર નક્સલવાદી ઠાર

મુંબઈ: ગઢચિરોલી જિલ્લામાં માથે ૩૬ લાખ રૂપિયાનું ઇનામ ધરાવતા પાંચ નક્સલવાદીને પકડી પાડવામાં આવ્યાના ત્રણ દિવસ બાદ પોલીસના સી-૬૦ કમાન્ડો અને સીઆરપીએફના જવાનોએ જોઇન્ટ ઓપરેશન હાથ ધરીને ચાર નક્સલવાદીઓને એન્કાઉન્ટરમાં ઠાર કર્યા હતા. ઘટનાસ્થળેથી હથિયારો, વોકી ટોકી તથા અન્ય મતા જપ્ત કરવામાં આવી હોઇ પોલીસ હવે ભાગી છૂટેલા અન્ય નક્સલવાદીઓની શોધ ચલાવી રહી છે.

મહારાષ્ટ્ર-છત્તીસગઢ સીમા પર પોસ્ટે કવંડેની હદમાં કેટલાક નક્સલવાદીઓ પોલીસ જવાનો પર હુમલો કરવાને ઇરાદે એકઠા થયા હોવાની માહિતી મળ્યા બાદ એડિશનલ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ એમ. રમેશના નેતૃત્વ હેઠળ પોલીસના સ્પેશિયલ સી-૬૦ કમાન્ડોની ૧૨ ટીમ (૩૦૦ કમાન્ડો) અને સીઆરપીએફના જવાનોને ગુરુવારે બપોરના મુશળધાર વરસાદ વચ્ચે કવંડે તથા નેલગુંડાથી ઇન્દ્રાવતી નદીના કાંઠા નજીકના વિસ્તારમાં રવાના કરાયા હતા.

દરમિયાન શુક્રવારે સવારે ઉપરોક્ત વિસ્તારને ઘેરી લીધા બાદ પોલીસ દ્વારા સર્ચ ઑપરેશન હાથ ધરવામાં આવી રહ્યું હતું ત્યારે નક્સલવાદીઓએ સી-૬૦ કમાન્ડો પર અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો (જુઓ પાનું ૪) ▸▸

# આજે પશ્ચિમ રેલવેમાં નાઈટ બ્લૉક રવિવારે કોઇ બ્લૉક નહીં

મુંબઈ: પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે રવિવારનો મેગા બ્લૉક રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેના બદલે શનિવારે રાતે બ્લૉક લેવામાં આવશે.

પશ્ચિમ રેલવે દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, શનિવારે ભાયંદર-બોરીવલી સ્ટેશનો વચ્ચે અપ-ફાસ્ટ લાઇન પર રાતે ૧૧.૩૦ થી સવારે ૩ વાગ્યા સુધી ૩.૩૦ કલાકનો બ્લૉક લાદવામાં આવશે. ભાયંદર અને બોરીવલી સ્ટેશનો વચ્ચે ડાઉન ફાસ્ટ લાઇન પર શનિવારે રાતે ૧.૧૫ વાગ્યાથી સવારે ૪.૪૫ વાગ્યા સુધી ૩.૩૦ કલાકનો બ્લૉક રાખવામાં આવશે. બ્લૉક સમયગાળા દરમિયાન, વિરાર/વસઈ રોડ અને બોરીવલી સ્ટેશનો વચ્ચેની બધી ફાસ્ટ લાઇન લોકલ ટ્રેનોને સ્લો લાઇન પર વાળવામાં આવશે. તેથી બ્લૉક સમયગાળા દરમિયાન કેટલીક લોકલ ટ્રેનો રદ કરવામાં આવશે. રવિવારે પશ્ચિમ રેલવે પર દિવસ દરમિયાન બ્લૉક ન હોવાથી મુસાફરો અવિરત મુસાફરી કરી શકશે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

**સલમાનના ઘરમાં ઘૂસવાની બબ્બે ઘટના પછી...**

# બિલ્ડિંગમાં અવરજવર કરનારાઓ પર રહેશે ચાંપતી નજર

મુંબઈ: વાય-પ્લસ સિક્યોરિટી છતાં બોલીવૂડના સુપરસ્ટાર સલમાન ખાનના ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કરનારાં યુવક-યુવતીમાંથી યુવતી છેક અભિનેતાના ઘર સુધી પહોંચી જતાં આ ઘટનાને પોલીસે ગંભીરતાથી લીધી છે. સલમાન રહે છે એ બાન્દ્રાના ગૅલેક્સી એપાર્ટમેન્ટની સુરક્ષાવ્યવસ્થામાં સુધારો કરી

(જુઓ પાનું ૪) ▸▸


# અંધેરીથી બાન્દ્રાનું રિક્ષા ભાડું ૯૦ હજાર રૂપિયા!

**ચશ્માં ભૂલી ગયેલા પ્રવાસીના મોબાઈલમાંથી રિક્ષા ડ્રાઈવરે આટલી રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી**

મુંબઈ: અંધેરીમાં પાર્ટી કર્યા બાદ રિક્ષામાં બાન્દ્રા જનારા યુવાને ૯૦ હજાર રૂપિયા ગુમાવવા પડ્યા હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ હતી. ચશ્માં ભૂલી ગયેલા યુવાનને મોબાઈલમાં આંકડા જોવામાં તકલીફ થતી હોવાથી વિશ્વાસ રાખી રિક્ષા ડ્રાઈવરને મોબાઈલ સોંપ્યો હતો, પણ ડ્રાઈવરે ૯૦ હજારથી વધુની રકમ પોતાના બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી.

બાન્દ્રા પશ્ચિમમાં રહેતા ૩૦ વર્ષના યુવાને નોંધાવેલી ફરિયાદને આધારે બાન્દ્રા પોલીસે ગુરુવારે રિક્ષા ડ્રાઈવર મોહમ્મદ ફુરકાન શેખ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ રિક્ષા ડ્રાઈવરની શોધ ચલાવી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર જાણીતી લૉ ફર્મમાં કામ કરતો યુવાન મિત્રો સાથે પાર્ટી કર્યા બાદ ૧૧ એપ્રિલની વહેલી સવારે ઘરે જવા નીકળ્યો હતો. તે સમયે યુવાન તેનાં (જુઓ પાનું ૪) ▸▸




# વધારાની ચાર મીટરની સીડી માટે ₹ ૪૦ કરોડ

**ફાયરબ્રિગેડ માટે સીડી ખરીદીમાં ગેરવ્યવહારનો આક્ષેપ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ ફાયરબ્રિગેડ દ્વારા હાલમાં વાપરવામાં આવેલી રહેલી ૬૪ મીટરની સીડી કરતા માત્ર એક માળ જેટલી ઊંચી એટલે કે ૬૮ મીટર સીડી માટે ૪૦ કરોડ રૂપિયા એક કંપનીને આપવા સામે ભાજપે વિરોધ નોંધાવ્યો છે અને ખરીદીની પ્રક્રિયાની ગેરવ્યવહાર કરવામાં આવ્યો હોવાથી તેની તપાસ કરાવવાની માગણી પણ પાલિકા કમિશનર સમક્ષ કરવામાં આવી છે.

મુંબઈ ફાયરબિગ્રેડ પાસે હાલ ૬૪ મીટર ઊંચાઈની ટર્ન ટેબલ લેડર (સીડી) ઉપલબ્ધ છે. એ સિવાય કટોકટીના સમય માટે બહુમાળીય બિલ્ડિંગના ઉપરના માળ સુધી પહોંચવા માટે ૭૦ મીટર, ૮૧ મીટર અને ૯૦ મીટર ઊંચા હાઈડ્રોલિક પ્લેટફોર્મ બેસાડેલા વાહનો પણ છે. છતાં મુંબઈ મહાનગરપાલિકા (જુઓ પાનું ૪) ▸▸







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**